ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/12-22/છ, તા. 1-3-2016 –થી મંજૂર

# સંસ્કૃત

## ધોરણ 11

**प्रतिज्ञापत्रम्**

भारतं मम देशः ।
सर्वे भारतीयाः मम भ्रातरः भगिन्यः च सन्ति ।
मम मानसे देशस्पृहा अस्ति । समृद्धिसहितं
विविधतापरिपूर्णं तस्य संस्कृतिगौरवम् अनुभवामि ।
अहं सदा तत्पात्रं भवितुं यत्नं करिष्यामि ।
अहं मम पितरौ आचार्यान् गुरुजनान् च प्रति
आदरभावं धारयिष्यामि ।
प्रत्येकेन सह शिष्टव्यवहारं करिष्यामि ।
अहं मम देशाय देशबान्धवेभ्यः च मम निष्ठाम् अर्पयामि ।
तेषां कल्याणे समृद्धौ च एव मम सुखम् अस्ति ।

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382 010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
પ્રા. સુરેશચંદ્ર જ. દવે

**લેખન-સંપાદન**
પ્રા. કમલેશકુમાર છ. ચોકસી (કન્વીનર)
પ્રા. મનસુખ કે. મોલિયા
ડૉ. અમૃત ભોગાયતા
ડૉ. મેહુલ શાહ
શ્રી શૈલેષ ઓઝા
શ્રી એલ. વી. જોશી
શ્રી નરેન્દ્ર રાવલ
શ્રી મિહિર ઉપાધ્યાય

**સમીક્ષા**
પ્રા. શાન્તિકુમાર પંડ્યા
ડૉ. મોહિની આચાર્ય
ડૉ. મહેશ પટેલ
ડૉ. રમેશ પટેલ
ડૉ. મહાકાન્ત જોશી
ડૉ. ગિરિશ સોલંકી
ડૉ. રૂક્સાના ફારૂકી
શ્રી રશ્મિન્ અમીન
શ્રી અજીત ભાલૈયા

**સંયોજન**
શ્રી ક્રિશ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-સંયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 11, સંસ્કૃત** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**ડૉ. નીતિન પેથાણી**
નિયામક — કાર્યવાહક પ્રમુખ
તા.01-03-2016 — ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2016
**પ્રકાશક** : નિયામક, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર
**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે પ્રમાણે રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રિય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રિય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા

## पद्यविभागः


**पूर्वार्धः**

1. वेदामृतम् 1
2. विना वृक्षं गृहं शून्यम् 4
3. वर्षावर्णनम् 8
4. दशकं धर्मलक्षणम् 11
5. भस्मावशेषं मदनं चकार 16

**उत्तरार्धः**

6. उपनिषद्-रससुधा 21
7. नाट्यमेतन्मया कृतम् 25
8. मोहमुद्गरः 28
9. काव्यमधुबिन्दवः 33
10. अनेकार्थसप्तकम् 38


## गद्यविभागः


**पूर्वार्धः**

11. पृथुचरितम् 42
12. किन्तोः कुटिलता 45
13. हनुमद्भीमसेनयोः संवादः 49
14. चतस्रो विद्याः 54
15. ननु वर्णितोऽसि 58

- અભ્યાસ 1 : ન્યાય–પરિચય 83
- અભ્યાસ 2 : અલંકાર–પરિચય 87

**उत्तरार्धः**

16. रज्जुः भस्म भवत्विति 62
17. शकुन्तलाप्रत्याख्यानम् 65
18. किं नाम व्यक्तित्वम् 72
19. होलिकोत्सवः 75
20. अग्र्याणाम् शतमुद्दिष्टम् 79

- અભ્યાસ 3 : છંદ–પરિચય 90
- અભ્યાસ 4 : સંસ્કૃત સાહિત્યનો પરિચય 94


પ્રસ્તુત પુસ્તકના બે ભાગ છે. પ્રથમ ભાગમાં દશ પદ્યાત્મક અને દશ ગદ્યાત્મક - એમ કુલ વીસ પાઠ છે. દ્વિતીય ભાગમાં સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ છે અને તેની અન્તર્ગત 1. ન્યાયપરિચય, 2. અલંકાર પરિચય, 3. છંદ-પરિચય અને 4. સંસ્કૃત સાહિત્યનો પરિચય - એમ વિવિધ વિષયોનો સમાવેશ થાય છે.

પ્રથમ ભાગમાં આવેલા પ્રત્યેક પાઠનાં ચાર સોપાન છે. પ્રથમ સોપાનમાં જે તે પાઠના કર્તૃત્વની નોંધ છે. તે પછી જે તે પાઠની સાહિત્યવિધાની સમજ આપવામાં આવી છે. આ સાથે અહીં પાઠનું વિષયવસ્તુ સંક્ષિપ્ત પણ મુદ્દાસર રીતે મૂક્યું છે અને પાઠના વિષયવસ્તુને શીખવતી વખતે સાહિત્યની જે બાબત સવિશેષરૂપે ધ્યાનમાં રાખવાની છે, તે તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે.

બીજા સોપાનની અન્તર્ગત જે પદ્યાત્મક અને ગદ્યાત્મક પાઠો પસંદ કરવામાં આવ્યા છે, તેમાં વિષયવસ્તુની વિવિધતા ઉપરાંત સાહિત્યવિદ્યાઓની વિવિધતાનો પણ ખ્યાલ રાખવામાં આવ્યો છે. પાઠની પસંદગીમાં ભાષાના સ્તરનું અને નવમા-દસમા ધોરણની વિગત પાઠ્યપુસ્તકનું અનુસંધાન જળવાઈ રહે, તેનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે.

ઉપર્યુક્ત ચારેય સોપાનોમાં પાઠ્યવસ્તુ અને સ્વાધ્યાય એ બે સોપાન મુખ્ય છે અને તે બંને શિક્ષણ અને પરીક્ષણ કાર્ય સાથે સર્વાંશે અને સીધી રીતે જોડાયેલાં છે. આ બે સોપાનનું શિક્ષણ અને પરીક્ષણ સરળ, સઘન, ઉત્તમ અને સફળ બને, તે માટે બાકીનાં બે સોપાનો (પ્રસ્તાવના અને ટિપ્પણ) શિક્ષક તથા વિદ્યાર્થી બંનેને ઉપયોગી થાય, તે રીતે તૈયાર કરીને મૂકવામાં આવ્યાં છે.

શિક્ષક, પરીક્ષક અને વિદ્યાર્થી - એ બધાએ ધ્યાનમાં રાખવાનું છે કે પ્રસ્તાવના અને ટિપ્પણ -એ બે સોપાનો સીધી રીતે શિક્ષણ-પરીક્ષણનો ભાગ બનવાનાં નથી.

આ પાઠ્યપુસ્તકમાં કુલ વીસ પાઠ છે. પ્રથમ દસ પાઠ પદ્યાત્મક છે અને તે પછીના દસ પાઠો ગદ્યાત્મક છે. આ બધા પાઠોનું આયોજન એવી રીતે કરવામાં આવ્યું છે કે જેથી વાર્ષિક પદ્ધતિથી ભણાવવાનું હોય કે સેમેસ્ટર પદ્ધતિથી ભણાવવાનું હોય, બંને રીતે તે ઉપયોગી થઈ શકે. વાર્ષિક પદ્ધતિ પ્રમાણે ભણાવતી વખતે એક પાઠ પદ્યમાંથી અને એક પાઠ ગદ્યમાંથી એમ ક્રમશઃ ભણાવી શકાશે. તે પછી છેલ્લે સંસ્કૃત સાહિત્યના ઇતિહાસના સંદર્ભે ન્યાયાદિને ભણાવવાના રહે છે. એવી જ રીતે જો સેમેસ્ટર પદ્ધતિથી ભણાવાવનું થાય, તો પદ્યવિભાગમાંથી પ્રથમ પાંચ પાઠ અને ગદ્યવિભાગમાંથી પ્રથમ પાંચ પાઠ - એમ દસ પાઠ તથા ન્યાય પરિચય અને અલંકાર - આટલો અંશ પ્રથમ સેમિસ્ટરમાં ભણાવી શકાય. એ પછી શેષ બીજા દસ પાઠ અને છંદ પરિચય તેમજ સંસ્કૃત સાહિત્ય પરિચય - આટલો અંશ દ્વિતીય સેમિસ્ટરમાં ભણાવી શકાય એમ છે.

સમગ્ર પાઠ્યપુસ્તક શિક્ષક અને વિદ્યાર્થી - બંનેને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. શિક્ષક મિત્ર મુખ્ય એવા પાઠ્યવસ્તુનું શિક્ષણ આપવા માટે સંપૂર્ણ રીતે સજ્જ થઈ શકે, તે માટે બધી જ ઉપયોગી સ્પષ્ટતા કરવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. આશા છે આપણે આપણા સહિયારા પુરુષાર્થથી ગુજરાતમાં ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ચાલતા સંસ્કૃતશિક્ષણને વધારે વેગવંતું અને સફળ બનાવી શકીશું.

# 1. वेदामृतम्

[**પ્રસ્તાવના :** વિશ્વસાહિત્યમાં અને જગતનાં પુસ્તકાલયોમાં પ્રાચીનતમ ગ્રંથ વેદ છે. ભારતીય પ્રાચીન પરંપરા મુજબ વેદને અપૌરુષેય માનવામાં આવે છે. અત્યંત પ્રાચીન કાળમાં ઋષિઓને વેદના મંત્રોનું અંતઃકરણમાં દર્શન થયું અને તે રીતે વેદોનો આવિર્ભાવ થયેલો છે.

આ વેદોમાં સમસ્ત માનવસમાજને માટે ઉપયોગી થઈ રહે, તેવા વિધિ અને નિષેધનો ઉપદેશ આપવામાં આવ્યો છે. વિધિ એટલે આવાં આવાં કાર્યો કરવાં જોઈએ એવી આજ્ઞા અને નિષેધ એટલે આવાં આવાં કાર્યો ન કરવાં જોઈએ એવી આજ્ઞા. આ ઉપરાંત આ વિધિ-નિષેધનું સક્ષમ રીતે પાલન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય, તે માટેની કેટલીક પ્રાર્થનાઓ પણ છે. ભાવપૂર્ણ પદાવલિ ધરાવતી આ પ્રાર્થનાઓ માનવની આત્મિક શક્તિને વધારે છે. આ પાઠમાં ક્રમશઃ પ્રાર્થના, સંજ્ઞાન, સંકલ્પ અને ઉદ્‌ઘોષ – એવાં શીર્ષક હેઠળ પાંચ વેદમંત્રોનો સંગ્રહ છે.

પ્રાર્થના શીર્ષકથી આપવામાં આવેલા બે મંત્રોમાં ક્રમશઃ અભય અને ધનની પ્રાપ્તિની પ્રાર્થના છે. સંજ્ઞાન એવા શીર્ષકથી આપવામાં આવેલા મંત્રમાં સંગઠનનું સંજ્ઞાન લેવાનો ઉપદેશ છે. સંકલ્પ એવા શીર્ષક નીચે આપવામાં આવેલા મંત્રમાં માનવીય વર્તનની સંકલ્પના પ્રસ્તુત થઈ છે. જ્યારે ઉદ્‌ઘોષ એવા શીર્ષક સાથે મૂકવામાં આવેલા છેલ્લા મંત્રમાં આત્મવિશ્વાસને પ્રગટ કરતી માનવીય ઉદ્‌ઘોષણા છે.

આ બધા વેદમંત્રોમાં રહેલું ભાવતત્ત્વ સમગ્ર માનવસમાજને આવરી લે છે. એમાં લિંગ, વય કે જાતિ-દેશનો ભેદ ક્યાંય દૃષ્ટિગોચર થતો નથી. ]

- **प्रार्थना**

१. अभयं मित्रादभयममित्रादभयं ज्ञातादभयं परोक्षात् ।
अभयं नक्तमभयं दिवा नः सर्वा आशा मम मित्रं भवन्तु ॥
– अथर्ववेदः काण्डम् 19, सूक्तम् 15, मन्त्रः 6

२. अग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान् ।
युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठान्ते नम उक्तिं विधेम ॥
– यजुर्वेदः अध्यायः 40, मन्त्रः 16

- **संज्ञानम्**

३. समानो मन्त्रः समितिः समानी समानं मनः सह चित्तमेषाम् ।
समानं मन्त्रमभि मन्त्रये वः समानेन वो हविषा जुहोमि ॥
– ऋग्वेदः, मण्डलम् 10, सूक्तम् 108, मन्त्रः 3

- **सङ्कल्पः**

४. सहृदयं साम्मनस्यमविद्वेषं कृणोमि वः ।
अन्यो अन्यमभि हर्यत वत्सं जातमिवाघ्न्या ॥
– अथर्ववेदः काण्डम् 3, सूक्तम् 30, मन्त्रः 1

- **उद्घोषः**

५. अयं मे हस्तो भगवानयं मे भगवत्तरः ।
अयं मे विश्वभेषजोऽयं शिवाभिमर्शनः ॥
– अथर्ववेदः काण्डम् 4, सूक्तम् 13, मन्त्रः 6

## ટિપ્પણી

**( प्रार्थना )** પોતાના પુરુષાર્થ પછી ખુટતી શક્તિ મેળવવાના આશયથી કરવામાં આવતી માગણી, સમર્થ પાસેથી માગવામાં આવતી સહાય **अभयम्** ભય રહિતની અવસ્થા **ज्ञातात् ( ज्ञा + क्त > त क.भू.कृ. )** જે જાણેલું-જ્ઞાત છે, તેનાથી **परोक्षात्** જે નજરે પડતું નથી તેનાથી, આંખોથી પર રહેલી વસ્તુઓથી **नक्तम् ( अ. )** રાતે **दिवा ( अ. )** દિવસે **नः ( अस्मद् द्वि.ब.व. अस्मान् - नः ( वैकल्पिक रूप )** અમને બધાને **आशा** દિશા **अग्ने ( अग्नि पुं. संबो. ए.व. )** હે અગ્નિદેવ **नय ( नी** લઈ જવું **आज्ञा म. पु. ए.व. )** તું લઈ જા **सुपथा ( सुपथिन् तृ. ए.व. )** સારા માર્ગ ઉપરથી **राये** ધનને માટે. **विश्वानि** બધા **वयुनानि** વિવિધ જ્ઞાન, વિવિધ પ્રકારની બુદ્ધિમત્તા **विद्वान्** જાણકાર, વિદ્યાવાન્ **युयोधि** દૂર કરો **अस्मत् ( अस्मद् सर्व. पं. बहु. )** અમારાથી **जुहुराणम्** કુટિલ, બંધનમાં નાખે એવું **एनः ( एनस् नपुं. द्वि. ए.व. )** પાપને **भूयिष्ठाम् उक्तिम्** અતિશય ઉક્તિને, ઘણા વિસ્તૃત કથનને-વચનને **हविषा ( हविस् नपुं. तृ.ए.व. )** હવિ દ્વારા (અગ્નિમાં હોમવામાં આવનારા મુખ્યત્વે વનસ્પતિજન્ય પદાર્થોને હવિ કહે છે.) **मन्त्रः** વિચાર **समितिः** સભા, પરિષદ્ **चित्तम्** ચિત્ત, અંતઃકરણ **मन्त्रये** વિચાર કરતા કરું છું **वः ( युष्मद् द्वि. ब.व. युष्मान्**નું વૈકલ્પિક રૂપ **)** તમને **जुहोमि** હોમ કરું છું, યજ્ઞ કરું છું **( सङ्कल्पः )** મનમાં કરવામાં આવેલો વિચાર, કરવા ધારી રાખેલું કોઈ કાર્ય **सहृदयम्** સમાન હૃદયવાળા, સરખાં હૃદયોથી યુક્ત **साम्मनस्यम्** સમાન મનવાળા **अविद्वेषम्** દ્વેષ વગરનું **कृणोमि** કરું છું, બનાવું છું **अन्यो अन्यम्** (વૈદિક પ્રયોગ હોઈને સંધિનો અભાવ છે.) પરસ્પરને, એકબીજાને **अभिहर्यत** એકબીજાને ચાહતા રહો, એક બીજાને પ્રેમ કરો **वत्सम्** વાછરડાને **अघ्न्या** ગાય **( उद्घोषः )** મનમાં રહેલા ભાવને વૈખરી વાણીથી બહાર કાઢવારૂપ ઘોષણા કરવી **मे ( अस्मद् ष.ए.व. मम**નું વૈકલ્પિક રૂપ **)** મારો **भगवान्** ભાગ્યવાન્, ઐશ્વર્યવાળો **भगवत्तरः** અતિશય ભાગ્યવાન્, અતિશય ઐશ્વર્યવાળો **विश्वभेषजः** બધા વ્યાધિને-રોગોને મટાડવાની ઔષધી, જે બધા રોગોની દવા હોય તેવો **शिवाभिमर्शनः** કલ્યાણકારી સ્પર્શવાળો

## સન્ધિ

मित्रादभयममित्रादभयम् (मित्रात् अभयम् अमित्रात् अभयम्)। ज्ञातादभयम् (ज्ञातात् अभयम्)। सर्वा आशा मम (सर्वाः आशाः मम)। युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठान्ते (युयोधि अस्मत् जुहुराणम् एनः भूयिष्ठां ते)। नम उक्तिम् (नमः उक्तिम्)। समानो मन्त्रः (समानः मन्त्रः)। वो हविषा (वः हविषा)। जातमिवाघ्न्या (जातम् इव अघ्न्या)। हस्तो भगवान् (हस्तः भगवान्)। विश्वभेषजोऽयम् (विश्वभेषजः अयम्)।

## વિશેષ

(પ્રસ્તુત પાઠમાં આવેલા મંત્રોની ઉપર અને નીચે જે રેખાઓ દોરવામાં આવી છે, તે સ્વરનાં ચિહ્નો છે. આવા સ્વર ત્રણ છે : ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. અક્ષરની ઉપર કરવામાં આવેલી ઊભી લીટી ( ।) સ્વરિત સ્વરનું સૂચન કરે છે. અક્ષરની નીચે મૂકવામાં આવેલી આડી લીટી (–) અનુદાત્ત સ્વરનું સૂચન કરે છે. જ્યારે ઉદાત્ત સ્વર માટે કોઈ ચિહ્ન કરવામાં આવતું નથી. આ પ્રકારે થતું સ્વરાંકન વેદમંત્રના ઉચ્ચારણ વખતે ઉપયોગી બને છે અને ક્યારેક જે તે શબ્દનો અર્થ કરવામાં નિર્ણાયક બની રહે છે.) (**ओम् ( अ. )** આ પવિત્ર અને મંગળકારી શબ્દ છે. તેથી દરેક મંત્રના પ્રારંભમાં તેનું ઉચ્ચારણ કરવાની પરમ્પરા છે. આનો અર્થ છે - રક્ષા કરનાર, ઈશ્વર)

**1. अभयम्**

માનવીય સદ્ગુણોમાં અભય સૌથી મહત્ત્વપૂર્ણ છે. ભયરહિત માણસ સૌથી વધારે સુખી છે. સમ્પત્તિના ઢગલા કે ઊંચામાં ઊંચા પદ ઉપર બિરાજેલો માણસ પણ જો ભયસહિતનું જીવન જીવતો હોય, તો તે જીવનને કેવી રીતે સૌભાગ્યશાળી જીવન માની શકાય ? માટે અહીં વેદમંત્રમાં અભય માટે પ્રાર્થના કરવામાં આવી છે.

અભય કેવી રીતે કેળવી શકાય છે અને તેનો લાભ સહુ કોઈને કેવી રીતે મળી શકે છે, તેનો વિચાર કરવો જોઈએ તથા તે વિચાર મુજબની વ્યવસ્થાઓ ગોઠવવી જોઈએ. જો આ પુરુષાર્થ કરવામાં આવે, તો વેદની આ પ્રાર્થના અવશ્ય ફળદાયી થાય છે.

અભયપણાની ચરમસીમા सर्वा आशा मम मित्रं भवन्तु અર્થાત્ બધી દિશાઓ મારી મિત્ર બની રહો, એ પ્રાર્થનાના અંતિમ ચરણમાં રહેલી છે. જો બધી દિશાઓ મિત્ર બની રહે, તો પછી ભયને કોઈ સ્થાન જ રહેતું નથી.

**2. मन्त्रः**

વેદમાં સંગૃહીત પદ્યોને મંત્ર તરીકે ઓળખવામાં આવે છે. (અહીં એ વાત ધ્યાન રાખવા જેવી છે કે વેદ સિવાયનાં સંસ્કૃત પદ્યોને શ્લોક તરીકે ઓળખવામાં આવે છે.) આ મંત્રો કોઈ વ્યક્તિની રચના નથી. જુદા જુદા ઋષિઓએ પોતાના અંતઃકરણમાં આ મંત્રોનું દર્શન કર્યું હતું, એમ મનાય છે.

આ મંત્ર શબ્દનો અર્થ 'વિચાર' છે. વેદના આ મંત્રોમાં પણ જુદા જુદા વિચારો (ક્યારેક પ્રાર્થનારૂપે, તો ક્યારેક વિધિ કે નિષેધરૂપે, તો ક્યારેક અમુક તત્ત્વના દર્શન તરીકે) રજૂ થયા છે.

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) आशाः इत्यस्य पदस्य कोऽर्थः ?

(क) श्रद्धा (ख) विश्वासः (ग) दिशाः (घ) देवता

(2) समानेन वो .............. जुहोमि।

(क) अग्निना (ख) मनसा (ग) चित्तेन (घ) हविषा

(3) कमिव अन्यो अन्यमभिहर्यत ?

(क) वत्सं जातमिव (ख) अजामिव (ग) गामिव (घ) मित्रमिव

(4) अघ्न्या का भवति ?

(क) वत्सा (ख) गौः (ग) माता (घ) पुत्री

(5) विश्वभेषजः कः अस्ति ?

(क) हस्तौ (ख) हस्तः (ग) भगवान् (घ) अयम्

**2. નીચેનાં વાક્યોને સંદર્ભ સાથે માતૃભાષામાં સમજાવો :**

(1) सर्वा आशा मम मित्रं भवन्तु ।

(2) अन्यो अन्यमभि हर्यत वत्सं जातमिवाघ्न्या।

**3. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં ઉત્તર લખો :**

(1) ભક્ત કોના કોનાથી અભયની પ્રાર્થના કરે છે ?

(2) કઈ કઈ બાબતોમાં સમાનતાનું સંજ્ઞાન માનવે કેળવવાનું છે ?

(3) પરસ્પર કોની જેમ સ્નેહ કરવાનો છે ?

(4) માનવીના હાથને મંત્રમાં કેવો બતાવ્યો છે ?

**4. સમીક્ષાત્મક નોંધ લખો :**

समानो मन्त्रः ...........॥ મંત્રમાં પ્રગટ થતો એકાત્મભાવ.

**5. मन्त्रस्य पूर्तिः विधेया ।**

(1) अग्ने नय .............. विधेम ॥

(2) समानो मन्त्रः .............. जुहोमि॥

●

# 2. विना वृक्षं गृहं शून्यम्

[**પ્રસ્તાવના :** મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારતમાં અઢાર પર્વ છે. તેમાંના શાન્તિપર્વના અધ્યાય 184માં ભારદ્વાજ અને ભૃગુનો સંવાદ આવેલો છે. આ સંવાદમાંથી કેટલાંક પદ્યોને પસંદ કરીને અહીં મૂકવામાં આવ્યાં છે. એ પદ્યોમાં પ્રસ્તુત વિષય-વસ્તુનો ઉપસંહાર કરવા માટે છેલ્લે સંપાદિત પદ્યો પણ મૂક્યાં છે અને અંતે સંસ્કૃત સુભાષિત તરીકે જાણીતો એક અન્ય શ્લોક મૂક્યો છે.

મહાભારત એક પ્રકારે તો જ્ઞાનકોષ છે. તેમાં જુદા જુદા સંદર્ભે જુદા જુદા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. શાન્તિપર્વમાં આવતા ભારદ્વાજ અને ભૃગુના આ સંવાદમાં મુખ્યત્વે તો પંચમહાભૂતોના ગુણોનું વિસ્તારપૂર્વક વર્ણન છે. આ વર્ણન દરમિયાન વૃક્ષમાં જીવ છે કે નહિ, એવો પ્રશ્ન ભારદ્વાજ ભૃગુને પૂછે છે. આ પ્રશ્નના ઉત્તરમાં ભૃગુએ જે કહ્યું છે, તે બહુ જ મહત્ત્વનું છે. ભૃગુના એ કથનમાં સ્પષ્ટ રીતે વૃક્ષમાં જીવ હોવાની વાત કરવામાં આવી છે. એ સાથે આ વાતની ખાતરી કરવા માટેના જે તર્ક આપ્યા છે, તેમનું પરીક્ષણ કોઈ પણ જાતની ભૌતિક પ્રક્રિયા કર્યા વગર સહુ કોઈ કરી શકે એમ છે.

ભૃગુના આ તર્કો માનવીય શરીર અને તેમાં ચાલી રહેલી પ્રક્રિયાની (વિશેષતઃ જ્ઞાનેન્દ્રિયોની) આસપાસ ફરે છે. માણસ જેમ પોતાની જુદી જુદી ઇન્દ્રિયોથી જુદા જુદા પ્રકારનાં જ્ઞાન મેળવી લે છે અને તે જ્ઞાન મુજબ વર્તન કરે છે, તેમ વૃક્ષ પણ કરે છે. આ વાત કહીને ભૃગુએ વૃક્ષમાં ચૈતન્ય-જીવ હોવાની માન્યતાને પ્રસ્થાપિત કરી આપી છે. અહીં જે પદ્ય છે, તે બધાં અનુષ્ટુપ્ છંદમાં છે.]

वल्ली वेष्टयते वृक्षं सर्वतश्चैव गच्छति।
न ह्यदृष्टेश्च मार्गोऽस्ति तस्मात् पश्यन्ति पादपाः ॥ १ ॥

पुण्यापुण्यैस्तथा गन्धैर्धूपैश्च विविधैरपि।
अरोगाः पुष्पिताः सन्ति तस्माज्जिघ्रन्ति पादपाः ॥ २ ॥

पादैः सलिलपानाच्च व्याधीनां चापि दर्शनात्।
व्याधिप्रतिक्रियत्वाच्च विद्यते रसनं द्रुमे ॥ ३ ॥

वक्त्रेणोत्पल-नालेन यथोर्ध्वं जलमाददेत्।
तथा पवनसंयुक्तः पादैः पिबति पादपः ॥ ४ ॥

सुखदुःखयोश्च ग्रहणाच्छिन्नस्य च विरोहणात्।
जीवं पश्यामि वृक्षाणामचैतन्यं न विद्यते ॥ ५ ॥

तेन तज्जलमादत्तं जरयत्यग्नि-मारुतौ।
आहारपरिणामाच्च स्नेहो वृद्धिश्च जायते ॥ ६ ॥

एतेषां सर्ववृक्षाणामुच्छेदं न तु कारयेत्।
संवर्धने विशेषेण प्रयतेत ह्यतन्द्रितः ॥ ७ ॥

यथा वृक्षः तथा पुत्रः सदा श्रेयस्करावुभौ।
विना वृक्षं गृहं शून्यं पुत्रहीनं कुलं तथा ॥ ८ ॥

एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना।
वासितं वै वनं सर्वं सुपुत्रेण कुलं यथा ॥ ९ ॥

## ટિપ્પણી

**वल्ली** વેલ (પર્યાય : लता, वल्लरी) **वेष्टयते ( वेष्ट् व.का. आ. अ. ए.व. )** વીંટળાય છે. **सर्वतः ( सर्व + तस् – त.प्र. अव्य. )** ચારે તરફથી **अदृष्टेः ( अदृष्टि स्त्री. पं.वि. ए.व. )** દૃષ્ટિ-નજરના અભાવથી **पादपाः** વૃક્ષો (પર્યાય : वृक्षः, तरुः, द्रुमः) **पुण्यापुण्यैः ( पुण्यं च अपुण्यं च - इ.द्व. )** પુણ્ય અને અપુણ્ય-પાપ વડે **धूपैः** ધૂપ વડે (અગ્નિ દ્વારા ફેલાતો સુગંધિત વાયુ) **अरोगाः ( न विद्यते रोगः येषाम् ते - बहु. )** નીરોગી, રોગ વગરના **पुष्पिताः** પુષ્પથી યુક્ત થયેલા **जिघ्रन्ति ( घ्रा > जिघ्र् व. अ. ब.व. )** સૂંઘે છે **पादैः ( पर्याय - चरणः )** પગ વડે, પગથી **सलिलपानात् ( सलिलस्य पानम् - ष.त. )** પાણી પીવાથી **व्याधीनाम् ( व्याधि पुं. ष.वि. ब.व. )** રોગોનો **दर्शनात्** દેખાવાથી **व्याधिप्रतिक्रियत्वात् ( व्याधीनाम् प्रतिक्रिया - व्याधिप्रतिक्रिया, ( ष.त. ) व्याधिप्रतिक्रियायाः भावः - व्याधिप्रतिक्रियत्वम् ( त.प्र. ), तस्मात् )** રોગનો પ્રતિકાર કરવાની ક્રિયાના કારણે **रसनम् ( रस्यते अनेन तत् रसनम् - कृ.प्र. )** રસનેન્દ્રિય, જીભ (જે સાધન દ્વારા રસન ક્રિયા કરવામાં આવે છે, તે સાધન અર્થાત્ જીભને રસન કહે છે.) **द्रुमे** ઝાડમાં **वक्त्रेण** મોઢેથી **उत्पलनालेन ( उत्पलस्य नालः - ष.त. )** કમળની દાંડીથી **आददेत् ( आ + दा विधि. अ. ए.व. )** લે છે (અહીં ખેંચે છે - એવો અર્થ છે.) **पवनसंयुक्तः ( पवनेन संयुक्तः - तृ.त. )** પવન-પ્રાણથી યુક્ત **ग्रहणात्** ગ્રહણ કરવાને કારણે (કારણ અર્થમાં પંચમી વિભક્તિ યોજાય છે.) **छिन्नस्य ( छिद् + क्त > न क.भू.कृ. )** કપાયેલાના **विरोहणात्** પાંગરવાને કારણે **जीवम्** જીવ, ચૈતન્ય **अचैतन्यम् ( न चैतन्यम् - नञ् त. )** ચેતનતાનો અભાવ **आदत्तम् ( आ + दा + क्त > त क.भू.कृ. )** લીધું, ખેંચ્યું **जरयति ( जॄ व.का. प. अ. ए.व. )** પચાવે છે **अग्नि–मारुतौ ( अग्निः च मारुतः च - द्वन्द्व. )** અગ્નિ અને પવન **आहारपरिणामात् ( आहारस्य परिणामः - तस्मात्, ष.त. )** ખોરાકનું પરિણામ મળતું હોવાના કારણે **स्नेहः** સ્નિગ્ધતા **वृद्धिः** વધવું તે, વૃદ્ધિ **जायते ( जन् व.का. अ. ए.व. )** થાય છે, ઉત્પન્ન થાય છે. **उच्छेदम्** ઉચ્છેદ કરવો, વિનાશ કરવો **कारयेत् ( कृ ( प्रे. ) विधि. प. अ. ए.व. )** કરાવવું જોઈએ. કરાવવું. **संवर्धने** ઉછેરવામાં **विशेषेण** વિશેષરૂપથી **प्रयतेत ( प्र + यत् विधि. अ. ए.व. )** પ્રયત્ન કરવો. **हि** જ (નિશ્ચય બતાવવા માટે વપરાતો નિપાત) **अतन्द्रितः ( न तन्द्रितः - नञ् त. )** જાગતો રહેનાર - જાગતો રહીને **श्रेयस्करौ** કલ્યાણ કરનારા **गृहम्** ઘર **शून्यम्** શૂન્ય, ફોગટ **कुलम्** કુળ-પરિવાર **पुष्पितेन** ખીલેલા, જેના ઉપર ફૂલ ખીલેલાં છે તે **सुगन्धिना ( सुगन्धः अस्य अस्ति इति सुगन्धिन् ( त.प्र. ), तेन तृ.ए.व. )** સુગંધીથી **वासितम्** સુવાસિત બનેલું, મહેંકી ઊઠેલું **वै** (આ એક નિપાત છે. તે વાક્યની શોભા વધારવા માટે વપરાતો હોય છે. તે અનર્થક છે. આથી, તેનો કોઈ અર્થ આપવાનો રહેતો નથી.)

## સન્ધિ

सर्वतश्चैव (सर्वतः च एव)। ह्यदृष्टेश्च (हि अदृष्टेः च)। मार्गोऽस्ति (मार्गः अस्ति)। पुण्यापुण्यैस्तथा (पुण्यापुण्यैः तथा)। गन्धैर्धूपैश्च (गन्धैः धूपैः च)। विविधैरपि (विविधैः अपि)। तस्माज्जिघ्रन्ति (तस्मात् जिघ्रन्ति)। सलिलपानाच्च (सलिलपानात् च)। व्याधिप्रतिक्रियत्वाच्च (व्याधिप्रतिक्रियत्वात् च)। वक्त्रेणोत्पलनालेन (वक्त्रेण उत्पलनालेन)। यथोर्ध्वम् (यथा उर्ध्वम्)। सुखदुःखयोश्च (सुखदुःखयोः च)। ग्रहणाच्छिन्नस्य (ग्रहणात् छिन्नस्य)। तज्जलमादत्तम् (तत् जलम् आदत्तम्)। जरयत्यग्नि–मारुतौ (जरयति अग्निमारुतौ)। आहारपरिणामाच्च (आहारपरिणामात् च)। स्नेहो वृद्धिश्च (स्नेहः वृद्धिः च) ह्यतन्द्रितः (हि अतन्द्रितः)। श्रेयस्करावुभौ (श्रेयस्करौ उभौ)। एकेनापि (एकेन अपि)।

## વિશેષ

**1. पादपः :** વૃક્ષને માટે વપરાતો શબ્દ. વૃક્ષને પાદપ એટલા માટે કહે છે કે તે પગથી પાણી પીવે છે. વૃક્ષના પગ એટલે વૃક્ષનાં મૂળ. વૃક્ષ પોતાનાં મૂળ દ્વારા જમીનમાં રહેલા પાણીને ગ્રહણ કરે છે - પીવે છે.

આ રીતે મૂળ દ્વારા પાણીને ગ્રહણ કરીને સમગ્ર શરીરમાં પહોંચાડવાની પ્રક્રિયા વૃક્ષના શરીરમાં ગોઠવાયેલી છે. આ પ્રક્રિયા તરફ ધ્યાન દોરીને આચાર્ય ભૃગુ ભારદ્વાજને વૃક્ષમાં રહેલા ચૈતન્યનો સ્વીકાર કરાવે છે. (સચેતન શરીરમાં પાણી ગ્રહણ કરવાનું અને સમગ્ર શરીરમાં તે પાણીને ફરતું કરવાનું કાર્ય શક્ય છે, તે સિવાય નહિ. આ ઉપરથી વૃક્ષમાં ચૈતન્ય છે એ વાત પુરવાર થાય છે.)

**2. पुत्रहीनं कुलं तथा** – પુત્ર વગરનું કુળ હોય તેમ. (અહીં પુત્ર શબ્દથી પુત્ર અને પુત્રી બંને અભિપ્રેત છે.) કોઈ કુળ ધન-ધાન્ય, વસ્ત્ર-અલંકાર, રાચ-રચીલાથી ભરપૂર હોય, પણ જો એ કુળમાં સંતાન ન હોય, તો આ બધી વસ્તુઓના અસ્તિત્વનો કોઈ મતલબ રહેતો નથી. આવા ઘરને તો શૂન્ય-ખાલીખમ, ફોગટ માનવામાં આવે છે. એવી જ રીતે જો કોઈ ઘરમાં બધું જ હોય, પણ આંગણમાં વૃક્ષ ન હોય, તો તે ઘર (રાચ-રચીલાથી ભરેલું હોવા છતાં, તે) ને શૂન્ય (ખાલીખમ) સમજવું જોઈએ, એવો આશય અહીં વ્યક્ત થયો છે.

## સ્વાધ્યાય

**1. अधोलिखितानां प्रश्नानां संस्कृतभाषया उत्तराणि लिखत ।**

(1) का वृक्षं वेष्टयते ?

(2) आहारपरिणामात् किं किं जायते ?

(3) कस्मिन् कार्ये अतन्द्रितः प्रयतेत ?

(4) कौ श्रेयस्करौ स्तः ?

(5) कीदृशं गृहं शून्यम् अस्ति ?

**2. यथास्वं विकल्पं चित्वा उत्तरं लिखत ।**

(1) वल्ली वृक्षं ............... गच्छति।

(क) एकतः (ख) सर्वतः (ग) उभयतः (घ) अन्यतः

(2) सलिलपानात् इति पदस्य कः अर्थः ?

(क) जलस्य पानात् (ख) जलेन पानात् (ग) जले पानात् (घ) जलं पानात्

(3) पादपः पादैः किं करोति ?

(क) खादति (ख) पिबति (ग) चलति (घ) गच्छति

(4) वृक्षाणाम् ............... न विद्यते।

(क) सत्ता (ख) रूपम् (ग) अचैतन्यम् (घ) चैतन्यम्

(5) वृक्षाणाम् ............... न कारयेत्।

(क) पालनम् (ख) छादनम् (ग) उच्छेदम् (घ) पोषणम्

(6) यथा वृक्षः तथा ............... ।

(क) वनम् (ख) पुत्रः (ग) जलम् (घ) धनम्

**3. માતૃભાષામાં વિગતે ઉત્તર આપો :**

(1) વૃક્ષ જુએ છે, એ કેવી રીતે કહી શકાય ?

(2) વૃક્ષમાં રસન છે, એ શાથી સિદ્ધ થાય છે ?

(3) કયાં કયાં કારણો આપીને વૃક્ષમાં ચૈતન્યની સિદ્ધિ કરવામાં આવી છે ?

(4) વૃક્ષે પીધેલા પાણીનું શું થાય છે ?

(5) વૃક્ષ સાથે આપણે કેવો વ્યવહાર કરવો જોઈએ ?

**4. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) વૃક્ષના ચૈતન્યની સિદ્ધિનાં કારણો

(2) વૃક્ષનો મહિમા

**5. સંદર્ભ સહિત સમજૂતી આપો :**

(1) तस्माज्जिघ्रन्ति पादपा: ।

(2) पादै: पिबति पादप: ।

(3) एतेषां सर्ववृक्षाणाम् उच्छेदं न तु कारयेत् ।

(4) वृक्षहीनं गृहं शून्यं पुत्रहीनं कुलं तथा ।

•

# 3. वर्षावर्णनम्

[**પ્રસ્તાવના :** મહર્ષિ વેદવ્યાસે અઢાર પુરાણોની રચના કરી છે. અઢાર પુરાણોમાં ભાગવતપુરાણ ઉત્તમ મનાય છે. તેમાં કુલ બાર સ્કન્ધ અને અઢાર હજાર શ્લોકો આવેલા છે. ભાગવતપુરાણના દસમા સ્કન્ધના વીસમા અધ્યાયમાં વર્ષા અને શરદ ઋતુનું સુંદર વર્ણન પ્રાપ્ત થાય છે. તેમાંથી વર્ષાઋતુને લગતા સાત શ્લોકો અહીં લેવામાં આવ્યા છે.

વર્ષાઋતુનું આગમન થતાં જ વાદળની ગર્જના અને વીજળીના ચમકારાથી આકાશ છવાઈ જાય છે. વાદળોમાંથી જળની ધારાઓ વરસવા લાગે છે. વરસાદનું આગમન થતાં ધરતી સુંદર બનીને શોભવા લાગે છે. ધનધાન્યથી ભરપૂર ખેતરો જોઈને ખેડૂતો ખુશ થઈ જાય છે. જળચર અને સ્થળચર પ્રાણીઓ એકદમ નવું રૂપ ધારણ કરે છે. ચારે બાજુ નવું ઘાસ ઊગી નીકળે છે. તેથી રસ્તાઓ ઢંકાઈ જાય છે. વર્ષાનું આગમન મયૂરો માટે તો ઉત્સવ બની જાય છે. તેઓ મધુર ટહુકાઓ કરીને પોતાની ખુશી વ્યક્ત કરે છે.

આ કાવ્યની ખૂબી એ છે કે તેમાં વર્ષા ઋતુનું વર્ણન અત્યંત સુંદર શબ્દોમાં થયું છે. અહીં ઉપમા અલંકારનો પ્રયોગ રમણીય છે. વળી, ઉપમાન તરીકે પસંદ કરેલા પદાર્થો ખૂબ જ આકર્ષક છે. જેમકે - ત્રીજા પદ્યમાં રાત્રિના પ્રારંભે અંધારામાં ચમકતા આગિયાઓને પાખંડી લોકો સાથે અને નહિ દેખાતા ગ્રહોને વેદો સાથે સરખાવ્યા છે. કલિયુગમાં પાપનું સામ્રાજ્ય પ્રવર્તે છે. તેથી પાખંડીઓનો પ્રભાવ જોવા મળે છે, જ્યારે વેદો સાવ ભૂલાઈ જાય છે. છઠ્ઠા શ્લોકમાં ઘાસથી ઢંકાઈ ગયેલા માર્ગોને અભ્યાસના અભાવે વીસરાઈ ગયેલા વેદજ્ઞાન સાથે અને સાતમા શ્લોકમાં વાદળોના આગમનથી હરખાઈ ગયેલા મયૂરોને ગૃહસ્થ લોકો સાથે સરખાવવામાં આવ્યા છે. પાંચમા શ્લોકમાં नववारिनिषेवया અને हरिनिषेवया શબ્દોના પ્રયોગમાં યમકની ચમત્કૃતિ છે. આ બધાં પદ્યો અનુષ્ટુપ્ છંદમાં છે.]

---

ततः प्रावर्तत प्रावृट् सर्वसत्त्वसुखप्रदा।  
विद्योतमानपरिधिर्विस्फूर्जितनभस्तला॥ १॥

अष्टौ मासान् निपीतं यद् भूम्या जलमयं वसु।  
स्वगोभिर्मोक्तुमारेभे भास्करः काल आगते॥ २॥

निशामुखेषु खद्योतास्तमसा भान्ति न ग्रहाः।  
यथा पापेन पाखण्डा न हि वेदाः कलौ युगे॥ ३॥

क्षेत्राणि सस्यसम्पद्भिः कर्षकाणां मुदं ददुः।  
धनिनामुपतापं च दैवाधीनमजानताम्॥ ४॥

जलस्थलौकसः सर्वे नववारिनिषेवया।  
अबिभ्रद् रुचिरं रूपं यथा हरिनिषेवया॥ ५॥

मार्गा बभूवुः सन्दिग्धास्तृणैश्छन्ना ह्यसंस्कृताः।  
नाभ्यस्यमानाः श्रुतयो द्विजैः कालहता इव॥ ६॥

मेघागमोत्सवा हृष्टाः प्रत्यनन्दन् शिखण्डिनः।  
गृहेषु तप्ता निर्विण्णा यथा भगवज्जनागमे॥ ७॥

### ટિપ્પણી

**प्रावृट् ( स्त्री. )** વર્ષાઋતુ **प्रावर्तत ( प्र + वृत्, ह्य.भू. अ.पु. ए.व. )** શરૂ થઈ, પ્રવૃત્ત થઈ **सर्वसत्त्वसुखप्रदा ( सर्वेभ्यः सत्त्वेभ्यः सुखं प्रददाति सा )** સર્વ પ્રાણીઓને સુખ આપનાર **विद्योतमानपरिधिः ( विद्योतमाना परिधिः यस्याः सा - बहु. )** ચમકતા તેજોવર્તુળવાળી **विस्फूर्जितनभस्तला ( नभसः तलम् - नभस्तलम्, ष.त.। विस्फूर्जितं नभस्तलं यस्याः**

**साः - बहु.)** ખળભળતા આકાશવાળી, ગરજતા આકાશવાળી **अष्टौ** આઠ **निपीतम् ( नि + पा + क्त > त, नपुं. क.भू.कृ. )** પીધેલું **वसु** સમ્પત્તિ **स्वगोभिः** પોતાનાં કિરણો વડે (**गो** કિરણ) **मोक्तुम् ( मुच् + तुम् हे.कृ. )** છોડવા માટે **आरेभे ( आ + रभ्. ह्य.भू. अ. ए.व. )** શરૂઆત કરી **भास्करः** સૂર્ય ( પર્યાય - **आदित्यः, दिवाकरः, रविः ) काले आगते** સમય આવ્યો ત્યારે **( सति-सप्तमी**નો **प्रयोग ) निशामुखेषु ( निशायाः मुखेषु - ष.त. )** રાત્રિના પ્રારંભકાળે **खद्योताः** આગિયાઓ **तमसा** અંધકારથી **भान्ति ( भा व. अ. ब.व. )** શોભે છે. **कलौ युगे** કળિયુગમાં **सस्यसम्पद्भिः ( सस्यम् एव सम्पत्, तैः - कर्म. )** ધાન્યરૂપી સંપત્તિ વડે **कर्षकाणाम्** ખેડૂતોનું **मुदम्** આનંદ **ददुः ( दा प. भू.का., अ. ब.व. )** આપવા લાગ્યા. **धनिनाम्** ધનવાનોનું **उपतापम्** સંતાપ **दैवाधीनम् ( दैवस्य अधीनम् - ष.त. )** ભાગ્યને અધીન **अजानताम् ( जानत् व.कृ., न जानत्, अजानत्, तेषाम् - नञ् त. )** નહિ જાણનારાઓનું **जलस्थलौकसः ( जलं च स्थलं च ओकः येषाम् ते - बहु. )** જળ અને સ્થળમાં રહેનારાઓ **नववारिनिषेवया ( नवं च तद् वारि - ( कर्म. ), तस्य निषेवया, ष.त. )** નવા જળનું સેવન કરવાથી **अबिभ्रत् ( भृ ह्य. भू. अ. ए.व. )** ધારણ કર્યું હતું. **हरिनिषेवया ( हरेः निषेवा, तया - ष.त. )** ભગવાનની સેવાથી **बभूवुः ( भू प.भू.का. अ.ब.व. )** બન્યા **सन्दिग्धाः** અસ્પષ્ટ **तृणैः छन्नाः** ઘાસથી છવાયેલા **असंस्कृताः** સરખા નહિ કરવામાં આવેલા **न अभ्यस्यमानाः** અભ્યાસ-સ્વાધ્યાય નહિ કરવામાં આવતા **श्रुतयः** વેદો **कालहताः ( कालेन हताः - तृ.त.पु. )** સમય આવ્યે નાશ પામનારા **मेघागमोत्सवाः ( मेघस्य आगमः, मेघागमः - ष.त.। सः उत्सवः येषाम् ते - बहु. )** વાદળોના આગમનને ઉત્સવ ગણનારા **हृष्टाः ( हृष् - क्त > त, क.भू.कृ )** હર્ષ પામેલા **प्रत्यनन्दन् ( प्रति + नन्द् ह्य.भू. अ. ब.व. )** પ્રસન્ન થયા. **शिखण्डिनः** મોર (બ.વ.) **तप्ताः ( तप् - क्त > त, क.भू.कृ. )** સંતાપ પામેલા **निर्विण्णाः ( निस् + विद् + क्त > त, क.भू.कृ )** થાકેલા **भगवज्जनागमे ( भगवतः जनाः ( ष.त. ), तेषाम् आगमे - ष.त. )** ભગવાનના ભક્તોનું આગમન થતાં.

## સન્ધિ

विद्योतमानपरिधिर्विस्फूर्जितनभस्तला (विद्योतमानपरिधिः विस्फूर्जितनभस्तला)। भूम्या जलमयम् (भूम्याः जलमयम्)। स्वगोभिर्मोक्तुमारेभे (स्वगोभिः मोक्तुम् आरेभे)। खद्योतास्तमसा (खद्योताः तमसा)। अबिभ्रद् रुचिरम् (अबिभ्रत् रुचिरम्)। सन्दिग्धास्तृणैश्छन्ना ह्यसंस्कृताः (सन्दिग्धाः तृणैः छन्नाः हि असंस्कृताः)। कालहता इव (कालहताः इव)। मेघागमोत्सवा हृष्टाः (मेघागमोत्सवाः हृष्टाः)। तप्ता निर्विण्णा यथा (तप्ताः निर्विण्णाः यथा)।

## વિશેષ

**1. खद्योत :** વરસાદમાં અંધારામાં ચમકતો કીટક, જેને આગિયો કહે છે. આગિયો ઊડે ત્યારે તેની પાંખો ચમકતી હોઈ, પ્રકાશનાં નાનાં નાનાં બિંદુઓ ચમકતાં હોય એવું લાગે છે. આકાશમાં જે રીતે નક્ષત્રો અને તારાઓ ચમકતા હોય તેમ ધરતી પર આગિયાઓ ચમકતા દેખાય છે. કલિયુગમાં વેદનો પ્રભાવ નષ્ટ થાય છે અને પાખંડીઓ ચારે બાજુ જોવા મળે છે. તેથી આગિયાઓની ચમકને પાખંડીઓના પ્રભાવ અને ગ્રહોના પ્રકાશને વેદના જ્ઞાન સાથે સરખાવવામાં આવેલ છે. આગિયાઓનો પ્રકાશ બહુ થોડા દિવસોમાં નાશ પામે છે, તેમ પાખંડીઓનો પ્રભાવ પણ અલ્પકાલીન રહે છે એવો ધ્વનિ અહીં છે.

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) कीदृशी प्रावृट् प्रावर्तत ?

(क) सर्वसत्त्वभयावहा (ख) सर्वसत्त्वमनोहरा (ग) सर्वसत्त्वसुखप्रदा (घ) सर्वसत्त्वविनाशिका

(2) भास्करः भूम्याः कीदृशं वसु पिबति ?

(क) सुवर्णमयम् (ख) जलमयम् (ग) धातुमयम् (घ) मृण्मयम्

(3) कलौ युगे पापेन के भान्ति ?

(क) खद्योताः (ख) पाखण्डाः (ग) अधर्माः (घ) ग्रहाः

(4) सस्यसम्पद्भिः क्षेत्राणि केषां मुदं ददुः ?

(क) धनिनाम् (ख) ब्राह्मणानाम् (ग) शिखिनाम् (घ) कर्षकाणाम्

(5) वर्षाकाले मार्गाः कीदृशाः भवन्ति ?

(क) सुस्पष्टाः (ख) रुचिराः (ग) सन्दिग्धाः (घ) रम्याः

(6) मेघागमेन के हृष्टाः भवन्ति ?

(क) भक्ताः (ख) खद्योताः (ग) शिखण्डिनः (घ) वृषभाः

**2. एकेन वाक्येन संस्कृतभाषया उत्तरत ।**

(1) सूर्यः कति मासान् भूम्याः वसु पिबति ?

(2) निशामुखेषु के भान्ति, के न भान्ति ?

(3) क्षेत्राणि कथं कर्षकाणां मुदं ददुः ?

(4) अनभ्यस्यमानाः श्रुतयः कीदृश्यः भवन्ति ?

**3. બેથી ત્રણ વાક્યોમાં માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) વર્ષાઋતુનો આરંભ થતાં આકાશ કેવું બની જાય છે ?

(2) આગિયાઓના પ્રકાશને કોની સાથે સરખાવ્યો છે ?

(3) ધાન્યથી ભરેલાં ખેતરો જોઈને કોણ સંતાપ પામે છે ? શા માટે ?

(4) વર્ષાઋતુમાં રસ્તાઓ કેવા બની જાય છે ? તેમને વેદ સાથે કેમ સરખાવ્યા છે ?

(5) મયૂરોના હર્ષ પામવાની બાબતને કોની ઉપમા આપવામાં આવી છે ?

**4. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) वर्षावर्णनम् પદ્યને આધારે વર્ષાઋતુનું વર્ણન તમારા શબ્દોમાં આલેખો.

**5. સસંદર્ભ સમજાવો :**

(1) स्वगोभिर्मोक्तुमारेभे भास्करः काल आगते।

(2) यथा पापेन पाखण्डा न हि वेदाः कलौ युगे।

(3) गृहेषु तप्ता निर्विण्णा यथा भगवज्जनागमे।

(4) मार्गा बभूवुः सन्दिग्धास्तृणैश्छन्ना ह्यसंस्कृताः।

•

# 4. दशकं धर्मलक्षणम्

[**પ્રસ્તાવના :** સંસ્કૃતનું ધાર્મિક સાહિત્ય શ્રુતિ અને સ્મૃતિ - એમ બે રીતે વિભાજિત થયેલું છે. આમાંથી જે શ્રુતિ છે, તેનો એક આશય અપરિવર્તનશીલ ધર્મસાહિત્ય છે. આવા સાહિત્યમાં ઉપદેશેલી વિગતો ઉપર કોઈ કાળનો કે કોઈ દેશનો પ્રભાવ પડતો નથી. આ રીતે જોતાં શ્રુતિશાસ્ત્રનાં વિધાનો સાર્વકાલિક અને સાર્વભૌમિક હોય છે. જ્યારે સ્મૃતિશાસ્ત્રમાં ઉપદેશેલી વિગતો ઉપર ક્યારેક દેશ, કાળ કે પરિસ્થિતિનો પ્રભાવ જોવામાં આવે છે. આ કારણે સ્મૃતિશાસ્ત્રનાં વિધાનો ક્યારેક એકબીજા કરતાં જુદાં પણ હોઈ શકે છે.

આમ છતાં સ્મૃતિશાસ્ત્રનાં મોટાભાગનાં વચનો કાયમી રીતે દરેક દેશમાં અને દરેક કાળમાં ઉપયોગી થાય તેવાં હોય છે. આ પાઠના શીર્ષક તરીકે આપવામાં આવેલો શ્લોક પણ આવો જ છે. આ શ્લોકમાં ધર્મનાં દસ લક્ષણોનો ઉપદેશ છે. આ લક્ષણો એવાં છે કે તેમના ઉપર કોઈ કાળવિશેષ કે દેશવિશેષની અસર પડી શકે એમ નથી. આ રીતે આ ધર્મનાં દસ લક્ષણો છેવટે તો માનવધર્મનાં લક્ષણો બની રહે છે.

ધૃતિ વગેરે ધર્મનાં જે દસ લક્ષણો અહીં ગણાવવામાં આવ્યાં છે, તેમની સમજ કેળવાય, તેમનું મહત્ત્વ ધ્યાનમાં આવે અને તેમનું સ્વરૂપ-દર્શન થઈ શકે, તેવા અનેક હેતુઓથી બીજાં દસ પદ્યો પણ સાથે મૂકવામાં આવ્યાં છે. આ પદ્યો સંસ્કૃત સાહિત્યના જુદા જુદા ગ્રંથોમાંથી લેવામાં આવ્યાં છે. એમની એ વિશેષતા છે કે સંસ્કૃત સાહિત્યના અનેક ગ્રંથોમાં પણ તે પ્રસંગોપાત્ત રીતે ઉદ્ધૃત થતાં રહ્યાં છે. બધાં પદ્યોનો અનુષ્ટુપ્ છંદ છે.]

---

धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम्॥ १॥

**1. धृतिः**

धृतिर्नाम सुखे दुःखे यया नाप्नोति विक्रियाम्।
तां भजेत सदा प्राज्ञो य इच्छेद् गतिमात्मनः॥ २॥

**2. क्षमा**

क्षमाखड्गः करे यस्य किं करिष्यति दुर्जनः।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति॥ ३॥

**3. दमः**

न हृष्यति महत्यर्थे व्यसने च न शोचति।
स वै परिमितप्रज्ञः स दान्तो द्विज उच्यते॥ ४॥

**4. अस्तेयम्**

अन्यदीये तृणे रत्ने काञ्चने मौक्तिकेऽपि वा।
मनसा विनिवृत्तिर्या तदस्तेयं विदुर्बुधाः॥ ५॥

**5. शौचम्**

शौचं च द्विविधं प्रोक्तं बाह्यमाभ्यन्तरं तथा।
मृज्जलाभ्यां स्मृतं बाह्यं भावशुद्धिस्तथाऽन्तरम्॥ ६॥

**6. इन्द्रियनिग्रहः**

श्रुत्वा स्पृष्ट्वा च दृष्ट्वा च भुक्त्वा घ्रात्वा च यो नरः।
न हृष्यति ग्लायति वा स विज्ञेयो जितेन्द्रियः॥ ७॥

**7. धीः**

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये।
बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी॥ ८॥

**8. विद्या**

अनेकसंशयोच्छेदि परोक्षार्थस्य दर्शकम्।
सर्वस्य लोचनं शास्त्रं यस्य नास्त्यन्ध एव सः॥ ९॥

**9. सत्यम्**

यथार्थकथनं यच्च सर्वलोकसुखप्रदम्।
तत्सत्यमिति विज्ञेयमसत्यं तद्विपर्ययः॥ १०॥

**10. अक्रोधः**

तपते यतते चैव यच्च दानं प्रयच्छति।
क्रोधो हि सर्वं हरति तस्मात् क्रोधं विवर्जयेत्॥ ११॥

## ટિપ્પણી

**धृतिः** ધીરજ ( પર્યાય - **धैर्यम्** ) **दमः** દમન, પ્રયત્નપૂર્વક દબાવવું, વશ કરવું **अस्तेयम् ( न स्तेयम् – नञ्त. )** ચોરી ન કરવી તે **इन्द्रियनिग्रहः ( इन्द्रियाणाम् निग्रहः – ष.त. )** ઇન્દ્રિયો પર કાબૂ રાખવો તે **धीः** બુદ્ધિ ( પર્યાય - **बुद्धिः, प्रज्ञा, मेधा** ) **विद्या** જ્ઞાન **अक्रोधः ( न क्रोधः – नञ्त. )** ક્રોધનો અભાવ **यया ( यद् ( स्त्री. सर्व. ) तृ. ए.व. )** જેના દ્વારા **नाप्नोति – न आप्नोति ( आप् મેળવવું, પ્રાપ્ત કરવું व. अ. ए.व. )** મેળવતો નથી, મેળવી શકતો નથી **विक्रियाम्** વિકૃતિને **भजेत ( भज् ભજવું, સેવવું विधि. अ. ए.व. )** સ્વીકારે, અપનાવે, સેવે **प्राज्ञः** ( પર્યાય - **बुधः, पण्डितः** ) બુદ્ધિશાળી પુરુષ **इच्छेत् ( इष्** ઇચ્છવું **विधि. अ. ए.व. )** ઇચ્છા કરે **गतिम्** પ્રગતિને **आत्मनः ( आत्मन् ( पुं ) ष. ए.व. )** પોતાની **क्षमाखड्गः ( क्षमा एव खड्गः – कर्म. )** ક્ષમારૂપી ખડ્ગ-તલવાર **करे** હાથમાં ( પર્યાય - **हस्तः, पाणिः** ) **अतृणे ( न विद्यते तृणम् यस्य तत्, तस्मिन् – बहु. ) वह्निः** અગ્નિ ( પર્યાય - **अग्निः, अनलः, पावकः** ) **उपशाम्यति ( उप + शम् શાંત થવું, ઠરવું व. अ. ए.व. )** ઓલવાઈ જાય છે. ઠરી જાય છે. **हृष्यति ( हृष् હર્ષ પામવો, ખુશ થવું व. अ. ए.व. )** હર્ષ પામે છે. **महत्यर्थे** મોટાં કાર્યને માટે, મોટાં કાર્યના પ્રયોજને **व्यसने** આફતમાં, મુશ્કેલીમાં **शोचति ( शुच्** ચિંતા કરવી, શોક કરવો **व. अ. ए.व. )** ચિંતા કરે છે **वै ( अ. )** ખરેખર **परिमितप्रज्ञः ( परिमिता प्रज्ञा यस्य सः – बहु. )** પાકટ પ્રજ્ઞાવાન, તીવ્ર બુદ્ધિવાળો **दान्तः ( दम् + क्त > त )** દમન કરેલો, દમનશીલ **द्विजः** બ્રાહ્મણ (જેનો ઉપનયન સંસ્કાર થયો હોય છે, તે બધાને દ્વિજ કહે છે. દ્વિજ શબ્દનો અર્થ છે - બીજી વાર જન્મેલો. એમ મનાય છે કે માણસનો પ્રથમ જન્મ માતા-પિતાને ત્યાં થાય છે અને બીજો જન્મ વિદ્યાને પ્રદાન કરનારા ગુરુ કે આચાર્યને ત્યાં થાય છે. આ રીતે જોતાં જે કોઈ ભણેલા-ગણેલા છે, તે બધા જ દ્વિજ છે.) **उच्यते ( वच् क. व. अ. ए.व. )** કહેવાય છે **अन्यदीये काञ्चने** અન્ય વ્યક્તિના સોનામાં ( પર્યાય - **हिरण्यम्, सुवर्णम्, कुन्दनम्** ) **मौक्तिके** મોતીમાં **विनिवृत्तिः** નિવૃત્તિ પામવું તે, વિમુખ રહેવું તે **विदुः ( विद् व.का.** ( વૈકલ્પિકરૂપ ) **अ. ब.व. )** જાણે છે. સમજે છે. **बुधाः** બુદ્ધિશાળી લોકો **द्विविधम्** બે પ્રકારનું **प्रोक्तम् ( प्र + वच् > उच् + क्त > त क.भू.कृ. )** કહેલું, કહેવાયેલું છે **बाह्यम् ( बहिर्भवम् – त.प्र. )** બાહ્ય, બહારનું **आभ्यन्तरम् ( अभ्यन्तरे भवम् – त.प्र. )** આંતરિક, અંદરમાં થનારું **मृज्जलाभ्याम् ( मृत् च जलम् च, ताभ्याम् – इ.द्व. )** માટી અને જળ વડે **स्मृतम् ( स्मृ** યાદ કરવું, સ્મરવું, ઉપદેશ કરવો **+ क्त > त क.भू.कृ. )** કહે છે, ઉપદેશે છે **भावशुद्धिः ( भावस्य शुद्धिः – ष.त. )** ભાવનાની શુદ્ધિ **अन्तरम्** અંદરનું **श्रुत्वा ( श्रु** સાંભળવું **+ क्त्वा > त्वा सं.भू.कृ. )** સાંભળીને **स्पृष्ट्वा ( स्पृश्** અડકવું, સ્પર્શવું **+ क्त्वा > त्वा सं.भू.कृ. )** સ્પર્શ કરીને **दृष्ट्वा ( दृश्** જોવું **+ क्त्वा > त्वा सं.भू.कृ. )** જોઈને **भुक्त्वा ( भुज्** ખાવું, ભોગવવું **+ क्त्वा > त्वा सं.भू.कृ. )** ખાઈને **घ्रात्वा ( घ्रा** સૂંઘવું **+ क्त्वा > त्वा सं.भू.कृ. )** સૂંઘીને **ग्लायति ( ग्लै** ગ્લાનિ પામવી, કંટાળવું **व. अ. ए.व. )** ગ્લાનિ પામે છે **विज्ञेयः**

જાણવું જોઈએ **जितेन्द्रियः ( जितानि इन्द्रियाणि येन सः - बहु. )** ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરનાર, ઇન્દ્રિયજયી **प्रवृत्तिम्** પ્રવૃત્તિને, કાર્યમાં રહેલી વ્યસ્તતાને **निवृत्तिम्** પ્રવૃત્તિમાંથી પાછા વળવું તે, પ્રવૃત્તિને અટકાવી દેવી તે **कार्याकार्ये ( कार्यं च अकार्यं च - इ.द्व )** કરવા અને ન કરવા યોગ્ય કાર્યો **भयाभये ( भयम् च अभयम् च - इ.द्व. )** ભય અને અભય **वेत्ति ( विद्** જાણવું **व. अ. ए.व. )** જાણે છે **पार्थ** પૃથા (કુંતી)નો પુત્ર-અર્જુન **सात्त्विकी** સત્ત્વગુણના સ્વભાવવાળી **अनेकसंशयोच्छेदि ( अनेके संशयाः ( कर्म. ), अनेकसंशयान् उच्छेत्तुं शीलमस्य - कृ.प्र. )** અનેક સંશયોને દૂર કરવાના સ્વભાવવાળું **परोक्षार्थस्य ( परोक्षेण अर्थः, तस्य - तृ.त. )** આંખોથી ઓઝલ રહેલા અર્થનું, પરોક્ષ-અપ્રસ્તુત અર્થનું **दर्शकम्** દર્શન કરાવનાર **लोचनम्** આંખ ( પર્યાય - **नयनम्, नेत्रम् ) अन्धः** આંધળો **यथार्थकथनम् ( यथार्थस्य कथनम् - ष.त. )** જેવું છે તેવાનું કથન, વાસ્તવિક કથન **सर्वलोकसुखप्रदम् ( सुखं प्रददाति - सुखप्रदम् ( उप.त. ), सर्वलोकेभ्यः सुखप्रदम् - च.त. )** સમસ્ત લોકોને સુખ આપનાર **तद्विपर्ययः ( तस्य विपर्ययः - ष.त. )** તેનાથી વિપરીત, હોય તેનાથી ઊલટું **तपते ( तप्** તપવું **व. अ. ए.व. )** તપે છે, (અહીં તપ કરે છે, પરિશ્રમ કરે છે) **यतते ( यत्** યત્ન કરવો **व. अ. ए.व. )** પ્રયત્ન કરે છે **प्रयच्छति ( प्र + दा > यच्छ्** આપવું, દેવું **व. अ. पु.ए.व. )** આપે છે **हरति ( हृ हरवुं, लई लेवुं व. अ. ए.व. )** હરણ કરી લે છે. **विवर्जयेत् ( वि + वर्ज्** છોડી દેવું, ત્યાગી દેવું **विधि. अ. ए.व. )** ત્યાગ કરવો જોઈએ, છોડી દેવું જોઈએ.

## સન્ધિ

दमोऽस्तेयम् (दमः अस्तेयम्)। धीर्विद्या (धीः विद्या)। अक्रोधो दशकम् (अक्रोधः दशकम्)। धृतिर्नाम (धृतिः नाम)। नाप्नोति (न आप्नोति)। प्राज्ञो यः (प्राज्ञः यः)। पतितो वह्निः (पतितः वह्निः)। स्वयमेवोपशाम्यति (स्वयम् एव उपशाम्यति) महत्यर्थे (महति अर्थे)। स वै (सः वै)। स दान्तो द्विज उच्यते (सः दान्तः द्विजः उच्यते)। मौक्तिकेऽपि (मौक्तिके अपि)। विनिवृत्तिर्या (विनिर्वृत्तिः या)। विदुर्बुधाः (विदुः बुधाः)। भावशुद्धिस्तथाऽन्तरम् (भावशुद्धिः तथा अन्तरम्)। नास्त्यन्ध एव (न अस्ति अन्धः एव)। यच्च (यत् च)। चैव (च एव)।

## વિશેષ

**1. दशकं धर्मलक्षणम्** - ધર્મ વિશે આપણા સમાજમાં અનેક પ્રકારની ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. પરંતુ વાસ્તવમાં આપણાં શાસ્ત્રો કે સાહિત્યમાં ક્યાંય ધર્મનો સંકુચિત અર્થ છે જ નહિ. ધર્મની જેટલી પણ શાસ્ત્રીય વ્યાખ્યાઓ છે તે બધી જ ધર્મને વિશાળ અર્થમાં જીવનની મૂળભૂત આવશ્યકતા તરીકે જ મૂલવે છે. મનુસ્મૃતિમાં ધર્મનાં દસ લક્ષણો ગણાવ્યાં છે જેના દ્વારા ધર્મ શબ્દનો વ્યાપક અર્થ સમજી શકાય છે.

**2. धृतिः** - ધૃતિ એટલે ધીરજ. જે વ્યક્તિ ધર્મપથનો પ્રવાસી છે તેને ધૃતિ વિના ચાલે નહિ કારણ કે ધર્મ કે કર્તવ્યનો પથ અત્યંત કઠિન અને ડગલે ને પગલે પરીક્ષા કરનારો છે. આવી પરિસ્થિતિમાં જો વ્યક્તિ ધૈર્ય ખોઈ બેસે તો તેના માટે આ પથ પર ચાલવું અસંભવ બની જાય. ધર્મનું આ પ્રથમ લક્ષણ છે.

**3. दमः/इन्द्रियनिग्रहः/जितेन्द्रियः** - દમ એટલે ઇન્દ્રિયોનું દમન. શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીહ્વા અને ઘ્રાણ એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. તેને દ્વાર કહે છે, કેમ કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો આ પાંચ દ્વારો દ્વારા અંદર પ્રવેશે છે. વિષયોના પ્રભાવથી મનુષ્ય કામનાઓમાં ફસાય છે અને દુઃખી થાય છે. આથી સુખી બનવા માટે પ્રથમ દ્વારરૂપી પાંચ ઇન્દ્રિયો પર વિજય મેળવવો આવશ્યક છે. જે અધ્યાત્મપથિક આ પાંચ ઇન્દ્રિયોને અંકુશમાં લાવે છે, તેનો નિગ્રહ કરે છે તેને જિતેન્દ્રિય કહેવાય છે.

**4. अस्तेयम्** - અસ્તેય એટલે ચોરી ન કરવી. મહર્ષિ પતંજલિએ યોગદર્શનમાં પાંચ યમ અંતર્ગત અસ્તેયનો સમાવેશ કર્યો છે. આપણે માત્ર કોઈની વસ્તુ તેની જાણ બહાર લઈ લેવી તેને ચોરી કહીએ છીએ; પરંતુ અહીં કોઈ અન્યની વસ્તુમાં મનથી પણ આસક્તિ થાય તેને પણ ચોરી કહી છે. આવી ચોરીનો ભાવ પણ ન હોય તેને અસ્તેય કહ્યું છે.

**5. शौचम्** - શૌચનો અર્થ સ્વચ્છતા કે શુદ્ધિ થાય છે. આપણે બહારની શુદ્ધિ તો રોજ કરીએ છીએ પરંતુ અંદરની શુદ્ધિ પણ એટલી જ આવશ્યક છે. આન્તરિક શુદ્ધિ એટલે વિચારોની, ભાવની શુદ્ધતા. વળી, અન્ય પ્રત્યે કોઈ પણ પ્રકારના દુર્ભાવનો ત્યાગ કરવો તે પણ આભ્યંતર શુદ્ધિ છે. વ્યક્તિ જો અંદરથી શુદ્ધ ન હોય તો તેની ભક્તિનો કોઈ અર્થ રહેતો નથી.

**6. सात्त्विकी बुद्धिः** - શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના 13થી 18મા અધ્યાયમાં ભગવાન કૃષ્ણ ત્રણ ગુણોનું વિસ્તૃત વિવેચન કરે છે. તેના અંતર્ગત 18મા અધ્યાયમાં ભગવાન ત્રણ પ્રકારની બુદ્ધિ કહે છે. સાત્ત્વિકી, રાજસી અને તામસી. જે પ્રવૃત્તિ-નિવૃત્તિ, કાર્ય-અકાર્ય, ભય-અભય અને બંધન-મુક્તિને યથાવત્ જાણનારી બુદ્ધિ છે તે સાત્ત્વિકી છે. (જે ધર્મ-અધર્મ અને કાર્યાકાર્યને યથાવત્ નથી જાણતી તે રાજસી છે અને જે અધર્મને ધર્મ માની લે છે અને એ રીતે બધા જ પદાર્થોને વિપરીત ગ્રહણ કરે છે તે તામસી બુદ્ધિ છે.)

**7. विद्या** – વિદ્યા 'જ્ઞાન'નો સમાનાર્થી શબ્દ છે. અહીં 'શાસ્ત્ર' શબ્દ પણ તેના વિકલ્પે વપરાયો છે. વિદ્યા અથવા જ્ઞાનનું કાર્ય પ્રકાશ કરવાનું છે. એટલે કે જે દેખાતું નથી તેને દેખાડવાનું કાર્ય વિદ્યા કરે છે. જેમ કે કોઈ પ્રમેય પ્રથમ સમજાય નહિ; પરંતુ તેના સિદ્ધાંતનું જ્ઞાન થયા પછી તે સરળ લાગે છે. આ રીતે જેમ જેમ મનુષ્ય વિદ્યા ગ્રહણ કરતો જાય છે એમ એમ એના સંશયો નાશ પામતા જાય છે. જ્ઞાનના દર્શન માટે નેત્રની આવશ્યકતા નથી કારણ કે જ્ઞાન સ્વયં લોચન છે, જે અપ્રત્યક્ષનું પણ દર્શન કરાવવાનું સામર્થ્ય ધરાવે છે.

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) यः आत्मनः गतिम् इच्छेत् स ............... भजेत्।

(क) क्षमाम्　(ख) धियम्　(ग) धृतिम्　(घ) विद्याम्

(2) कः द्विजः उच्यते ?

(क) दान्तः　(ख) अधीतविद्यः　(ग) जितेन्द्रियः　(घ) बुधः

(3) किं कार्यम् अकार्यं वा वेत्ति ?

(क) क्षमा　(ख) धृतिः　(ग) सत्यम्　(घ) बुद्धिः

(4) परोक्षार्थस्य दर्शकं किमस्ति ?

(क) धृतिः　(ख) बुद्धिः　(ग) विद्या　(घ) सत्यम्

(5) किम् आभ्यन्तरं शौचम् ?

(क) अस्तेयम्　(ख) भावसंशुद्धिः　(ग) बुद्धिः　(घ) इन्द्रियनिग्रहः

**2. संस्कृतभाषायाम् उत्तरं लिखत ।**

(1) धर्मस्य कति लक्षणानि ?

(2) अन्यदीये तृणे काञ्चने च मनसा विनिवृत्तिः किम् ?

(3) सत्यस्य किं लक्षणम् ?

(4) शास्त्रम् कस्य लोचनं ?

(5) कः व्यसने न शोचति ?

**3. क-वर्गं ख-वर्गेण यथास्वं योजयत ।**

| **क-वर्गः** | **ख-वर्गः** |
|---|---|
| (1) शौचम् | (1) प्रवृत्तिं निवृत्तिं च वेत्ति। |
| (2) धृतिः | (2) द्विविधम्। |
| (3) धीः | (3) मनसा विनिवृत्तिः। |
| (4) सत्यम् | (4) नाप्नोति विक्रियाम्। |
| (5) अस्तेयम् | (5) यथार्थकथनम्। |

**4. માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) ક્ષમાશીલ વ્યક્તિ શા માટે સુરક્ષિત છે ?

(2) શાસ્ત્રને શા માટે લોચન કહ્યું છે ?

(3) ક્રોધને શા માટે છોડવો જોઈએ ?

(4) જે બંધન અને મોક્ષ બંનેને જાણે છે તેને કેવા પ્રકારની બુદ્ધિ કહેવાય ?

**5. વિવરણાત્મક નોંધ લખો :**

(1) इन्द्रियनिग्रहः

(2) शौचम्

(3) धृतिः

**6. ધર્મનાં દસ લક્ષણો વિશે સમીક્ષાત્મક નોંધ લખો.**

**7. સસંદર્ભ સમજૂતી આપો :**

(1) स दान्तो द्विज उच्यते।

(2) न हृष्यति ग्लायति वा स विज्ञेयो जितेन्द्रियः।

(3) तस्मात् क्रोधं विवर्जयेत्।

•

# 5. भस्मावशेषं मदनं चकार

[**પ્રસ્તાવના :** સંસ્કૃત સાહિત્યનાં માન્ય પ્રસિદ્ધ પાંચ મહાકાવ્યોમાંનું એક મહાકાવ્ય એ કાલિદાસ વિરચિત કુમારસંભવમ્ છે. આ મહાકાવ્યનાં નાયક-નાયિકા જગતનાં માતા-પિતા એવાં પાર્વતી અને પરમેશ્વર-શિવ છે. તેમના વિવાહપ્રસંગનું નિરૂપણ કુમારસંભવનો મુખ્ય વિષય છે. પ્રસ્તુત પાઠમાં સમાવિષ્ટ આઠ પદ્યો તેમના વિવાહપૂર્વેની એક સુપ્રસિદ્ધ ઘટનાના ભાગ તરીકે (કુમારસંભવના તૃતીય સર્ગમાં) આવે છે.

તારકાસુર દાનવ દેવોને અતિશય ત્રાસ આપતો હતો. આ ત્રાસથી મુક્ત થવા માટે દેવો બ્રહ્માની પાસે ગયા અને ત્રાસના નિવારણનો ઉપાય પૂછ્યો. બ્રહ્માએ દેવોને જણાવ્યું કે શિવ અને પાર્વતીનો પુત્ર સેનાપતિ બનીને તારકાસુર સાથે યુદ્ધ કરે, યુદ્ધમાં તારકાસુરનો વધ થાય, તો જ તમને આ ત્રાસમાંથી મુક્તિ મળી શકે એમ છે. આ કાર્યને સંપન્ન કરવા માટે શિવ-પાર્વતીનો વિવાહ થાય, તે આવશ્યક હતું. આ કાર્ય સંપન્ન કરવાની જવાબદારી કામદેવને સોંપવામાં આવી.

હિમાલય ઉપર શિવ તપસ્યામાં લીન હતા. પાર્વતી એમની પરિચર્યામાં લાગેલાં હતાં. કામદેવ અહીં આવી પહોંચે છે અને પોતાને સોંપાયેલું કાર્ય કરવા માટે સન્નદ્ધ બને છે. કામદેવના સહયોગ માટે વસંતઋતુ ઉપસ્થિત થાય છે. (આમ, અકાળે વસંતઋતુ ખીલી ઊઠી છે.) વસંતના આ પ્રભાવક વાતાવરણમાં પાર્વતી શિવને કમળકાકડીની માળા પહેરાવે છે. તકની રાહ જોઈ રહેલો કામદેવ સક્રિય થઈને સંમોહન નામનું બાણ ધનુષ્ય પર ચઢાવે છે. શિવ સહેજ વિચલિત થાય છે, પણ તરત જ સંયમ કેળવી લે છે. કામદેવની આ કુચેષ્ટાથી શિવ ક્રોધે ભરાય છે અને પોતાનું ત્રીજું નેત્ર ખોલીને પળવારમાં કામદેવને ભસ્મ કરી દે છે.

કામદેવના દહનની આ ઘટનાનું કાલિદાસે કરેલું સરસ વર્ણન નીચેના ઉપજાતિ છંદમાં રચાયેલાં આઠ પદ્યોમાં પ્રસ્તુત છે. અર્થાવબોધની સરળતા માટે અહીં પ્રત્યેક પદ્યની નીચે અન્વય પણ મૂકવામાં આવ્યો છે. ]

---

अथोपनिन्ये गिरिशाय गौरी तपस्विने ताम्ररुचा करेण।
विशोषितां भानुमतो मयूखैर्मन्दाकिनीपुष्करबीजमालाम्॥ १॥

**अन्वयः** – अथ गौरी तपस्विने गिरिशाय ताम्ररुचा करेण भानुमतः मयूखैः विशोषितां मन्दाकिनीपुष्करबीजमालाम् उपनिन्ये।

प्रतिग्रहीतुं प्रणयिप्रियत्वात्त्रिलोचनस्ताम् उपचक्रमे च।
सम्मोहनं नाम च पुष्पधन्वा धनुष्यमोघं समधत्त बाणम्॥ २॥

**अन्वयः** – त्रिलोचनः प्रणयिप्रियत्वात् तां प्रतिग्रहीतुम् उपचक्रमे च। पुष्पधन्वा च धनुषि सम्मोहनं नाम अमोघं बाणं समधत्त।

हरस्तु किञ्चित्परिलुप्तधैर्यश्चन्द्रोदयारम्भ इवाम्बुराशिः।
उमामुखे बिम्बफलाधरोष्ठे व्यापारयामास विलोचनानि॥ ३॥

**अन्वयः** – चन्द्रोदयारम्भे अम्बुराशिः इव किञ्चित् परिलुप्तधैर्यः हरः तु बिम्बफलाधरोष्ठे उमामुखे विलोचनानि व्यापारयामास।

विवृण्वती शैलसुतापि भावम् अङ्गैः स्फुरद्बालकदम्बकल्पैः।
साचीकृता चारुतरेण तस्थौ मुखेन पर्यस्तविलोचनेन॥ ४॥

**अन्वयः** – शैलसुता अपि स्फुरद्बालकदम्बकल्पैः अङ्गैः भावं विवृण्वती साचीकृता चारुतरेण पर्यस्तविलोचनेन मुखेन तस्थौ।

अथेन्द्रियक्षोभम् अयुग्मनेत्रः पुनर्वशित्वाद्बलवन्निगृह्य।
हेतुं स्वचेतोविकृतेर्दिदृक्षुर्दिशाम् उपान्तेषु ससर्ज दृष्टिम्॥ ५॥

**अन्वयः** – अथ अयुग्मनेत्रः वशित्वात् इन्द्रियक्षोभं बलवत् निगृह्य स्वचेतोविकृतेः हेतुं दिदृक्षुः दिशाम् उपान्तेषु दृष्टिं ससर्ज।

स दक्षिणापाङ्गनिविष्टमुष्टिं नतांसमाकुञ्चितसव्यपादम्।
ददर्श चक्रीकृतचारुचापं प्रहर्तुमभ्युद्यतमात्मयोनिम्॥ ६॥

अन्वयः – सः दक्षिणापाङ्गनिविष्टमुष्टिं नतांसम् आकुञ्चितसव्यपादम् चक्रीकृतचारुचापम् आत्मयोनिं प्रहर्तुम् अभ्युद्यतम् ददर्श।

तपःपरामर्शविवृद्धमन्योर्भ्रूभङ्गदुष्प्रेक्ष्यमुखस्य तस्य।
स्फुरन्नुदर्चिः सहसा तृतीयादक्ष्णः कृशानुः किल निष्पपात॥ ७॥

अन्वयः – तपःपरामर्शविवृद्धमन्योः भ्रूभङ्गदुष्प्रेक्ष्यमुखस्य तस्य तृतीयात् अक्ष्णः स्फुरन् उदर्चिः कृशानुः सहसा निष्पपात किल।

क्रोधं प्रभो संहर संहरेति यावद्गिरः खे मरुतां चरन्ति।
तावत्स वह्निर्भवनेत्रजन्मा भस्मावशेषं मदनं चकार॥ ८॥

अन्वयः – (हे) प्रभो ! क्रोधं संहर संहर इति मरुतां गिरः खे यावत् चरन्ति, तावत् भवनेत्रजन्मा सः वह्निः मदनं भस्मावशेषं चकार।

## ટિપ્પણી

**(શ્લોક १) उपनिन्ये ( उप + नी प. भू. अ. ए.व. )** અર્પણ કરી. પહેરાવી. **गिरिशाय** શિવને **(** પર્યાય - **शिवः, शङ्करः, त्रिलोचनः, हरः ) गौरी (** પર્યાય - **शैलजा, पार्वती, उमा, शैलसुता )** પાર્વતીએ **तपस्विने ( तपस्विन् ( पुं. ) च.ए.व. )** તપસ્વીને **ताम्ररुचा ( ताम्रस्य रुच् इव रुच् यस्य सः, तेन ( बहु. )। ताम्ररुच् ( पुं ) तृ.ए.व. )** તાંબા જેવી કાંતિવાળા, લાલિમાવાળા **विशोषिताम्** સૂકવેલી **भानुमतः** સૂર્યનાં **मयूखैः (** પર્યાય - **अंशुः, रश्मिः, करः )** કિરણો વડે **मन्दाकिनी-पुष्कर-बीजमालाम् ( मन्दाकिन्याः पुष्कराणि - ( ष.त. ), मन्दाकिनीपुष्कराणाम् बीजानि - ( ष.त. ) मन्दा... बीजानाम् माला, - ताम् ( ष.त. ))** મન્દાકિની-ગંગા નદીનાં કમળોનાં બીજ (કમળકાકડી)ની માળાને **( २ ) प्रतिग्रहीतुम् ( प्रति + ग्रह् + तुम् हे.कृ. )** સ્વીકારવા માટે **प्रणयिप्रियत्वात्** ભક્તજન પ્રત્યે પ્રેમ હોવાથી **त्रिलोचनः ( त्रीणि लोचनानि यस्य सः - बहु. )** ત્રણ આંખવાળા, શંકર **उपचक्रमे ( उप + क्रम् प. भू. अ. ए.व. )** શરૂઆત કરી **पुष्पधन्वा ( पुष्पम् धनुः यस्य सः - बहु. )** કામદેવ **धनुषि ( धनुस् ( नपुं. ) स.ए.व. )** ધનુષ્ય પર **अमोघम्** નિષ્ફળ ન જાય એવું **समधत्त ( सम् + धा ह्य.अ. ए.व. )** ચઢાવ્યું. સંધાન કર્યું. **( ३ ) हरः** શંકર **परिलुप्तधैर्यः ( परिलुप्तम् धैर्यम् यस्य सः - बहु. )** લોપાયેલા ધૈર્યવાળા, વિચલિત થયેલા ધૈર્યવાળા **चन्द्रोदयारम्भे ( चन्द्रस्य उदयः - ( ष.त. ) चन्द्रोदयस्य आरम्भः, तस्मिन् - ष.त. )** ચન્દ્રના ઉદયના પ્રારંભે **अम्बुराशिः ( अम्बूनाम् राशिः - ष.त. )** સમુદ્ર (પાણીનો જથ્થો-સમૂહ) **बिम्बफलाधरोष्ठे ( बिम्बस्य फलम् - ( ष.त. ), बिम्बफलम् इव अधरोष्ठः यस्य सः, तस्मिन् - बहु. )** બિંબફળ જેવા અધરોષ્ઠવાળા (ઉમાના મુખ ઉપર) **व्यापारयामास ( वि + आ + पृ प.भू. अ.ए.व. )** ફેરવી **विलोचनानि** ત્રણેય આંખો **( ४ ) विवृण्वती ( वि + वृ शतृ > अत् ( स्त्री. ) व.कृ. )** પ્રગટ કરતી **शैलसुता ( शैलस्य सुता - ष.त. )** પર્વતની કન્યા, પાર્વતી **स्फुरद्बालकदम्बकल्पैः ( बालश्चासौ कदम्बः, बालकदम्बः - ( कर्म. ), स्फुरन् चासौ बालकदम्बः - ( कर्म. ) स्फुरद्बालकदम्ब + कल्प, त.प्र.; कल्प** એ તદ્ધિત પ્રત્યય છે અને તે...ના જેવાનો અર્થ આપે છે. જેમકે - **पुत्रकल्प** અર્થાત્ પુત્ર જેવો **)** ખીલતાં સુકોમળ કદમ્બનાં ફૂલના જેવા (રોમાંચિત) **साचीकृता** બાજુએ ફરેલી **चारुतरेण** વધારે સુંદર વડે **तस्थौ ( स्था प.अ.ए.व. )** ઊભી રહી. **पर्यस्तविलोचनेन ( पर्यस्ते लोचने यस्य तत्; तेन - बहु. )** ચંચળ આંખોવાળા **मुखेन**-મુખથી **( ५ ) इन्द्रियक्षोभम् ( इन्द्रियाणाम् क्षोभः, तम् - ष.त. )** ઇન્દ્રિયોના ખળભળાટને **अयुग्मनेत्रः ( न युग्मम्-( नञ्त. ), अयुग्मं नेत्रं यस्य सः - बहु. )** અયુગ્મ (એકી સંખ્યા) ત્રણ આંખવાળા **वशित्वात्** વશ કરનાર હોવાથી **बलवत् ( बलम् अस्य अस्ति - बलवत् )** બળપૂર્વક **निगृह्य ( नि + ग्रह् + क्त्वा > य - सं.भू.कृ. )** કાબૂમાં લઈને **हेतुम्** કારણને **स्वचेतोविकृतेः ( स्वस्य चेतः - ( ष.त. ), स्वचेतसः विकृतिः, तस्य - ष.त. )** પોતાના મનના વિકારના **दिदृक्षुः ( दृश् + सन् > दिदृक्षा + उ** (ઇચ્છાદર્શક વિશેષણ) **कृ.प्र. )**

જોવાની ઈચ્છાવાળા **दिशाम्** દિશાઓના **उपान्तेषु** અંતભાગોમાં **ससर्ज ( सृज् प.भू. अ. ए.व. )** ઉત્પન્ન કરી. (અહીં સંદર્ભ પ્રમાણે - નજર નાખી, એવો અર્થ લેવાનો છે.) **दृष्टिम्** નજરને **( ६ ) दक्षिणापाङ्गनिविष्टमुष्टिम् ( दक्षिणापाङ्गं यावत् निविष्टा मुष्टिः येन, तम् -बहु. )** જમણી આંખના છેડા સુધી મુઠ્ઠી વાળેલાને **नतांसम् ( नतः अंसः यस्य सः, तम् - बहु. )** નમેલા ખભાવાળાને **आकुञ्चितसव्यपादम् ( आकुञ्चितः सव्यः पादः यस्य सः - बहु. )** વાંકા વાળેલા ડાબા પગવાળાને **ददर्श ( दृश् प.भू. अ.ए.व. )** જોયો. **चक्रीकृतचारुचापम् ( चक्रीकृतं चारुचापं येन - बहु. )** સુંદર ધનુષ્યને ગોળાકાર કરનારને **अभ्युद्यतम्** તૈયાર થયેલાને **आत्मयोनिम् ( आत्मा एव योनिः यस्य सः - बहु. )** કામદેવને **( ७ ) तपःपरामर्शविवृद्धमन्योः ( तपसः परामर्शः - ( ष.त. ) तपःपरामर्शेन विवृद्धः मन्युः यस्य सः - बहु. )** તપ પરના આક્રમણથી જેમનો ગુસ્સો વધી ગયો છે તેનું **भ्रूभङ्गदुष्प्रेक्ष्यमुखस्य ( भ्रूभङ्गेन दुष्प्रेक्ष्यम् मुखम् यस्य सः - बहु. )** ભવાં ચઢાવવાને કારણે જેમના મુખને જોવું અસહ્ય થઈ ગયું છે તેને **स्फुरन् ( स्फुर् + शतृ > अत् - व.कृ. )** ઝબકતો **उदर्चिः** ઊંચે જતી જ્વાળાઓવાળો **सहसा** એકાએક **तृतीयात् अक्ष्णः ( अक्षिन् ( नपुं. ) पं. ए.व. )** ત્રીજી આંખમાંથી **कृशानुः** અગ્નિ **किल** ખરેખર (નિશ્ચય બતાવવા માટે આ નિપાત વપરાય છે.) **निष्पपात ( निस् + पत् प. भू. अ.ए.व. )** નીકળ્યો. ફેંકાયો. **( ८ ) प्रभो** હે પ્રભુ **संहर ( सम् + हृ आज्ञार्थ. म.ए.व. )** શમન કરો. શાન્ત કરો **गिरः ( गिर् ( स्त्री. ) प्र.ब.व. )** વાણી ( પર્યાય - **वाणी, वाक् ) खे** આકાશમાં ( પર્યાય - **आकाशम्, गगनम् ) मरुताम्** દેવતાઓની **चरन्ति ( चर् व.अ.ब.व. )** ફરતી હતી, ફેલાઈ **वह्निः** અગ્નિ ( પર્યાય - **अग्निः, पावकः, अनलः ) भवनेत्रजन्मा ( भवस्य नेत्रम् - ( ष.त. ), भवनेत्रात् जन्म यस्य सः - बहु. )** શિવના નેત્રમાંથી ઉત્પન્ન થયેલ **भस्मावशेषम् ( भस्म एव अवशेषः यस्य सः तम् - बहु. )** ભસ્મ જ અવશેષ છે જેની તેવો, ભસ્મસાત્ **चकार ( कृ प. भू. अ.ए.व. )** કરી નાખ્યો. બનાવી દીધો. **मदनम्** કામદેવને **( પર્યાય - कामः, मन्मथः मनोजः )**

## સન્ધિ

अथोपनिन्ये (अथ उपनिन्ये)। भानुमतो मयूखैर्मन्दाकिनी..मालाम् (भानुमतः मयूखैः मन्दाकिनी...मालाम्)। धनुष्यमोघम् (धनुषि अमोघम्)। त्रिलोचनस्ताम् (त्रिलोचनः ताम्)। हरस्तु (हरः तु)। किञ्चित्परिलुप्त-धैर्य श्चन्द्रोदयारम्भ इवाम्बुराशिः (किञ्चित् परिलुप्तधैर्यः चन्द्रोदयारम्भे इव अम्बुराशिः)। शैलसुतापि (शैलसुता अपि)। अथेन्द्रियक्षोभम् (अथ इन्द्रियक्षोभम्)। पुनर्वशित्वाद्बलवन्निगृह्य (पुनः वशित्वात् बलवत् निगृह्य)। स्वचेतोविकृतेर्दिदृक्षुर्दिशाम् (स्वचेतोविकृतेः दिदृक्षुः दिशाम्)। स दक्षिणापाङ्गनिविष्टमुष्टिम् (सः दक्षिणा...मुष्टिम्)। तपःपरा..मन्योर्भ्रूभङ्ग..मुखस्य (तपःपरा..मन्योः भ्रूभङ्ग..मुखस्य)। स्फुरन्नुदर्चिः (स्फुरन् उदर्चिः)। तृतीयादक्ष्णः (तृतीयात् अक्ष्णः)। संहरेति (संहर इति)। यावद्गिरः (यावत् गिरः)। स वह्निर्भवनेत्रजन्मा (सः वह्निः भवनेत्रजन्मा)।

## વિશેષ

**1.** સંસ્કૃત કાવ્યને ગદ્ય અને પદ્ય એમ બે પ્રકારોમાં વહેંચવામાં આવે છે. ગદ્યકાવ્ય એ અમિતાક્ષર કાવ્ય છે, કેમકે ગદ્યમાં અક્ષરોની કોઈ ચોક્કસ મર્યાદા જાળવી રાખવી જરૂરી હોતી નથી. પદ્યકાવ્ય એ મિતાક્ષર કાવ્ય છે, કેમકે પદ્યમાં સ્વીકારેલા છંદ મુજબ અક્ષરોની મર્યાદા જાળવી રાખવી જરૂરી બની જતી હોય છે. આ પ્રકારની મર્યાદાની જાળવણી માટે પર્યાય-પદો સહાયક બનતાં હોય છે. પ્રસ્તુત પાઠમાં શિવને માટે જે જુદા જુદા પર્યાયો વપરાયા છે, તેનું એક કારણ પદ્યની મિતાક્ષરતા પણ છે. સાથે સાથે પર્યાયપદોમાંથી અમુક પર્યાય વાપરીને પ્રતિભાશાળી કવિ પોતાના કાવ્યને ચમત્કૃતિપૂર્ણ બનાવતો હોય છે. મહાકવિ કાલિદાસે ઉપર્યુક્ત પદ્યોમાં શિવ, પાર્વતી અને કામદેવને માટે વાપરેલાં પર્યાયપદો એક ખાસ પ્રકારની અર્થચ્છાયા પ્રગટાવીને કાવ્યના સૌન્દર્યમાં અને કાવ્યની રસિકતામાં વૃદ્ધિ કરી આપે છે. (નીચે જે શબ્દોની નોંધ આપવામાં આવી છે, તે ઉપરથી આ વાત વધારે સ્પષ્ટ થઈ શકશે.)

**2. अयुग्मनेत्रः।** શિવને ત્રણ નેત્ર છે. (સામાન્ય રીતે માણસને બે નેત્ર હોય છે, પણ જો તે જ્ઞાનાર્જન કરે, તો તેને જ્ઞાનરૂપી એક ત્રીજું નેત્ર પ્રાપ્ત થઈ શકે છે.) આ ત્રણ નેત્ર હોવાને કારણે શિવને त्रिनेत्रः કે त्रिलोचनः કહે છે. આપણે જાણીએ છીએ કે બે, ચાર વગેરે સંખ્યાઓ યુગ્મ (બેકી) અને એક, ત્રણ વગેરે સંખ્યાઓ અયુગ્મ (એકી) સંખ્યા છે. સામાન્ય રીતે નેત્રની સંખ્યા બેની હોય છે, તેથી સામાન્ય જન-માણસને યુગ્મનેત્ર કહી શકાય, પણ શિવને તો ત્રણ નેત્ર છે, તેથી તેમને ત્રિનેત્ર, ત્રિલોચન, અયુગ્મનેત્ર - જેવાં નામોથી ઓળખવામાં આવે છે.

**3. पुष्पधन्वा।** પુષ્પ છે ધનુષ્ય જેનું તે પુષ્પધન્વા. પુષ્પને ધનુષ્ય બનાવીને કામદેવ બાણ છોડે છે. કામદેવની પાસે પાંચ બાણ છે - ઉન્માદન, તાપન, શોષણ, સ્તંભન અને સંમોહન. આ પાંચ બાણોમાંથી જેને જે બાણ વાગે તેની તે પ્રકારની સ્થિતિ બની જતી હોય છે. જેમકે - ઉન્માદન નામનું બાણ જેના ઉપર છોડવામાં આવે તે, કામદેવના બાણથી ઘાયલ થયેલો માણસ ઉન્માદી બની જાય છે. તાપન નામનું બાણ જેના ઉપર છોડવામાં આવે તે, તપવા લાગે છે. શોષણ નામનું બાણ જેને વાગ્યું હોય, તે બાણથી ઘાયલ થયેલો માણસ સૂકાવા લાગે છે. સ્તંભન નામના બાણથી હણાયેલો માણસ સ્તબ્ધ (કાંઈ સૂઝે નહિ, ગુમસુમ રહેનાર) બની રહે છે. સંમોહન નામના બાણથી ઘાયલ માણસ મોહિત થઈ જાય છે. અહીં કામદેવ શિવને સંમોહન નામના બાણથી પાર્વતી તરફ મોહિત કરવાનો ઉપક્રમ કરે છે. અરવિંદ, અશોક, આંબો, નવમલ્લિકા અને નીલોત્પલ એ પાંચ પુષ્પોને પણ કામદેવનાં પાંચ બાણ કહ્યાં છે.

**4. उमा।** ઉમા એ પાર્વતીનું નામ છે. પાર્વતીનાં વિવિધ નામો છે. તેની પાછળનાં કારણો પણ જાણવા જેવાં છે. પર્વતનાં પુત્રી હોવાથી તેમનું એક નામ પાર્વતી છે. પર્વતનો પર્યાય શૈલ છે. શૈલથી જન્મ્યાં હોવાથી પાર્વતીનું બીજું એક નામ શૈલજા છે. શૈલની સુતા - પુત્રી હોવાથી શૈલસુતા તરીકે પણ તે જાણીતાં છે. પિતા દક્ષના યજ્ઞમાં કૂદી જઈને તેઓ સતી થયાં હતાં, તેથી તેમને સતી તરીકે પણ ઓળખવામાં આવે છે. આમ, જુદાં જુદાં કારણોથી પાર્વતીનાં અનેક નામો છે.

પૂર્વ જન્મમાં તેઓ દક્ષનાં પુત્રી હતાં. સતી થયા બાદ તેમનો જન્મ પર્વતને ત્યાં થયો. આમ, તેઓ પર્વતનાં પુત્રી બન્યાં અને પાર્વતી તરીકે જાણીતાં થયાં. આ પાર્વતીનું એક નામ ઉમા છે. મહાકવિ કાલિદાસ (કુમારસંભવ 1 : 26) જણાવે છે તેમ उमेति मात्रा तपसो निषिद्धा पश्चादुमाख्यां सुमुखी जगाम। અર્થાત્ उ હે દીકરી ! मा (આવું કઠન તપ કરીશ) નહિ, એમ કહીને તપ તપવામાંથી તેમને વાર્યાં હોવાથી પાર્વતીને ઉમા નામ પ્રાપ્ત થયું છે.

### સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) कः देवः पुष्पधन्वा कथ्यते ?

(क) इन्द्रः (ख) शङ्करः (ग) विष्णुः (घ) कामदेवः

(2) भगवान् शङ्करः कीदृशः ?

(क) द्विनेत्रः (ख) अयुग्मनेत्रः (ग) बहुनेत्रः (घ) सहस्राक्षः

(3) अम्बुराशिः इति शब्दस्य कः पर्यायः ?

(क) समुद्रः (ख) नभः (ग) तपोवनम् (घ) पर्वतः

(4) प्रभो, क्रोधं संहर इति देवानां गिरः कुत्र चरन्ति ?

(क) स्वर्गे (ख) समुद्रे (ग) आकाशे (घ) अरण्ये

**2. संस्कृतभाषया उत्तरत ।**

(1) गौरी गिरिशाय किम् उपनिन्ये ?

(2) पुष्पधन्वा धनुषि किं नाम बाणं समधत्त ?

(3) हरः कुत्र विलोचनानि व्यापारयामास ?

(4) शैलसुता कीदृशैः अङ्गैः भावं विवृण्वती अभवत् ?

(5) शङ्करस्य तृतीयात् अक्ष्णः सहसा किं निष्पपात ?

(6) कः मदनं भस्मावशेषं चकार ?

**3. માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) તપસ્વી શિવને પાર્વતીએ શું અર્પણ કર્યું ? કઈ રીતે ?

(2) કામદેવના સંમોહન બાણની શિવ પર શી અસર થઈ ?

(3) ઇન્દ્રિયક્ષોભને વશ કરીને શંકરે ક્યાં દૃષ્ટિ નાખી ?

(4) શંકરે કેવા કામદેવને જોયો ?

(5) આકાશમાં રહેલા દેવતાઓ શંકરને શું કહેવા લાગ્યા ?

**4. સસંદર્ભ સમજૂતી આપો :**

(1) धनुष्यमोघं समधत्त बाणम्।

(2) व्यापारयामास विलोचनानि।

(3) दिशामुपान्तेषु ससर्ज दृष्टिम्।

(4) भस्मावशेषं मदनं चकार।

**5. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) મદનદહનનો પ્રસંગ

(2) કામદેવનું કાર્ય

**6. વિવરણાત્મક નોંધ લખો :**

(1) અયુગ્મનેત્ર

(2) પુષ્પધન્વા

(3) સંમોહન

(4) ઉમા

•

# 6. उपनिषद्-रससुधा

[**प्रस्तावना :** उपनिषद् શબ્દ उप + नि + सद् ઉપરથી બન્યો છે. उपનો અર્થ છે - પાસે, ગુરુની પાસે. नि નો અર્થ છે - નિશ્ચિતરૂપે અને सद्નો અર્થ છે - બેસવું. આ રીતે ઉપનિષદ્‌નો અર્થ થાય છે - ગુરુની પાસે નિશ્ચિત થઈ બેસીને પ્રાપ્ત કરેલું રહસ્યાત્મક જ્ઞાન. આ પ્રકારના તાત્ત્વિક જ્ઞાન ધરાવતા ગ્રંથોને માટે ઉપનિષદ્ શબ્દ પ્રસિદ્ધ છે. આ ઉપનિષદોમાં જે જ્ઞાનનો સંગ્રહ છે, તે કોઈ એક જ કાળમાં અને એક જ વ્યક્તિના હૃદયમાં પ્રગટેલ નથી; પરંતુ તે તો અનેક ઋષિઓ, મુનિઓ અને વિદ્વાનોની વિદ્વત્તાનું અને તપનું નવનીત છે.

આમ તો ઉપનિષદોની સંખ્યા બસોથી પણ વધારે છે, છતાં તેમાં મુખ્ય ઉપનિષદો તો માત્ર અગિયાર જ છે. પ્રસ્તુત પાઠમાં આ અગિયાર ઉપનિષદો પૈકી ईशोपनिषद्, कठोपनिषद्, तैत्तिरीयोपनिषद्, मुण्डकोपनिषद् અને श्वेताश्वतरोपनिषद् – એમ માત્ર પાંચ ઉપનિષદોમાંથી અલગ-અલગ વિષયવસ્તુ ધરાવતાં પસંદગીનાં પાંચ પદ્યોને મૂકવામાં આવ્યાં છે.

આ પદ્યોમાં પ્રથમ ત્રણમાં ક્રમશઃ એકત્વ સાધવાની પ્રક્રિયાનું, પરમ શાંતિના અધિકારીનું અને વિદ્વાન વ્યક્તિનું લક્ષણ વર્ણવ્યું છે. ચોથા મંત્રમાં સત્યનો મહિમા ગાવામાં આવ્યો છે અને પાંચમા મંત્રમાં પરમતત્ત્વની પરમતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ મંત્રોમાં આવતાં વર્ણન થકી માનવને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી હવે માણસે તે પ્રમાણેની ક્રિયા કરવાની છે અને એ પ્રકારનું જીવન જીવવાનો પ્રયત્ન આચરવાનો છે.]

---

१. यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः॥

– ईशोपनिषद्

२. नित्यो नित्यानां चेतनश्चेतनानाम्
एको बहूनां यो विदधाति कामान्।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरा–
स्तेषां शान्तिः शाश्वती नेतरेषाम्॥

– कठोपनिषद्

३. यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।
आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कदाचन॥

– तैत्तिरीयोपनिषद्

४. सत्यमेव जयते नानृतं सत्येन पन्था विततो देवयानः।
येनाक्रमन्त्यृषयो ह्याप्तकामा यत्र तत्सत्यस्य परमं निधानम्॥

– मुण्डकोपनिषद्

५. न तत्र सूर्यो भाति न चन्द्रतारकं
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः।
तमेव भान्तमनुभाति सर्वं
तस्य भासा सर्वमिदं विभाति॥

– श्वेताश्वतरोपनिषद्

## ટિપ્પણી

**यस्मिन् ( यद् ( सर्व. नपुं. ) स.ए.व. )** જેમાં **भूतानि** જીવો, પ્રાણીઓ **आत्मा** જીવાત્મા **अभूत् ( भू** હોવું, થવું **अ.भू. अ.ए.व. )** થયું, બન્યું **विजानतः ( वि + ज्ञा > जन् > शतृ > त् व.कृ. विजानत् ( पुं. ) ष.ए.व. )** વિશેષરૂપે જાણનારને **मोहः** આસક્તિ **शोकः** દુઃખ, ગ્લાનિ **एकत्वम्** એકપણાને **अनुपश्यतः ( अनु + दृश् > पश्य् > शतृ > त् व.कृ. अनुपश्यत् ( पुं. ) ष.ए.व. )** જોનારને **नित्यः** સદા, સર્વકાલીન **चेतनः** ચૈતન્યયુક્ત **विदधाति ( वि + धा** ધારણ કરવું **व. अ.ए.व. )** ધારણ કરે છે **कामान्** કામનાઓને **आत्मस्थम् ( आत्मनि तिष्ठति - उप.त. )** આત્મામાં સ્થિર રહેલાને **अनुपश्यन्ति ( अनु + दृश् > पश्य्, व. अ.ब.व. )** જુએ છે **धीराः** ધૈર્યવાન લોકો **शान्तिः शाश्वती** સર્વકાલીન શાંતિ, કાયમી શાંતિ **इतरेषाम् ( इतर ( पुं. ) सर्व. ष.ब.व. )** અન્યોની **यतः** જ્યાંથી **वाचः ( वाक् ( स्त्री. ) प्र.ब.व. )** વાણી, શબ્દો **निवर्तन्ते ( नि + वृत् व. अ.ब.व. )** પાછા વળે છે **अप्राप्य** પ્રાપ્ત ન કરીને **मनसा ( मनस् ( नपुं. ) तृ.ए.व. )** મનથી **ब्रह्मणः ( ब्रह्मन् ( नपुं. ) ष.ए.व. )** બ્રહ્મ-તત્ત્વના **विद्वान्** જાણનાર **बिभेति ( भी व. अ.ए.व. )** ડરે છે. **कदाचन** ક્યારેય પણ **सत्यम्** ( પર્યાય - **ऋतम्** - વિરોધી - **असत्यम्, अनृतम् ) जयते** વિજય પામે છે **अनृतम्** અસત્ય **पन्थाः ( पथिन् ( पुं. ) प्र.ए.व. )** માર્ગ **विततः ( वि + तन् + क्त > त, क.भू.कृ. )** વિસ્તરે છે **देवयानः** જીવની એક પ્રકારની ગતિ (જેમાં મરણ પછી હવે જીવને મૃત્યુલોકમાં પરત આવવાનું રહેતું નથી.) **येन** જેના વડે **आक्रमन्ति ( आ + क्रम् व. अ.ब.व. )** ઓળંગી જાય છે. (જીવન-મરણના ફેરામાંથી મુક્ત થાય છે.) **हि ( अ. )** ખરેખર **आप्तकामाः** પૂર્ણ થયેલી કામનાઓવાળા **परमम्** શ્રેષ્ઠ, સર્વોચ્ચ **निधानम्** આશ્રયસ્થાન **भाति ( भा व. अ.ए.व. )** પ્રકાશે છે **चन्द्रतारकम् ( चन्द्रः च तारकाः च, स.द्व. )** ચંદ્ર અને તારાઓનો સમૂહ **इमाः ( इदम् ( सर्व. - स्त्री. ) प्र.ब.व. ) विद्युतः** આ વીજળીઓ ( પર્યાય - **दामिनी ) भान्तम्** પ્રકાશિત થયેલાને **अनुभाति** પછીથી પ્રકાશે છે **भासा** પ્રકાશથી

## સન્ધિ

भूतान्यात्मैवाभूद्विजानतः (भूतानि आत्मा एव अभूत् विजानतः)। चेतनश्चेतनानामेको बहूनाम् (चेतनः चेतनानाम् एकः बहूनाम्)। यो विदधाति (यः विदधाति)। येऽनुपश्यन्ति (ये अनुपश्यन्ति)। धीरास्तेषाम् (धीराः तेषाम्)। नेतरेषाम् (न इतरेषाम्)। ब्रह्मणो विद्वान् (ब्रह्मणः विद्वान्)। नानृतम् (न अनृतम्)। येनाक्रमन्त्यृषयो (येन आक्रमन्ति ऋषयः)। ह्याप्तकामा यत्र (हि आप्तकामाः यत्र)। नेमा विद्युतो भान्ति (न इमाः विद्युतः भान्ति)। कुतोऽयमग्निः (कुतः अयम् अग्निः)।

## વિશેષ

**1. सर्वाणि भूतानि** બધાં જ ભૂતો, પ્રાણીઓ. સંસ્કૃત સાહિત્યમાં 'ભૂત' શબ્દ પ્રાણીમાત્ર માટે વપરાયો છે. દરેક પ્રાણીએ જન્મ લઈને પોતાનું અસ્તિત્વ પ્રાપ્ત કરી લીધું હોવાથી, તેમને માટે 'ભૂત' શબ્દનો પ્રયોગ થાય છે. બીજી રીતે કહીએ તો ભૂતનો અર્થ છે 'જન્મેલા', 'જન્મ થકી અસ્તિત્વમાં આવી ચૂકેલા'.

**2. को मोहः कः शोकः** મોહ કેવો અને શોક કેવો ? જ્યાં એકમાંથી બધું ઉત્પન્ન થતું હોય અને એકમાં જ સમાઈ જતું હોય, ત્યાં પ્રાપ્ત વસ્તુનો મોહ અને વિગત વસ્તુનો શોક શો કરવો ? જો કોઈ આવો શોક કરે, તો તે નરી મૂર્ખતા જ સમજવી જોઈએ. આ ઉપદેશ અહીં આપવામાં આવ્યો છે.

**3. एकत्वमनुपश्यतः** એકત્વનું દર્શન કરનારને. વેદાંત દર્શન અનુસાર આ સમગ્ર જગત એક તત્ત્વમાંથી ઉત્પન્ન થયું છે. આથી દૃશ્ય-અદૃશ્ય સર્વ પદાર્થોમાં એ એક જ તત્ત્વ વિલસી રહ્યું છે. આમ, સર્વત્ર તેનું દર્શન કરવું એ જ એકત્વનું દર્શન કરવું છે - એવું સમજવાનું છે.

**4. नित्यः** સાર્વકાલિક. જે ત્રણેય કાળમાં અને સર્વ સ્થાનમાં પોતાનું અસ્તિત્ત્વ ધરાવતું હોય, તેને નિત્ય કહે છે. જગતનું નિર્માણ કરનાર જે બ્રહ્મ-તત્ત્વ છે, તેને નિત્ય માનવામાં આવે છે. વળી, જેનો આદિ ન હોય અર્થાત્ જે અનાદિ હોય અને જેનો અંત ન હોય અર્થાત્ જે અનંત હોય, તેને પણ નિત્ય માનવામાં આવે છે. બ્રહ્મતત્ત્વ આદિ વગરનું છે અર્થાત્ અનાદિ છે અને તે અંત વગરનું અનંત પણ છે. આ પ્રકારના નિત્ય પદાર્થને શાશ્વત પણ કહે છે.

**5. चेतनः** જગતમાં ચરાચર પદાર્થોમાં જ્યાં જ્યાં જીવનતત્ત્વ છે, ત્યાં ત્યાં ચૈતન્ય છે. જેમકે, પશુ, પક્ષી, માનવ વગેરેમાં જીવન છે, તેથી આ બધાંમાં ચૈતન્ય છે, એમ મનાય છે. આ ચૈતન્યને આત્મા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ચૈતન્ય કે આત્મામાં બીજું એક ચૈતન્ય રહેલું છે, જેને વેદાન્તમાં 'બ્રહ્મતત્ત્વ' તરીકે ઓળખાવવામાં આવ્યું છે.

આમ, અનેક ચૈતન્યોમાં જે આ (બ્રહ્મતત્ત્વના નામે જાણીતું) ચૈતન્ય રહેલું છે, તેને જે ચૈતન્ય-આત્મા પોતાના આત્મામાં જોઈ લે છે, તેને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાય છે.

**6. कामान्** કામનાઓને, ઇચ્છાઓને. મનુષ્યના મનમાં સમયાન્તરે જાતજાતની કામનાઓ જન્મ લેતી રહે છે. હજુ તો એક કામનાની પૂર્તિ થઈ નથી, કે તરત જ બીજી કામના જન્મી જતી હોય છે. આ બધી કામનાઓની પૂર્તિ માટે માનવી પ્રયત્નશીલ અવશ્ય હોય છે. પરંતુ અહીં ઉપનિષદ્‌ના ઋષિનું માનવું છે કે માનવીના મનમાં જન્મ પામતી કામનાઓની પૂર્તિ કરવાનું સામર્થ્ય કેવળ બ્રહ્મમાં છે. મનુષ્યની કામનાઓની પૂર્તિ બ્રહ્મ પોતાના સામર્થ્યથી કરે છે. આથી ઉપનિષદોમાં બ્રહ્મતત્ત્વને કામનાઓને ધારણ કરનારું કહ્યું છે.

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) सः ............... नित्यानाम्।

(क) नित्यः (ख) अनित्यः (ग) चेतनः (घ) अचेतनः

(2) अनृतम् इत्यस्य विलोमपदम् किम् ?

(क) सत्यम् (ख) असत्यम् (ग) ऋतम् (घ) नृत्तम्

(3) विद्युत् - इत्यस्य पर्यायः कः ?

(क) अग्निः (ख) दामिनी (ग) आकाशम् (घ) प्रकाशः

(4) किं न जयते ?

(क) ऋतम् (ख) अनृतम् (ग) सत्यम् (घ) असत्यम्

(5) तत्र किं न भाति ?

(क) सूर्यः (ख) चन्द्रमाः (ग) अग्निः (घ) सर्वम्

**2. संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) मोहः कस्य न भवति ?

(2) धीराणां कीदृशी शान्तिः भवति ?

(3) कः कदाचन न बिभेति ?

(4) किं सदैव जयते ?

(5) तत्र किं किं न भाति ?

**3. માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) એકત્વના દર્શનનું ફળ શું છે ?

(2) આત્મસ્થ શું છે ? અને તેને કોણ જુએ છે ?

(3) સત્યનું પરમનિધાન કયું છે ?

(4) બ્રહ્મતત્ત્વને સૂર્ય કેમ પ્રકાશી શકતો નથી ?

**4. વિવરણાત્મક નોંધ લખો :**

(1) सत्यम्

(2) आत्मस्थः

(3) नित्यः

(4) आप्तकामाः ऋषयः

**5. સસંદર્ભ સમજાવો :**

(1) सत्यमेव जयते नानृतम्। **અથવા** तत्सत्यस्य परमं निधानम्।

(2) तस्य भासा सर्वमिदं विभाति।

(3) शान्तिः शाश्वती नेतरेषाम्।

**6. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) એકત્વ દર્શનના લાભ

(2) શાશ્વત શાંતિની પ્રક્રિયા

(3) પ્રકાશનો પ્રકાશ

•

# 7. नाट्यमेतन्मया कृतम्

[**પ્રસ્તાવના :** સંસ્કૃતની નાટ્યશાસ્ત્રીય વિચારણાનો પ્રારંભ આચાર્ય ભરતથી થાય છે. નાટ્યાચાર્ય તરીકે પ્રસિદ્ધિ પામેલા આ આચાર્ય ઈ.સ.ની ત્રીજી શતાબ્દીની આસપાસ થઈ ગયા છે. એમણે રચેલો નાટ્યશાસ્ત્રના નામે જાણીતો ગ્રંથ સંસ્કૃતભાષાના વિદ્વાનોમાં તો પ્રસિદ્ધ છે જ, એ ઉપરાંત નાટ્યની સાથે સંબંધ ધરાવતી વિશ્વની અનેક ભાષાઓના વિદ્વાનોમાં પણ તેની તેટલી જ પ્રસિદ્ધિ છે. બીજી રીતે કહીએ તો એવો કોઈ નાટ્યવિદ્ મળવો મુશ્કેલ છે કે જે નાટ્યાચાર્ય ભરતથી પરિચિત ન હોય.

નાટ્યશાસ્ત્ર પોતાના નામ પ્રમાણે નાટ્યને લગતી પ્રાયઃ તમામ શાસ્ત્રીય બાબતોનો વિચાર કરે છે. એના પ્રથમ અધ્યાયમાં નાટ્યની ઉત્પત્તિને લગતી એક કથા આપવામાં આવી છે. તે મુજબ દેવો બ્રહ્મા પાસે ગયા અને તેમની પાસે એક એવા ક્રીડનીયક (રમકડા)ની માગણી કરી, જે આનંદ સાથે ઉપદેશ આપી શકે તથા દરેક વ્યક્તિ તેનો ઉપયોગ કરી શકે. આ માગણીના પ્રતિભાવમાં બ્રહ્માએ દેવોને જે ક્રીડનીયક આપ્યું, તે જ નાટ્ય. દેવોએ આ નાટ્યરૂપ ક્રીડનીયકને ભરત મુનિને આપ્યું. ભરતે પોતાના એક સો પુત્રોની મદદથી ઇન્દ્રધ્વજ મહોત્સવ પ્રસંગે સૌપ્રથમ નાટકની ભજવણી કરી.

નાટ્યની ઉત્પત્તિકથાના આ પ્રસંગમાં નાટ્યને લગતી કેટલીક મહત્ત્વની વિગતો પણ આપી છે. આમાંથી નાટ્યને ક્યાંથી અને કેવી રીતે આકાર આપવામાં આવ્યો છે (શ્લોક 1થી 3), આ નાટ્ય શું કરશે (શ્લોક 4થી 8) અને આ નાટ્ય શું છે (શ્લોક 9), એ ત્રણ બાબતોને લગતા નવ શ્લોકોનો સંગ્રહ અહીં કરવામાં આવ્યો છે. આ શ્લોકો અનુષ્ટુપ્ છંદમાં છે.]

सर्वशास्त्रार्थसम्पन्नं सर्वशिल्पप्रवर्तकम्।
नाट्याख्यं पञ्चमं वेदं सेतिहासं करोम्यहम्॥ १॥

एवं सङ्कल्प्य भगवान्सर्ववेदाननुस्मरन्।
नाट्यवेदं ततश्चक्रे चतुर्वेदाङ्गसम्भवम्॥ २॥

जग्राह पाठ्यमृग्वेदात्सामभ्यो गीतमेव च।
यजुर्वेदादभिनयान् रसानाथर्वणादपि॥ ३॥

क्वचिद्धर्मः क्वचित्क्रीडा क्वचिदर्थः क्वचिच्छमः।
क्वचिद्धास्यं क्वचिद्युद्धं क्वचित्कामः क्वचिद्वधः॥ ४॥

धर्मो धर्मप्रवृत्तानां कामः कामोपसेविनाम्।
निग्रहो दुर्विनीतानां विनीतानां दमक्रिया॥ ५॥

नानाभावोपसम्पन्नं नानावस्थान्तरात्मकम्।
लोकवृत्तानुकरणं नाट्यमेतन्मया कृतम्॥ ६॥

दुःखार्तानां श्रमार्तानां शोकार्तानां तपस्विनाम्।
विश्रान्तिजननं काले नाट्यमेतद्भविष्यति॥ ७॥

धर्म्यं यशस्यमायुष्यं हितं बुद्धिविवर्धनम्।
लोकोपदेशजननं नाट्यमेतद्भविष्यति॥ ८॥

न तज्ज्ञानं न तच्छिल्पं न सा विद्या न सा कला।
नासौ योगो न तत्कर्म नाट्येऽस्मिन्यन्न दृश्यते॥ ९॥

## ટિપ્પણી

**सर्वशास्त्रार्थसम्पन्नम् ( सर्वे चामी शास्त्रार्थाः - सर्वशास्त्रार्थाः ( कर्म. ), तैः सम्पन्नम्, तृ.त. )** બધા શાસ્ત્રાર્થોથી યુક્ત **सर्वशिल्पप्रवर्तकम् ( सर्वं च तत् शिल्पं - सर्वशिल्पम् ( कर्म. ), तेषाम् प्रवर्तकम् - ष.त. )** સર્વ શિલ્પોને-કલાઓને પ્રવર્તાવનારું **नाट्याख्यम्** નાટ્ય - એ નામના, નાટ્યનામથી પ્રસિદ્ધ એવા **सेतिहासम् ( इतिहासेन सहितम् - अ.भा. )** ઇતિહાસ સહિત **सङ्कल्प्य ( सम् + कल्प्** કલ્પવું, વિચારવું **+ क्त्वा > य > सं.भू.कृ. )** વિચારીને, સંકલ્પ કરીને **अनुस्मरन् ( अनु + स्मृ** યાદ કરવું **+ शतृ व.कृ. )** યાદ કરતાં કરતાં **नाट्यवेदम्** નાટ્યરૂપી વેદને **चक्रे ( कृ** કરવું, બનાવવું, રચવું **प.भू. अ. ए.व. )** બનાવ્યો. રચ્યો. **चतुर्वेदाङ्ग-सम्भवम् ( चतुर्वेदानाम् अङ्गानि - चतुर्वेदाङ्गानि, तेभ्यः सम्भवम् - पं.त. )** ચાર વેદ અને તેમનાં (છ) અંગોથી ઉત્પન્ન થયેલું, ઉદ્ભવેલું **जग्राह ( ग्रह्** ગ્રહણ કરવું **प.भू. अ. ए.व. )** ગ્રહણ કર્યું. લીધું. **पाठ्यम् ( पठितुम् योग्यम् - त.प्र. )** પાઠ, સંવાદ, ઉક્તિ **सामभ्यः ( सामन्** સામ નામનો મંત્ર **पं.ब.व. )** સામવેદના મંત્રોમાંથી **गीतम्** ગીતને, ગાનને (ગેયાત્મકતાને) **अभिनयान्** અભિનયને **रसान्** રસોને (શૃંગાર, હાસ્ય, વીર, કરુણ, બીભત્સ, અદ્ભુત વગેરે નવ રસોને) **आथर्वणात्** અથર્વવેદમાંથી **क्वचित्** ક્યાંક **धर्मः** ધર્મ (ચાર પુરુષાર્થોમાંનો એક પુરુષાર્થ) **क्रीडा** ક્રીડા, રમત **अर्थः** અર્થ, વિત્ત, ધન (એક પુરુષાર્થ) **शमः** શાંતિ **धर्मप्रवृत्तानाम् ( धर्मे प्रवृत्तानाम् - स.त. )** ધર્મમાં પ્રવૃત્ત રહેનારાઓને **कामोपसेविनाम् ( कामं सेवितुं शीलं येषाम् - कृ.प्र. )** કામનું સેવન કરનારને, કામને ભોગવવાનો સ્વભાવ ધરાવનારાઓને **निग्रहः** સંયમ, કાબૂ **दुर्विनीतानाम्** ખરાબ વર્તન કરનારાઓને **दमक्रिया** દમન કરવાની ક્રિયા **नानाभावोपसम्पन्नम् ( नानाभावैः उपसम्पन्नम् - तृ.त. )** વિવિધ ભાવોથી યુક્ત **नानावस्थान्तरात्मकम् ( नानावस्थाः अन्तरे यस्य तत् - बहु. )** વિવિધ અવસ્થાઓથી યુક્ત **लोकवृत्तानुकरणम् ( लोकस्य वृत्तम् लोकवृत्तम् ( ष.त. ), तस्य अनुकरणम् ( ष.त. ) ) नाट्यम्** નાટક **दुःखार्तानाम् ( दुःखैः आर्ताः, तेषाम् - तृ.त. )** દુઃખથી પીડાયેલાઓને, દુઃખી જનોને **श्रमार्तानाम् ( श्रमैः आर्ताः, तेषाम् - तृ.त. )** મહેનત કરીને થાકેલાઓને, પરિશ્રમથી પીડા પામેલાઓને **शोकार्तानाम् ( शोकैः आर्ताः, तेषाम् - तृ.त. )** શોકથી પીડા પામેલાઓને **तपस्विनाम्** તપસ્વીઓને (નાટ્યકૃતિઓમાં **तपस्विन्**નો અર્થ - બિચારો થાય છે.) **विश्रान्तिजननम् ( विश्रान्तेः जननम् - ष.त. )** શાંતિ પ્રદાન કરનારું, વિશ્રાંતિ આપનારું **काले** સમય આવે ત્યારે, પ્રસંગે **धर्म्यम्** ધર્મને **यशस्यम्** યશને, કીર્તિને **आयुष्यम्** આયુષ્યને, વયને **बुद्धिविवर्धनम् ( बुद्धेः विवर्धनम् - ष.त. )** બુદ્ધિને વધારનારું **लोकोपदेश-जननम् ( लोकानाम् उपदेशः - ( ष.त. ), लोकोपदेशस्य जननम् - ष.त. )** લોકોને ઉપદેશ આપનારું **शिल्पम्** શિલ્પ, કળા **विद्या** વિદ્યા, શાસ્ત્ર **कला** (સંગીતાદિ) કળા **योगः** યોગ **दृश्यते ( दृश् जोवुं क.प्र. व. अ. ए.व. )** દેખાય છે, જોવા મળે છે.

## સન્ધિ

करोम्यहम् (करोमि अहम्)। ततश्चक्रे (ततः चक्रे)। सामभ्यो गीतमेव (सामभ्यः गीतम् एव)। यजुर्वेदादभिनयान् (यजुर्वेदात् अभिनयान्) रसानाथर्वणादपि (रसान् आथर्वणात् अपि)। क्वचिद्धर्मः (क्वचित् धर्मः)। क्वचिदर्थः (क्वचित् अर्थः)। क्वचिच्छमः (क्वचित् शमः)। क्वचिद्धास्यम् (क्वचित् हास्यम्)। क्वचिद्युद्धम् (क्वचित् युद्धम्)। क्वचिद्वधः (क्वचित् वधः)। धर्मो धर्मप्रवृत्तानाम् (धर्मः धर्मप्रवृत्तानाम्)। निग्रहो दुर्विनीतानाम् (निग्रहः दुर्विनीतानाम्)। नाट्यमेतन्मया (नाट्यम् एतत् मया)। नाट्यमेतद्भविष्यति (नाट्यम् एतत् भविष्यति)। तज्ज्ञानम् (तत् ज्ञानम्)। तच्छिल्पम् (तत् शिल्पम्)। नासौ योगो न (न असौ योगः न)। नाट्येऽस्मिन्यन्न (नाट्ये अस्मिन् यत् न)।

## વિશેષ

**1. नाट्याख्यः पञ्चमः वेदः ।** સંસ્કૃત સાહિત્યમાં ચાર વેદ પ્રસિદ્ધ છે - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં આ ચાર વેદોનું સ્થાન ખૂબ ઊંચું છે. એમનો મહિમા પણ સૌથી વધારે છે. આ કારણે જ્યારે કોઈ પોતાને ઇષ્ટ એવા કોઈ ગ્રંથને મહત્ત્વનું સ્થાન આપવા ઇચ્છે કે તેનો મહિમા કરવા ઇચ્છે, ત્યારે તે પોતાના એ ગ્રંથને વેદની સાથે મૂકી આપે છે. વ્યાસકૃત મહાભારતના ચાહકો એનો મહિમા કરવાને માટે महाभारतं पञ्चमो वेदः અર્થાત્ મહાભારત પાંચમો વેદ છે, એમ કહે છે. એ જ રીતે અહીં પણ નાટ્યશાસ્ત્રનો મહિમા કરવા માટે, નાટ્યશાસ્ત્રને પાંચમો વેદ કહેવામાં આવ્યો છે.

નાટ્યશાસ્ત્રને પાંચમા વેદ તરીકે મૂકવાનું એક સબળ કારણ પણ છે. નાટ્યનાં અંગભૂત पाठ्य, अभिनय, गीत अने रस - એ ચાર બાબતોને ચાર વેદમાંથી લેવામાં આવી છે. આ રીતે જોતાં નાટ્યશાસ્ત્રનો સ્રોત વેદ છે, એટલે આને પાંચમો વેદ કહેવો વાજબી છે.

**2. पाठ्यम्** – નાટ્ય પ્રકારની કૃતિમાં જુદાં જુદાં પાત્રો દ્વારા ઉચ્ચારવામાં આવતા સંવાદોને પાઠ્ય કહેવાય છે. સંસ્કૃત નાટ્યશાસ્ત્રીઓની માન્યતા છે કે નાટ્યમાં આવતા પાઠ્યની પ્રેરણા ઋગ્વેદમાંથી લેવામાં આવી છે. આપણે જાણીએ છીએ કે ઋગ્વેદ (મં 10 સૂ. 94)માં આવતા પુરૂરવોર્વશી-સંવાદસૂક્તમાંથી પ્રેરણા લઈને મહાકવિ કાલિદાસે विक्रमोर्वशीयम् નામના સુપ્રસિદ્ધ નાટકની રચના કરી છે.

**3. अभिनयः** – અભિનય નાટ્યનું એક અંગ છે. આપણે ત્યાં જે ચોસઠ કલાઓ માનવામાં આવી છે, તેમાંની એક કલા અભિનય પણ છે. સંસ્કૃત નાટ્ય પરમ્પરામાં અભિનયના ચાર પ્રકારો સ્વીકૃત છે. (1) આંગિક (2) વાચિક (3) આહાર્ય અને (4) સાત્ત્વિક. નાટ્યના અંગ તરીકે અભિનયનો સ્વીકાર કરવાની પ્રેરણા નાટ્યશાસ્ત્રીઓએ યજુર્વેદમાંથી લીધી છે.

**4. रसाः** – નાટ્યશાસ્ત્રમાં આઠ રસો માનવામાં આવ્યા છે. જેમનાં નામ આ પ્રમાણે છે - શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, બીભત્સ અને અદ્ભુત.

**5. लोकोपदेशजननम्** – સામાન્ય રીતે નાટ્યસાહિત્યનું પ્રયોજન પ્રેક્ષકને રસાસ્વાદ કરાવવાનું છે. પરંતુ નાટ્યસાહિત્ય માત્ર રસાસ્વાદનું જ સાધન બની રહે, તે સંસ્કૃત નાટ્યશાસ્ત્રીઓને માન્ય નથી. તેઓના મતે આ નાટ્યસાહિત્ય લોકોને ઉપદેશ આપવાનું મહત્ત્વપૂર્ણ અને કારગત સાધન છે. સંસ્કૃત નાટ્યશાસ્ત્રીઓની આ માન્યતાને સંસ્કૃતના બધા જ નાટ્યકારોએ બરાબર પાળી બતાવી છે. સંસ્કૃતની કોઈ એવી નાટ્યકૃતિ નથી કે જેમાંથી પ્રજાજનને કોઈને કોઈ બોધ ન મળતો હોય.

## સ્વાધ્યાય

**1. अधोलिखितानां प्रश्नानां संक्षेपतः संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) सामवेदात् किं जग्राह ?

(2) लोकवृत्तानुकरणं किमस्ति ?

(3) पाठ्यं कस्मात् वेदात् जग्राह ?

(4) कति वेदाः सन्ति, तेषां नामानि लिखत।

**2. સસંદર્ભ સમજાવો :**

(1) नाट्याख्यः पञ्चमः वेदः।

(2) नाट्यमेतद्भविष्यति।

(3) नाट्येऽस्मिन् न दृश्यते।

**3. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર માતૃભાષામાં લખો :**

(1) નાટકને પંચમવેદ કેમ કહ્યો છે ?

(2) નાટ્ય કોને કોને વિશ્રાંતિ આપે છે ?

(3) ચારેય વેદમાંથી નાટ્યની કઈ કઈ બાબતો ગ્રહણ કરવામાં આવી છે ?

**4. વિવરણાત્મક નોંધ લખો :**

(1) રસ

(2) અભિનય

(3) વેદ

**5. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) નાટ્યવેદની ઉત્પત્તિ.

(2) નાટ્યની લોકોપકારકતા

●

# 8. मोहमुद्गरः

[**પ્રસ્તાવના :** સ્તુતિ એટલે ગુણોનું વર્ણન. ગુણોનું વર્ણન કરવા માટેનું જે સાધન છે, તે છે સ્તોત્ર. (स्तूयते अनेन तत् स्तोत्रम्।) કોઈકના ગુણોનું વર્ણન કરવા માટે જે પદ્યનો કે પદ્યસમૂહનો સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે છે, તેને સંસ્કૃતસાહિત્યમાં સ્તોત્રકાવ્ય તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારનાં સ્તોત્રકાવ્યોનું સંસ્કૃતસાહિત્યમાં એક વિશિષ્ટ સ્થાન છે. તેની પાછળનું કારણ એ છે કે સ્તોત્રની રચના દ્વારા રચયિતા કાવ્યાનન્દની સાથે સાથે પરમ આનંદ (બ્રહ્માનન્દ)ની પણ અનુભૂતિ કરી શકે છે. એ પછી આ સ્તોત્રકાવ્યનો ભાવક વર્ગ પણ એ જ રીતે કાવ્યાનન્દ અને પરમ આનંદ - બંનેનો એકી સાથે અનુભવ કરે છે.

સંસ્કૃતમાં આવું સ્તોત્રસાહિત્ય વિપુલ પ્રમાણમાં રચાયું છે. તેમાં સૌથી વધારે પ્રસિદ્ધિ શંકરાચાર્ય દ્વારા રચાયેલાં સ્તોત્રકાવ્યોની છે. જો કે શંકરાચાર્યના નામે મળતાં આ બધાં જ સ્તોત્રો આદિ શંકરાચાર્યે પોતે જ રચ્યાં હશે, એમ માનવાને કોઈ સબળ કારણ આપણી પાસે નથી. આમ છતાં પરમ્પરાગત રીતે તેમને શંકરાચાર્યનાં રચેલાં માની લેવામાં આવ્યાં છે.

મોહમુદ્ગર શંકરાચાર્યનાં રચેલાં સ્તોત્રોમાંનું એક સ્તોત્ર છે. આમાં કુલ બાર પદ્યો છે; પરંતુ અહીં તેમાંથી પસંદ કરીને માત્ર આઠ પદ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. (આમ તો શંકરાચાર્યના સ્તોત્ર-સાહિત્યમાં ચર્પટપંજરિકા (18 પદ્યો) અને દ્વાદશપંજરિકા (13 પદ્યો) એમ કુલ 31 પદ્યો છે. તેમને 'મોહમુદ્ગર' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ આઠ પદ્યોમાં માનવની અને માનવને પ્રિય એવાં સુખાદિનાં સાધનોની મર્યાદાઓ બતાવી છે અને સતત એ વાત તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે કે કાળ વહી રહ્યો છે, માનવજીવન વીતી રહ્યું છે, પુણ્ય કર્મ કરો અને જગતની વાસ્તવિકતાને સતત ધ્યાનમાં રાખો.]

---

मूढ जहीहि धनागमतृष्णां
　　कुरु सद्बुद्धिं मनसि वितृष्णाम्।
यल्लभसे निजकर्मोपात्तं
　　वित्तं तेन विनोदय चित्तम्॥ १॥

यावद्वित्तोपार्जनसक्तः
　　तावन्निजपरिवारो रक्तः।
पश्चाज्जीवति जर्जरदेहे
　　वार्तां कोऽपि न पृच्छति गेहे॥ २॥

दिनमपि रजनी सायं प्रातः
　　शिशिरवसन्तौ पुनरायातः।
कालः क्रीडति गच्छत्यायुः
　　तदपि न मुञ्चत्याशावायुः॥ ३॥

जटिलो मुण्डी लुञ्चितकेशः
　　काषायाम्बरबहुकृतवेशः।
पश्यन्नपि च न पश्यति मूढो
　　ह्युदरनिमित्तं बहुकृतवेशः॥ ४॥

भगवद्गीता किञ्चिदधीता
　　गङ्गाजललवकणिका पीता।
सकृदपि यस्य मुरारिसमर्चा
　　तस्य यमः किं कुरुते चर्चाम्॥ ५॥

कामं क्रोधं लोभं मोहं
त्यक्त्वात्मानं भावय कोऽहम्।
आत्मज्ञानविहीना मूढाः
ते पच्यन्ते नरकनिगूढाः॥ ६॥

गेयं गीतानामसहस्रं
ध्येयं श्रीपतिरूपमजस्रम्।
नेयं सज्जनसङ्गे चित्तं
देयं दीनजनाय च वित्तम्॥ ७॥

सुखतः क्रियते धान्याभोगः
पश्चाद्धन्त शरीरे रोगः।
यद्यपि लोके मरणं शरणं
तदपि न मुञ्चति पापाचरणम्॥ ८॥

## ટિપ્પણી

**मोहमुद्गरः ( मोहस्य मुद्गरः – ष.त. )** મોહને ફોડી નાખનાર મુદ્‌ગર, મોગરી (પહેલવાનો દ્વારા વ્યાયામ કરવા માટે વપરાતું એક શંકુ આકારનું સાધન) **मूढ** હે મૂર્ખ **जहीहि ( हा** ત્યાગવું, છોડવું **आज्ञा. म. ए.व. )** ત્યજી દે, છોડી દે **धनागमतृष्णाम् ( धनस्य आगमः, ( ष.त. ), धनागमस्य तृष्णा, ताम् – ष.त. )** ધનપ્રાપ્તિની લાલસાને **कुरु ( कृ** કરવું **आज्ञा. म. ए.व. )** કર. **मनसि ( मनस् ( नपुं. ) स.ए.व. )** મનમાં **वितृष्णाम्** તૃષ્ણાના અભાવને **लभसे ( लभ्** મેળવવું, પ્રાપ્ત કરવું **व. म. ए.व. )** તું મેળવે છે. મેળવીશ. **निजकर्मोपात्तम्** પોતાનાં કર્મથી પ્રાપ્ત થયેલું **( निजं कर्म, ( कर्म. ) तेन उपात्तम् तृ. त.पु. ) वित्तम्** ધનને **विनोदय ( वि + नुद् ખુશ થવું ( प्रे. ) आज्ञा. अ. ए.व. )** ખુશ રાખ. **यावत् – तावत्** જ્યાં સુધી-ત્યાં સુધી **वित्तोपार्जनसक्तः ( वित्तस्य उपार्जनम्, वित्तोपार्जनम् ( ष.त. ), वित्तोपार्जने सक्तः – स.त. )** ધન કમાવામાં લાગેલો-આસક્ત **रक्तः( रञ्ज्** – અનુરાગ કરવો **+ क्त > त क.भू.कृ. )** અનુરક્ત (વિરોધી - **विरक्त**) **जीवति ( जीव् જીવવું + शतृ > अत् ( पुं. ) स.ए.व. ) जर्जरदेहे ( जर्जरः चासौ देहः तस्मिन् – कर्म. )** જીવતાં એવાં જર્જર-ક્ષીણ થઈ ગયેલાં શરીરના હોવા છતાં **वार्ताम्** ખબર-અંતરને **रजनी** રાત (વિરોધી - **दिनम्, दिवसः**) (પર્યાય - **निशा, यामिनी**) **आयातः ( आ + या** આવવું **व. अ. द्वि.व. )** તે બંને આવે છે. આવતી રહે છે. **आयुः ( आयुस् ( नपुं. ) प्र. ए.व. )** આયુષ્ય **तदपि** છતાં પણ **मुञ्चति ( मुञ्च्** છોડવું **व. अ. ए.व. )** તે છોડે છે **आशावायुः ( आशा एव वायुः – कर्म. )** આશારૂપી વાયુ **जटिलः** જટાવાળો **मुण्डी** માથું મુંડાવેલો (વિરોધી - **केशी**) **लुञ्चितकेशः ( लुञ्चिताः केशाः यस्य सः – बहु. )** જેના વાળ ખેંચી કાઢી નાખવામાં આવ્યા છે તે **काषायाम्बरबहुकृतवेशः ( काषायं च तत् अम्बरम् ( कर्म. ), काषायाम्बरेण बहवः कृताः वेशाः येन – बहु. )** ભગવાં વસ્ત્રોથી અનેક જાતના વેશ ધારણ કરનાર **पश्यन् ( दृश् > पश्य्** જોવું **+ शतृ > अत् व.कृ. )** જોતો **उदरनिमित्तम् ( उदरस्य निमित्तम् – ष.त. )** પેટને માટે, પેટ ખાતર **बहुकृतवेशः ( बहवः कृताः वेशाः येन – बहु. )** અનેક જાતના વેશ ધારણ કરનાર **अधीता ( अधि + इ** ભણવું **+ क्त > त क.भू.कृ. ( स्त्री. ) )** અધ્યયન કરેલી, ભણેલી **गङ्गाजललवकणिका ( गङ्गायाः जलम् – ष.त. ) गङ्गाजलस्य लवः ( ष.त. ), गङ्गाजललवस्य कणिका – ष.त. )** ગંગાજળના ટીપાની (નાનકડી) કણિકા **सकृत् अपि** એકવાર પણ (વિરોધી - **असकृत्**) **मुरारिसमर्चा ( मुरारेः समर्चा – ष.त. )** મુરારિ-કૃષ્ણની સારી રીતે કરેલી અર્ચના-પૂજા **भावय ( भू ( प्रे. ) आज्ञा. म. ए.व. )** ભાવના કર **आत्मज्ञानविहीनाः ( आत्मनः ज्ञानम् – ( ष.त. ), आत्मज्ञानेन विहीनाः – ष.त. )** આત્મજ્ઞાન વગરના **पच्यन्ते ( पच्** રાંધવું **क.प्र. व. अ. ब.व. )** રંધાય છે **नरकनिगूढाः ( नरके निगूढाः – ( स.त. )** નરકમાં ડૂબેલા, નરકમાં કેદ થયેલા **गेयम् ( गै > गा** ગાવું **वि. कृ. )** ગાવું જોઈએ. ગાવા યોગ્ય **गीतानामसहस्रम् ( नाम्नां सहस्रम् – ( ष.त. ) गीता च नामसहस्रम् च – स.द्व. )** શ્રીમદ્ ભગવદ્‌ગીતા અને વિષ્ણુસહસ્રનામ **ध्येयम् ( ध्यै > ध्या** ધ્યાન કરવું **वि. कृ. )** ધ્યાન કરવું જોઈએ, ધ્યાન કરવા યોગ્ય છે

**श्रीपतिरूपम् ( श्रियः पतिः श्रीपतिः - ( ष.त. ) श्रीपतेः रूपम् - ष.त. )** લક્ષ્મીના સ્વામી એવા વિષ્ણુના રૂપને **अजस्रम्** વારંવાર (પર્યાય - **असकृत्**) (વિરોધી - **सकृत्**) **नेयम् ( नी** લઈ જવું, દોરી જવું **+ य, वि.कृ. )** દોરી જવું-લઈ જવું જોઈએ. **देयम् ( दा + य वि. कृ. )** આપવું જોઈએ. **सुखतः** સુખપૂર્વક, સુખેથી **क्रियते ( कृ** કરવું **कर्म. व. अ. ए.व. )** કરવામાં આવે છે **धान्याभोगः ( धान्यानाम् आभोगः - ष.त. )** ધાન્યનો જથ્થો, ઢગલો **हन्त** અરે રે. (પશ્ચાત્તાપનો ઉદ્‌ગાર)

## સન્ધિ

यल्लभसे (यत् लभसे)। यावद्वित्तोपार्जनसक्तः (यावत् वित्तोपार्जनसक्तः)। तावन्निजपरिवारो रक्तः (तावत् निजपरिवारः रक्तः) पश्चाज्जीवति (पश्चात् जीवति)। कोऽपि (कः अपि)। पुनरायातः (पुनः आयातः)। गच्छत्यायुः (गच्छति आयुः)। तदपि (तत् अपि)। मुञ्चत्याशावायुः (मुञ्चति आशावायुः)। पश्यन्नपि (पश्यन् अपि)। मूढो ह्युदरनिमित्तम् (मूढः हि उदरनिमित्तम्)। किञ्चिदधीता (किञ्चित् अधीता)। त्यक्त्वात्मानम् (त्यक्त्वा आत्मानम्)। श्रीपतिरूपमजस्रम् (श्रीपतिरूपम् अजस्रम्)। पश्चाद्धन्त (पश्चात् हन्त)।

## વિશેષ

**1. मोहमुद्गरः** - મુદ્‌ગર એક પ્રકારનું શંકુ આકારનું વ્યાયામ કરવાનું સાધન છે. ઘણું કરીને પહેલવાનો ખભા અને હાથના વ્યાયામ માટે આ મુદ્‌ગર નામના લાકડાના સાધનનો ઉપયોગ કરતા હોય છે. મુદ્‌ગર વજનદાર અને મજબૂત હોય છે. તેના પ્રહારથી કઠિન વસ્તુનો પણ ચૂરેચૂરો થઈ જાય છે. આ સ્તોત્રમાં આવતા શ્લોકો મોહને ચૂર્ણ-ચૂર્ણ કરવાના સાધન તરીકે છે, એમ માનીને આ સ્તોત્રને મોહમુદ્‌ગર એવું નામ આપવામાં આવ્યું છે. લાકડાની મોગરીને પણ मुद्गर કહેવાય છે.

કોઈ વસ્તુ કે વ્યક્તિ તરફ વધારે પડતું મમત્વ હોવું તે મોહ છે. આવો મોહ માનવને માટે દુઃખ અને મુશ્કેલીનું કારણ બને છે. માટે આવા મોહને દૂર કરવાનો ઉપદેશ અપાય છે. હવે જો કોઈને એ પ્રશ્ન થાય કે આ મોહને દૂર કેવી રીતે કરવો ? તો તે પ્રશ્નનો ઉત્તર છે વૈરાગ્ય અને સત્યના સાક્ષાત્કારથી મોહને દૂર રાખી શકાય છે. આ પૃષ્ઠભૂમિમાં આદ્ય શંકરાચાર્યે પ્રસ્તુત મોહમુદ્‌ગર શીર્ષકથી રચેલા આ સ્તોત્રમાં વૈરાગ્ય અને જગતના સત્ય સિદ્ધાંતોથી સાક્ષાત્કાર કરાવીને મોહને તોડી-ફોડી નાખવા માટેનો માર્ગ દર્શાવ્યો છે.

**2. मूढ** - એવી વ્યક્તિ કે જે પોતાને માટે જરૂરી ન હોય, તેવી વસ્તુની પાછળ દોડતો રહે છે. વળી, તે જે વસ્તુની પાછળ દોડી રહ્યો છે, તે વસ્તુની પાછળ દોડવાનું કારણ પણ તેની સમજમાં હોતું નથી. તે તો માત્ર અમુક વસ્તુની પાછળ પડી જાય છે અને દોડતો જ રહે છે. આવી વ્યક્તિને મૂઢ કહેવાય છે.

આ મૂઢતાની સ્થિતિનું કારણ અજ્ઞાનતા છે. અજ્ઞાનને કારણે માણસ યોગ્ય કે અયોગ્યનો ભેદ કરી શકતો નથી. વસ્તુ યોગ્ય હોય કે અયોગ્ય, પસંદ પડે એટલે તેની પાછળ દોડવા લાગે છે. અથવા ક્યારેક બીજાને તેની પાછળ દોડતો જોઈને પોતે પણ દોડતો થઈ જાય છે. પરિણામે તે પોતાનાં આવાં કર્મથી ઊર્ધ્વગતિને બદલે અધોગતિને પામે છે. આ પ્રકારના માણસને અહીં મૂઢ કહ્યો છે.

**3. निजकर्मोपात्तम्** - પોતાનાં કર્મોથી પ્રાપ્ત. પ્રત્યેક મનુષ્ય કર્મો કર્યા કરે છે. આ કર્મોના ફળ તરીકે તેને અનેક વસ્તુઓની પ્રાપ્તિ થતી હોય છે. આ બધી વસ્તુઓને ધ્યાનમાં લઈને અહીં જણાવવામાં આવ્યું છે કે હે માનવ, તને તારાં જ કર્મોનાં ફળ તરીકે જે જે વસ્તુઓ પ્રાપ્ત થાય, તેમનાથી તું તારા મનને ખુશ રાખજે. અર્થાત્ તારાં કર્મોનાં ફળ તરીકે પ્રાપ્ત ન થયાં હોય, (પરંતુ કોઈ અન્ય વ્યક્તિનાં કર્મોનાં ફળ તરીકે પ્રાપ્ત થયેલાં હોય) તેવાં સાધનોથી મોજશોખ કરતો નહિ.

ઇષ્ટવસ્તુની પ્રાપ્તિ માટે કરવામાં આવતા પ્રયત્નોને કર્મ કહે છે. મનુષ્ય જે કર્મ કરે છે, તેનું ફળ મેળવે છે. જો માણસે અમુક પ્રકારની સાધન-સામગ્રી પ્રાપ્ત કરીને આનંદ-પ્રમોદ કરવો હોય, તો તે સાધન-સામગ્રીની પ્રાપ્તિ માટે માણસે પોતે જ કર્મ કરવું પડે. એ પછી એ કર્મના ફળ તરીકે જે સાધન-સામગ્રી પ્રાપ્ત થાય, તેનાથી તે આનંદ-પ્રમોદ કરી શકે છે. આમ, અહીં પોતાનાં કર્મોથી પ્રાપ્ત થયેલાં ધનાદિથી જ પોતાના ચિત્તને આનંદ આપવાની વાત કરવામાં આવી છે.

**4. भगवद्गीता** - કુરુક્ષેત્રના મેદાનમાં કૌરવો અને પાંડવોની સેના યુદ્ધને માટે તૈયાર છે. યુદ્ધનો પ્રારંભ થવામાં જ હોય

છે કે અર્જુન ધનુષ્ય-બાણનો ત્યાગ કરીને યુદ્ધથી વિમુખ થવાનો વિચાર કરે છે. આ સ્થિતિમાં જે શ્રીકૃષ્ણાર્જુન સંવાદ રચાય છે, તેને શ્રીમદ્ભગવદ્ગીતા તરીકે ઓળખવામાં આવે છે. (મહાભારતના ભીષ્મપર્વમાં આ સંવાદ આવે છે.) અહીં અર્જુનના મનમાં ચાલતા સંકલ્પ-વિકલ્પો અને તે સંદર્ભે શ્રીકૃષ્ણે અર્જુનને આપેલો ઉપદેશ, ૧૮ અધ્યાયો અને ૭૦૦ જેટલા શ્લોકોમાં સંગૃહીત છે.

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) दिनयामिन्यौ पुनः ............... ।

(क) आयाति (ख) आयातः (ग) आयान्ति (घ) आयाताः

(2) मूढः किं निमित्तं बहुकृतवेशः भवति ?

(क) उदरनिमित्तम् (ख) धननिमित्तम् (ग) मोक्षनिमित्तम् (घ) सुखनिमित्तम्

(3) मूढः किं न त्यजति ?

(क) पापाचरणम् (ख) कालम् (ग) आत्मानम् (घ) मरणम्

(4) चित्तं कुत्र नेयम् ?

(क) धान्याभोगे (ख) जर्जरदेहे (ग) सज्जनसङ्गे (घ) त्यागे

(5) कः देवः श्रीपतिः अस्ति ?

(क) ब्रह्मा (ख) इन्द्रः (ग) शङ्करः (घ) विष्णुः

**2. संस्कृतभाषया उत्तरत ।**

(1) मनसि कीदृशीं बुद्धिं कुर्यात् ?

(2) मनुष्ये जर्जरदेहे जीवति का स्थितिः भवति ?

(3) कः क्रीडति किं च गच्छति ?

(4) दीनजनाय किं देयम् ?

(5) धान्याभोगं कृत्वा पश्चात् किं भवति ?

**3. માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) મનુષ્યે પોતાના મનને કેવી રીતે રાજી રાખવાનું છે ?

(2) સમય સતત ચાલે છે તે દર્શાવવા કવિ શું કહે છે ?

(3) યમ કોની ચર્ચા કરતો નથી ?

(4) મનુષ્યે કયા દુર્ગુણોને ત્યજીને આત્મા અંગે વિચારવાનું છે ?

(5) આત્મજ્ઞાન વગરના મનુષ્યોની શી દશા થાય છે ?

(6) પેટ ભરવા માટે મનુષ્ય શું કરે છે ?

**4. નીચેના શ્લોકોને કંઠસ્થ કરો :**

(1) दिनमपि रजनी ............... मुञ्चत्याशावायुः ॥ ३ ॥

(2) भगवद्गीता ............... कुरुते चर्चाम् ॥ ५ ॥

(3) गेयं गीतानामसहस्रं ............... वित्तम् ॥ ७ ॥

**5. નીચેની પંક્તિઓ માતૃભાષામાં સમજાવો :**

(1) कालः क्रीडति गच्छति आयुः।

(2) वार्ता कोऽपि न पृच्छति।

(3) तदपि न मुञ्चति पापाचरणम्।

**6. વિવરણાત્મક નોંધ લખો :**

(1) मोहमुद्गरः

(2) भगवद्गीता

**7. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) માનવની સાંસારિક સ્થિતિ

(2) માનવનાં કર્તવ્યો

(3) માનવીની લાચારી

•

# 9. काव्यमधुबिन्दवः

[**પ્રસ્તાવના :** સંસ્કૃત કાવ્યસાહિત્યની પરંપરા ઘણી પ્રાચીન છે. તેનો પ્રારંભ વેદથી માનવામાં આવે છે. વેદમાં આવતી દાનસ્તુતિ અને નારાશંસી (વીરનાયકોની પ્રશસ્તિઓ) સૂક્ત જેવાં સ્થળો ઊર્મિકાવ્યના સુંદર નમૂનાઓ છે. તે પછી લૌકિક સાહિત્યમાં વાલ્મીકિનું કાવ્ય રામાયણ પણ આવે છે. તેને આદિકાવ્ય કહે છે. સાહિત્યમાં જોઈએ તેવી પ્રાયઃ બધી જ આવશ્યક ખૂબીઓથી આ ગ્રંથ ભરપૂર છે અને એ રીતે એ સંસ્કૃતકાવ્યને ઉત્તમ કક્ષાએ પહોંચાડે છે. એ પછી મહાભારત અને પંચમહાકાવ્યો આવે છે. એ પછી તો આ સંસ્કૃતકાવ્યધારા અસ્ખલિત રીતે વહેતી રહી છે.

સંસ્કૃતકાવ્ય અલંકારપ્રયોગ, શૈલીવિધાન, છંદોવિધાન તથા સૂક્ષ્મ અને ગંભીર કલ્પનામય પ્રસ્તુતિ વગેરેને કારણે અનુપમ છે. પ્રસ્તુત પાઠ્યપુસ્તકના આશ્રયે સંસ્કૃત-કાવ્યધારાની આ અનુપમતાનો સમગ્રતયા આસ્વાદ કરી શકવો મુશ્કેલ છે પરંતુ તેની ઝાંખી અવશ્ય થઈ શકે એમ છે. આ માટે પ્રસ્તુત પાઠમાં સંસ્કૃતકાવ્યનાં છ મધુબિંદુઓ પ્રસ્તુત કર્યાં છે.

પ્રથમ પદ્યમાં વાલ્મીકીય રામાયણની સમીક્ષા કરવામાં આવી છે. તે પ્રસંગે કવિએ શ્લેષ અલંકારથી યુક્ત વિરોધાલંકાર વાપરીને સરસ ચમત્કાર સર્જ્યો છે. બીજા પદ્યમાં ઉપમા અને ઉત્પ્રેક્ષા અલંકારનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. ત્રીજું પદ્ય મુક્તક તરીકે છે અને તેમાં અન્યોક્તિ છે. હંસના બહાને અહીં ગુણવાનના ગુણોનો મહિમા કરવાનો ઉદ્દેશ્ય છે. ચોથું પદ્ય પણ મુક્તક છે. તેમાં ડાંગર અને તલના દૃષ્ટાન્તથી સજ્જન અને દુર્જનના વર્તનને આલેખ્યું છે. પાંચમું પદ્ય એક સવિશેષ ચમત્કૃતિ છે. અહીં પ્રથમ ત્રણ ચરણમાં પાંચ ઉપમેય મૂક્યાં છે. તે પછી ચોથા ચરણમાં એકી સાથે પાંચ ઉપમાન મૂક્યાં છે અને તે પણ બધાં જકારાદિ છે. છેલ્લે મહાભારતના યુદ્ધનું વર્ણન છે. અહીં મહાભારતના યુદ્ધને નદીના રૂપમાં કલ્પીને રૂપકાલંકારની સરસ યોજના કવિએ કરી છે. આ પ્રકારની વિવિધ કાવ્યાત્મક ચમત્કૃતિઓ ભાષાગત વિશેષતાઓને કારણે સંસ્કૃતસાહિત્યમાં જ શક્ય બની શકે એમ છે.]

---

सदूषणापि निर्दोषा सखरापि सुकोमला।
नमस्तस्मै कृता येन रम्या रामायणी कथा॥ १ ॥ – અનુષ્ટુપ્

(**अन्वयः** – येन सदूषणा अपि निर्दोषा, सखरा अपि सुकोमला, रम्या रामायणी कथा कृता तस्मै (वाल्मीकये) नमः।)

लिम्पतीव तमोऽङ्गानि वर्षतीवाञ्जनं नभः।
असत्पुरुषसेवेव दृष्टिर्विफलतां गता॥ २ ॥ – અનુષ્ટુપ્

(**अन्वयः** – तमः अङ्गानि लिम्पति इव, नभः अञ्जनं वर्षति इव। (मदीया) दृष्टिः असत्पुरुषसेवा इव विफलतां गता (अस्ति)।)

यत्रापि कुत्रापि भवन्तु हंसाः
हंसा महीमण्डलमण्डनानि।
हानिस्तु तेषां हि सरोवराणां
येषां मरालैः सह विप्रयोगः॥ ३ ॥ – ઇન્દ્રવજ્રા

(**अन्वयः** – हंसाः यत्रापि कुत्रापि भवन्तु, (ते) हंसाः (सदैव) महीमण्डलमण्डनानि (भवन्ति)। तेषां तु सरोवराणां हि हानिः, येषां मरालैः सह विप्रयोगः (भवति)।) ॥ 3 ॥

अस्मानवेहि कलमानलमाहतानाम्
येषां प्रचण्डमुसलैरवदाततैव।
स्नेहं विमुच्य सहसा खलतां प्रयान्ति
ये स्वल्पताडनवशान्न वयं तिलास्ते॥ ४॥ – વસન્તતિલકા

(**अन्वयः** - अस्मान् कलमान् अवेहि, येषाम् प्रचण्डमुसलैः आहतानाम् अवदातता एव। ये स्वल्पताडनवशात् स्नेहं विमुच्य सहसा खलतां प्रयान्ति, ते तिलाः वयम् न।)

यत्कण्ठे गरलं विराजतितरां शीर्षे च मन्दाकिनी
उत्सङ्गे च शिवामुखं कटितटे शार्दूलचर्माम्बरम्।
माया यस्य रुणद्धि विश्वमखिलं तस्मै नमः शम्भवे
जम्बूवत् - जलबिन्दुवत् - जलजवत् - जम्बालवत् - जालवत्॥ ५ ॥ - શાર્દૂલવિક્રીડિતમ્

(**अन्वयः** - यत्कण्ठे जम्बूवत् गरलं (विराजतितराम् तस्मै शम्भवे नमः), (यस्य) शीर्षे मन्दाकिनी जलबिन्दुवत् (विराजतितराम् तस्मै शम्भवे नमः), (यस्य) उत्सङ्गे शिवामुखं जलजवत् (विराजतितराम् तस्मै शम्भवे नमः) यस्य कटितटे शार्दूलचर्माम्बरम् जम्बालवत् (विराजतितराम् तस्मै शम्भवे नमः), यस्य माया अखिलं विश्वं जालवत् रुणद्धि,तस्मै शम्भवे नमः।)

भीष्म-द्रोण-तटा जयद्रथ-जला गान्धार-नीलोत्पला
शल्य-ग्राहवती कृपेण वहनी कर्णेन वेलाकुला।
अश्वत्थाम-विकर्ण-घोर-मकरा दुर्योधनावर्तिनी
सोत्तीर्णा खलु पाण्डवै रणनदी कैवर्तकः केशवः॥ ६ ॥ - શાર્દૂલવિક્રીડિતમ્

(**अन्वयः** - पाण्डवैः भीष्म-द्रोण-तटा, जयद्रथ-जला, गान्धार-नीलोत्पला, शल्य-ग्राहवती, कृपेण वहनी, कर्णेन वेलाकुला, अश्वत्थाम-विकर्ण-घोर-मकरा, दुर्योधनावर्तिनी, रणनदी खलु उत्तीर्णा, (यतो हि) कैवर्तकः केशवः (आसीत्)॥)

## ટિપ્પણી

**( १ ) सदूषणा ( दूषणेन सहिता - बहु. )** દૂષણ - દોષ ધરાવતી, દોષયુક્ત (બીજો અર્થ -) દૂષણ નામના રાક્ષસ (પાત્ર)ને ધરાવતી **निर्दोषा ( निर्गताः दोषाः यस्याः सा - बहु. )** દોષ વગરની, દોષરહિત **सखरा ( खरेण सहिता - बहु. )** ખર-કઠિનતા ધરાવતી, કઠિનતાયુક્ત (બીજો અર્થ) ખર નામના રાક્ષસ (પાત્ર)ને ધરાવતી **रम्या** રમણીય, સુંદર, ગમી જાય તેવી **रामायणी** રામના જીવનને લગતી, રામ સંબંધી **( २ ) लिम्पति ( लिम्प्** લીંપવું,વળગવું, **व. अ. ए.व. )** લીંપે છે. વળગી પડે છે. **इव** (અહીં જે અર્થમાં છે, તે) જાણે કે **तमः ( तमस् ( नपुं. ) प्र.ए.व. )** અંધારું **वर्षति ( वृष्** વરસવું **व. अ., ए.व. )** વરસે છે. **अञ्जनम्** કાજળ, કાળાશ **नभः ( नभस् ( नपुं. ) प्र.ए.व. )** આકાશ **असत्पुरुषसेवा ( न सत्पुरुषः, असत्पुरुषः ( नञ्त. ), असत्पुरुषाणां सेवा - ष.त. )** દુષ્ટ કે હલકા માણસની સેવા **इव** (અહીં જે અર્થમાં છે, તે) ની જેમ, ની સમાન **विफलताम्** નિષ્ફળતાને, વિફળતાને **गता ( गम् + क्त > त ( स्त्री. ) गता )** પ્રાપ્ત થઈ. પામી. **( गम्** એ ગતિનો અર્થ ધરાવતા ધાતુના ત્રણ અર્થ છે - (1) જ્ઞાન (2) ગમન અને (3) પ્રાપ્તિ. અહીં પ્રાપ્તિ અર્થ લેવાનો છે. **) ( ३ ) महीमण्डलमण्डनानि ( मह्याः मण्डलम् ( ष.त. ), महीमण्डलस्य मण्डनानि - ष.त. )** ધરતીમંડળનાં ઘરેણાં, પૃથ્વીમંડળની શોભા વધારનાર અલંકારો **मरालैः** હંસોથી **विप्रयोगः** વિયોગ, જુદાઈ, વિરહ **( ४ ) अवेहि ( अव + इ** જાણવું **आज्ञा. म.ए.व. )** જાણજે. ઓળખજે. **कलमान्** ડાંગરને **अलम्** પર્યાપ્ત, પૂરતા પ્રમાણમાં **आहतानाम् ( आ + हन्+ क्त > त = आहत कर्म.भू.कृ., नपुं. ष.ब.व. )** મારવામાં આવેલાઓને, છાંડવામાં આવેલાઓને **प्रचण्डमुसलैः ( प्रचण्डः चासौ मुसलः, तैः, कर्म. )** સાંબેલાના તીવ્ર પ્રહારોથી **अवदातता ( अव + दा** શુદ્ધ કરવું **क्त > त + ता कर्म.भू.कृ. + ता. )** નિર્મળતા, ચળકાટ, શુભ્રતા **स्नेहम्** લાગણી (બીજો અર્થ - તેલ, ચીકાશ) **विमुच्य ( वि + मुच् + क्त्वा > य सं.भू.कृ. )** છોડીને, ત્યજીને **सहसा** અચાનક, એકદમ, એકાએક **खलताम् ( खल + ता द्वि.ए. )** ખલતાને, દુષ્ટતાને, ખોળપણાને **प्रयान्ति ( प्र + या व. अ. ब.व. )** પામે છે **स्वल्पताडनवशात् ( स्वल्पं च तत् ताडनम् - कर्म., स्वल्पताडनस्य वशः, तस्मात् - ष.त. )** થોડા એવા તાડનથી, થોડું અમથું ખાંડવાથી **तिलाः** તલ **( ५ ) गरलम्** ઝેર, વિષ ( પર્યાય - **विषम्** ) **विराजतितराम् ( वि + राज्** વિરાજવું, હોવું **व. अ. ए.व. + तमाम् त.प्र. )** વિશેષરૂપે શોભે છે, વિશેષરૂપે વિરાજે છે. (ક્રિયાપદમાં અધિકતા કે અતિશયતા દર્શાવવા માટે

ક્રિયાપદને અંતે **तराम्** અને **तमाम्** પ્રત્યયો લગાડવામાં આવે છે.) **मन्दाकिनी ( ** પર્યાય - **गङ्गा, भागीरथी, जाह्नवी )** ગંગા, ભાગીરથી, જાહ્નવી **उत्सङ्गे** ખોળામાં, ગોદમાં **शिवामुखम् ( शिवायाः मुखम् - ष.त. )** શિવા-પાર્વતીનું મુખ **कटितटे** કમર ઉપર, કટિપ્રદેશમાં **शार्दूलचर्माम्बरम् ( शार्दूलस्य चर्म - ( ष.त. ), शार्दूलचर्म एव अम्बरम् - कर्म. अथवा शार्दूलचर्मणा निर्मितम् अम्बरम् - म.प.लो.त. )** વાઘના ચામડાનું વસ્ત્ર, વાઘામ્બર **माया** માયા, એ નામની ઈશ્વરની એક શક્તિ **रुणद्धि ( रुध् व. अ.ए.व. )** રોકે છે, અટકાવી રાખે છે **विश्वम् (** પર્યાય - **जगत्, संसारः )** જગતને **शम्भवे ( शम्भु च.ए.व. )** શિવજીને **(** પર્યાય - **शिवः, महादेवः त्रिनेत्रः ) जम्बूवत् ( जम्बू इव त.प्र.अ. )** જાંબુના ફળની જેમ **जलबिन्दुवत्** પાણીના ટીપાની જેમ **जलजवत् ( जलजम् इव त.प्र. )** કમળની જેમ **(** પર્યાય - **कमलम्, पङ्कजम्, उत्पलम् ) जम्बालवत्** શેવાળ-લીલની જેમ **जालवत्** જાળની જેમ **भीष्म-द्रोण-तटा** ભીષ્મ અને દ્રોણાચાર્યરૂપી તટ-કિનારાવાળી **जयद्रथ-जला** જયદ્રથરૂપી જળ-પાણીવાળી **गान्धार-नीलोत्पला** ગાન્ધાર-શકુનિ રૂપી નીલકમળવાળી **( गान्धार** - ગંધાર દેશનો નિવાસી, શકુનિ) **शल्य-ग्राहवती** શલ્યરાજરૂપી ગ્રાહ-મગરવાળી **( ग्राह** ઘડિયાળ, પાતળા મુખવાળો મગર **) वहनी** નાની નૌકા, નાવડી **वेलाकुला ( वेलया आकुला - तृ.त. )** પ્રવાહ થકી વ્યાકુળ બનેલી **अश्वत्थाम-विकर्ण-घोर-मकरा** અશ્વત્થામા અને વિકર્ણરૂપી ભયંકર મગરવાળી **दुर्योधनावर्तिनी** દુર્યોધનરૂપી વમળવાળી **रणनदी** સંગ્રામરૂપી નદી **उत्तीर्णा** પાર કરી, તરી ગયા. **कैवर्तकः** નાવિક, ખલાસી

## સન્ધિ

नमस्तस्मै (नमः तस्मै)। लिम्पतीव (लिम्पति इव)। तमोऽङ्गानि (तमः अङ्गानि)। वर्षतीवाञ्जनम् (वर्षति इव अञ्जनम्)। असत्पुरुषसेवेव (असत्पुरुषसेवा इव)। दृष्टिर्विफलताम् (दृष्टिः विफलताम्)। यत्रापि (यत्र अपि)। कुत्रापि (कुत्र अपि)। हंसा महीमण्डलमण्डनानि (हंसाः महीमण्डलमण्डनानि)। हानिस्तु (हानिः तु)। प्रचण्डमुसलैरवदाततैव (प्रचण्डमुसलैः अवदातता एव)। स्वल्पताडनवशान्न (स्वल्पताडनवशात् न)। तिलास्ते (तिलाः ते)। सोत्तीर्णा (सा उत्तीर्णा)। पाण्डवै रणनदी (पाण्डवैः रणनदी)॥

## વિશેષ

**1. सदूषणापि निर्दोषा** - આ વાક્યમાં શ્લેષ અલંકારથી યુક્ત વિરોધાલંકાર છે. દૂષણ શબ્દમાં શ્લેષ છે. દૂષણથી યુક્ત અને દૂષણથી મુક્ત – એમ કહીને જણાવવામાં આવ્યું છે કે આ મનોહર એવી રામાયણી કથા દૂષણ નામના એક રાક્ષસના પ્રસંગથી જરૂર યુક્ત છે, પણ આ કથા કોઈ પણ દૂષણવાળી એટલે કે કોઈ પણ દોષથી યુક્ત નથી.

**2. सखरा अपि सुकोमला** - આ વાક્યમાં વપરાયેલ खर શબ્દના બે અર્થ છે - (क) खर એ નામનો એક રાક્ષસ અને (ख) કઠોર. આ બે અર્થના આધારે આ વાક્યમાં રામાયણી કથાની વિશેષતા વર્ણવવામાં આવી છે. આ કથા खर નામના રાક્ષસના પ્રસંગથી યુક્ત છે. આ રીતે ખરથી યુક્ત હોવા છતાં ખર એટલે કે કઠિનતાથી યુક્ત નથી, પરંતુ સુકોમલા-સરળ છે. વાલ્મીકિ દ્વારા રચાયેલી રામાયણની કથા નાનકડા અનુષ્ટુપ્ છંદમાં છે અને પોતાની અનેક ખૂબીઓને કારણે સુંદર તથા લોકપ્રિય છે.

**3. लिम्पतीव .. गता।** - આ શ્લોકમાં બેવાર इव પદનો પ્રયોગ થયો છે. બંને સ્થળે તેનો અર્થ જુદો છે. પ્રથમ સ્થળે 'જાણે કે (સંભાવના)' - એવો અર્થ આપે છે, જ્યારે બીજા સ્થળે 'ના જેવો (સમાનતા)' - એવો અર્થ આપે છે. આ પ્રકારની અર્થભિન્નતાને કારણે અહીં અલંકારભિન્નતા છે. પ્રથમ સ્થળે ઉત્પ્રેક્ષાલંકાર છે જ્યારે બીજા સ્થળે ઉપમાલંકાર છે.

**4. हंसाः महीमण्डलमण्डनानि।** - આ પદ્ય અન્યોક્તિ પ્રકારનું કાવ્ય છે. આ પ્રકારના કાવ્યમાં (અન્યોક્તિમાં) પ્રસ્તુત દ્વારા અપ્રસ્તુતની વાત કરવામાં આવે છે. અહીં હંસની વાત પ્રસ્તુત છે. કવિ કહે છે કે હંસ જ્યાં ક્યાંય પણ હોય છે, તે ધરતીનાં ઘરેણારૂપ બની રહે છે. હંસ ધરતીના કોઈ પણ ખૂણે હોય, ધરતીની શોભા વધારતા જ રહે છે; પરંતુ (સામાન્ય રીતે સરોવરમાં રહેતા હંસો) જો તેઓ સરોવરને છોડી જાય, તો સરોવરના સૌન્દર્યમાં જરૂર ઉણપ આવે છે.

આ રીતે પ્રસ્તુત એવા હંસોની વાત દ્વારા કવિ અપ્રસ્તુત એવા પંડિતો, વિદ્વાનો, કલાકારો વગેરેની વાત કરે છે. આ બધા સમાજના પ્રતિષ્ઠિત જનોને જો રાજ્યાશ્રય પ્રાપ્ત ન થાય, તો તે રાજ્ય છોડીને જતા રહેશે, માટે તે આપણો ત્યાગ કરીને અન્યત્ર ક્યાંય ચાલ્યા ન જાય, તેની તકેદારી રાખવી જોઈએ.

**5. अस्मानवेहि।** – આ પદ્યમાં કવિ (કલમ) ડાંગર અને તલના આશ્રયે એક સુંદર તથ્ય પ્રસ્તુત કરે છે. ડાંગર કહે છે કે અમારા ઉપર સાંબેલાનો પ્રહાર થાય છે. આ પ્રહાર જેટલો વધારે અને ભારેખમ થાય છે, તેટલી અમારી વધારે શુદ્ધિ (અવદાતતા) થયા કરે છે. અમે તલ જેવા નથી, કે કોઈ જરાક એવો પ્રહાર કરે, કે તરત જ જે પોતાની અંદર રહેલા સ્નેહ (તેલ)ને ત્યજીને ખલ-ખોળ બની જાય છે !

અહીં ડાંગર અને તલના બહાને કવિએ સજ્જન અને દુર્જનના ચરિતને વર્ણવ્યું છે. સજ્જન જેટલાં વધારે કષ્ટો સહન કરે છે, તેટલો વધારે શુદ્ધ-ચમકતો-ઉત્તમ બનતો જાય છે પરંતુ દુર્જનની સ્થિતિ આના કરતાં વિપરીત છે. દુર્જનને જે કોઈ કષ્ટ આવી પડે, તો તે તરત જ પોતાની અંદર રહેલા સ્નેહ-પ્રેમને તરત જ ત્યજી દે છે અને ખલતાનું, દુષ્ટતાનું આચરણ કરવા માંડે છે. આમ, સજ્જન ડાંગર જેવો અને દુર્જન તલ જેવો હોય છે, એમ કવિ જણાવે છે.

स्नेहं विमुच्य सहसा खलतां प्रयान्ति – આ પંક્તિમાં આવતા स्नेह અને खलता એ બે શબ્દોમાં શ્લેષ છે, તેથી એક વાર स्नेह એટલે તેલ અને બીજી વાર स्नेह એટલે પ્રેમ, લાગણી એવો અર્થ લેવાનો રહે છે. એવી જ રીતે એક વાર खलता એટલે ખોળપણું અને બીજી વાર खलता એટલે દુષ્ટતા, દુર્જનતા એવો અર્થ લેવાનો રહે છે. આમ, આ પંક્તિમાં કવિએ શ્લેષ દ્વારા અદ્ભુત અર્થ-ચમત્કૃતિ ઊભી કરી છે, દર્શાવી છે.

**6. तस्मै नमः शम्भवे।** આ પદ્યમાં અનેક ઉપમાન અને અનેક ઉપમેય છે. સામાન્ય રીતે ઉપમાન અને ઉપમેય સાથે સાથે મૂકવામાં આવે છે; પરંતુ અહીં કવિએ પ્રથમ ત્રણ ચરણમાં પાંચ ઉપમેય મૂક્યાં છે. અહીં જે ક્રમે ઉપમેય ગોઠવવામાં આવ્યાં છે, તે ક્રમને જાળવી રાખીને છેલ્લા ચતુર્થ ચરણમાં એક સાથે પાંચ ઉપમેય મૂક્યાં છે. વળી, આ પાંચેય ઉપમેયો માટે અહીં જે ઉપમાનો આપવામાં આવ્યા છે અને તે માટે જે પદોનો પ્રયોગ કર્યો છે, તે દરેક પદનો જ વર્ણથી પ્રારંભ થાય છે. આ ઉપરાંત આ બધાં પદોમાં જ વર્ણ એક કરતાં વધારે વાર વપરાયો છે, એ પણ એક બીજી વધારાની વિશેષતા છે. આવી હૃદયંગમ સુંદર રચના સંસ્કૃતભાષામાં જ શક્ય છે.

**7. कैवर्तकः केशवः।** આ પદ્યમાં મહાભારતના યુદ્ધને નદીના રૂપમાં કલ્પવામાં આવ્યું છે. रण एव नदी (રણ-સંગ્રામ એ જ નદી) એમ અભેદ દર્શાવીને રૂપકાલંકારની યોજના કવિએ કરી છે. કોઈ પણ નદીમાં ઘણું કરીને (1) तट (2) जल (3) नीलोत्पल (4) ग्राह (5) वहनी (6) वेला (7) मकर અને (8) आवर्त (વમળ) હોય છે. આ મહાભારતરૂપી રણનદીમાં પણ આ સાતેય વસ્તુઓ રહેલી છે. જેમકે - भीष्म અને द्रोण એ કિનારારૂપ છે. जयद्रथ એ પાણીરૂપ છે. गान्धार शकुनि નીલ-કમળના રૂપમાં છે. शल्यराजનું રૂપ ગ્રાહ-મગર તરીકેનું છે. कृपाचार्य નાની એવી નાવડી-નૌકાના રૂપમાં આવે છે. ને વળી, कर्ण પ્રવાહ થકી વ્યાકુળ બનેલી નદીનું રૂપક લે છે. अश्वत्थामा અને विकर्ण એ ભયંકર મગર તરીકે છે. दुर्योधन વમળના રૂપમાં વ્યવહાર કરી રહ્યો છે.

આ પ્રકારની ભયંકર નદીની પાર ઊતરવું પાંડવોને માટે શક્ય બન્યું, કેમકે પાંડવોના कैवर्तक અર્થાત્ નાવિક ખલાસી બીજું કોઈ નહિ, પરંતુ કુશળ રાજનીતિજ્ઞ કેશવ-કૃષ્ણ હતા.

## સ્વાધ્યાય

**1. योग्यं विकल्पं चित्वा उत्तरं लिखत ।**

(1) महीमण्डलमण्डनानि के सन्ति ?

(क) काकाः (ख) शुकाः (ग) मयूराः (घ) हंसाः

(2) विप्रयोगः – इत्यस्य कोऽर्थः ?

(क) वियोगः: (ख) संयोगः (ग) विप्रलाभः (घ) विमोहः

(3) स्नेहं के मुञ्चन्ति ?

(क) मुद्गाः (ख) तिलाः (ग) तैलम् (घ) कलमाः

(4) कलमा: नाम के ?

(क) अक्षता: (ख) गोधूमा: (ग) तिला: (घ) मुद्गा:

(5) रणनदीमध्ये कैवर्तक: क: ?

(क) भीष्म: (ख) केशव: (ग) द्रोणाचार्य: (घ) दुर्योधन:

**2. अधोलिखितानां पदानां पर्यायपदानि पाठात् चित्वा लिखत ।**

(1) मन्दाकिनी

(2) त्रिनेत्र:

(3) कमलम्

(4) मराल:

**3. સસંદર્ભ સમજૂતી લખો :**

(1) नमस्तस्मै कृता येन रम्या रामायणी कथा।

(2) हंसा महीमण्डलमण्डनानि।

(3) स्नेहं विमुच्य सहसा खलतां प्रयान्ति।

(4) सोत्तीर्णा खलु पाण्डवै रणनदी कैवर्तक: केशव:।

**4. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) રામાયણી કથા

(2) હંસની અન્યોક્તિ

(3) ડાંગર અને તલનો તફાવત

(4) મહાદેવનું સ્વરૂપ

**5. માતૃભાષામાં ટૂંકમાં ઉત્તર આપો :**

(1) સદૂષણાના બે અર્થ કયા કયા છે ?

(2) અંધારામાંની દૃષ્ટિને કોની સાથે સરખાવવામાં આવી છે ?

(3) શંભુની કઈ શક્તિ આખાય વિશ્વને અવરોધી રહી છે ?

(4) જમ્બાલ શું છે અને તેને શેની સાથે સરખાવવામાં આવ્યું છે ?

(5) રણનદીના કિનારા કેટલા છે અને તે કોણ કોણ છે ?

•

# 10. अनेकार्थसप्तकम्

[**પ્રસ્તાવના :** સંસ્કૃત જગતમાં એક લોકોક્તિ પ્રસિદ્ધ છે - अष्टाध्यायी जगन्माता अमरकोषः जगत्पिता। અર્થાત્ અષ્ટાધ્યાયી એ જગતની માતા છે અને અમરકોષ એ જગતનો પિતા છે. અષ્ટાધ્યાયી વ્યાકરણનો ગ્રંથ છે જ્યારે અમરકોષ કોષગ્રંથ છે. સંસ્કૃતભાષાશિક્ષણરૂપ જગતમાં જે કોઈ જોડાયું હોય, તેને માટે અષ્ટાધ્યાયી માતાની જેમ અને અમરકોષ પિતાની જેમ સહાયક બની રહે છે. પ્રાચીન પરંપરામાં સંસ્કૃતશિક્ષણનો પ્રારંભ આ બંને ગ્રંથોના અધ્યયનથી થતો હતો.

વ્યાકરણ ભાષાના બંધારણનો સર્વગ્રાહી ખ્યાલ આપે છે, જ્યારે કોષ તો માત્ર શબ્દના પ્રાસંગિક અર્થનો ખ્યાલ કરાવે છે. આ સ્થિતિમાં સંસ્કૃતભાષાશિક્ષણમાં વ્યાકરણના અધ્યયનની વ્યાપકતા હોય, એ સ્વાભાવિક જ છે. છતાં ક્યારેક કોષશાસ્ત્રનું અધ્યયન પણ પ્રાસંગિક બની રહે છે. આ પૃષ્ઠભૂમિ ઉપર ઊભા રહીને પ્રસ્તુત પાઠમાં પ્રથમ ચાર પદ્ય આચાર્ય હેમચન્દ્ર-વિરચિત અનેકાર્થસંગ્રહ (1.5, 2.64, 4.82, 5.41)માંથી, પાંચમું અને છઠ્ઠું પદ્ય અમરસિંહ રચિત અમરકોષ (2.1.2-3) માંથી અને છેલ્લું પદ્ય ભટ્ટમલ્લરચિત આખ્યાતચન્દ્રિકા (1.1)માંથી લીધું છે. આ ત્રણેય સંસ્કૃતના સુપ્રસિદ્ધ કોષગ્રંથ છે.

પ્રથમ પદ્યમાં क વર્ણના વિવિધ અર્થોનો સંગ્રહ છે. બીજા પદ્યમાં अज એ એક જ શબ્દના અનેક અર્થો બતાવ્યા છે. ત્રીજું પદ્ય લિંગ પરિવર્તનથી થતા અર્થ પરિવર્તનનાં ઉદાહરણ આપે છે. ચોથા પદ્યમાં સંભાષણ સંદર્ભે વપરાતાં અવ્યયપદો કેવી રીતે અર્થભેદ ધરાવતાં હોય છે, તેની સમજ આપવામાં આવી છે. પાંચમા અને છઠ્ઠા પદ્યમાં ભૂમિ (ધરતી) માટે સંસ્કૃતમાં જે એકવીસ નામો વપરાય છે, તેનો સંગ્રહ કરવામાં આવ્યો છે. (અલબત્ત, આ ઉપરાંત બીજાં પણ અગિયાર નામો સંસ્કૃતમાં વપરાય છે. એ રીતે કુલ તેત્રીસ નામો પૃથ્વીને માટે સંસ્કૃતભાષામાં વપરાય છે.) છેલ્લા અને સાતમા પદ્યમાં ક્રિયાપદના જુદા જુદા અર્થોને સંસ્કૃતકોષકારો કેવી રીતે મૂકે છે, તેનો નમૂનો પ્રસ્તુત છે. આ પાઠના અધ્યયનથી સમયાન્તરે અસ્તિત્વમાં આવતા પદાર્થોનાં નામકરણ કરવાની સંસ્કૃતભાષાની પદ્ધતિનો પણ ખ્યાલ આવી શકશે. બધાં પદ્યો અનુષ્ટુપ છંદમાં છે.]

---

को ब्रह्मण्यात्मनि रवौ मयूरेऽग्नौ यमेऽनिले।
कं शीर्षेऽप्सु सुखे चैव युज्यते लोकवेदयोः॥ १॥

अजश्छागे हरे विष्णौ रघुजे वेधसि स्मरे।
अब्जो धन्वन्तरौ चन्द्रे शङ्खेऽब्जं पद्मसंख्ययोः॥ २॥

निरूपणं विचारावलोकनयोर्निदर्शने।
निगरणं भोजने स्यात् निगरणः पुनर्गले॥ ३॥

भृशं प्रकर्षेऽत्यर्थे च सामि त्वर्धे जुगुप्सिते।
अयि प्रश्नेऽनुनये स्यादये क्रोधविषादयोः॥ ४॥

भूर्भूमिरचलाऽनन्ता रसा विश्वम्भरा स्थिता।
धरा धरित्री धरणिः क्षोणिर्ज्या काश्यपी क्षितिः॥ ५॥

सर्वंसहा वसुमती वसुधोर्वी वसुन्धरा।
गोत्रा कुः पृथिवी पृथ्वी क्ष्माऽवनिर्मेदनी मही॥ ६॥

सत्तायामस्ति भवति विद्यते चाथ जन्मनि।
उत्पद्यते जायते च प्ररोहत्युद्भवत्यपि॥ ७॥

## ટિપ્પણી

**(१) कः ( पुं. ) क** વર્ણ **ब्रह्मणि** બ્રહ્માના અર્થમાં **आत्मनि** આત્માના અર્થમાં **रवौ** રવિ-સૂર્યના અર્થમાં **मयूरे** મોરના અર્થમાં **यमे** યમના અર્થમાં **अनिले** વાયુના અર્થમાં **कम्** (**नपुं.**) **क वर्ण शीर्षे** માથાના અર્થમાં **अप्सु** પાણીના અર્થમાં **( अप्** શબ્દ બહુવચનમાં વપરાય છે. આથી અહીં સ.બ.વ. વપરાયું છે.) **युज्यते ( युज्** યોજવું, વાપરવું **व. अ.पु.ए.व. )** વપરાય છે. ઉપયોગમાં લેવાય છે. **लोकदेवयोः** લૌકિક સંસ્કૃત અને વૈદિક સંસ્કૃતમાં **(२) अजः** અજ એવો શબ્દ **छागे** બકરાના અર્થમાં **हरे** હર-શિવના અર્થમાં **विष्णौ** વિષ્ણુ-હરિના અર્થમાં **रघुजे** રઘુથી જન્મેલા તેમના પુત્ર-અજ-ના અર્થમાં **वेधसि** બ્રહ્માના અર્થમાં **स्मरे** કામદેવના અર્થમાં **अब्जः ( पुं. )** અબ્જ એ શબ્દ **धन्वन्तरौ** ધન્વતરિ (આયુર્વેદના પ્રવર્તક)ના અર્થમાં **शङ्खे** શંખના અર્થમાં **अब्जम् ( नपुं. )** અબ્જ એવો શબ્દ **पद्मसङ्ख्ययोः** કમળ અને સંખ્યા (એકડા પાછળ નવ શૂન્ય મૂકતાં થતી સંખ્યા)ના અર્થમાં **(३) निरूपणम्** નિરૂપણ એવો શબ્દ **विचारावलोकनयोः** વિચારવું અને અવલોકન કરવું-જોવું, તપાસવું - એવા અર્થમાં **निदर्शने** નિદર્શન-નિશ્ચિતરૂપે જોવું, દેખાડવું - એ અર્થમાં **निगरणम्** (**नपुं.**) નિગરણ એવો શબ્દ **निगरणः ( पुं. )** નિગરણ એવો શબ્દ **गले** ગળા-કંઠના અર્થમાં **(४) भृशम्** આ ભૃશમ્ એવો અવ્યય **प्रकर्षे** પ્રકર્ષ એટલે કે અધિકતા, ઉત્કૃષ્ટતાના અર્થમાં **अत्यर्थे** અતિ-વધારે પડતું-ના અર્થમાં **सामि** સામિ એવો અવ્યય **अर्धे** અડધું (સોનો બીજો ભાગ અથવા આખાનો અડધો ભાગ) એવા અર્થમાં **जुगुप्सिते** નિંદનીયના અર્થમાં **अयि** અયિ એવો અવ્યય **प्रश्ने** પ્રશ્ન કરવાના સંદર્ભમાં, સવાલ પૂછવાના સંદર્ભે **अनुनये** અનુનય-વિનય કરવાના સંદર્ભમાં **अये** આ અયે એવો અવ્યય **क्रोधविषादयोः** ક્રોધ-ગુસ્સાને વ્યક્ત કરવાના સંદર્ભમાં અને વિષાદ-શોકને વ્યક્ત કરવાના સંદર્ભમાં **(५) भूः** ધરતી **अचला** (વિચલિત ન થનારી) ધરતી **अनन्ता** (જેનો અંત નથી તેવી) ધરતી **रसा** (રસ ધરાવતી) ધરતી **विश्वम्भरा** (બધાનું ભરણ કરનારી) ધરતી **स्थिता** (સ્થિર રહેનારી) ધરતી **धरा** (ધારણ કરનારી અથવા ધર-પર્વતો છે જેમાં તેવી) ધરતી **धरित्री** (ધારણ કરનારી) ધરતી **धरणिः** (ધારણ કરનારી) ધરતી **क्षोणिः** (પક્ષી આદિનો કલરવ કરાવતી) ધરતી **ज्या** (વયની હાનિ કરાવતી) ધરતી **काश्यपी** (કશ્યપ મુનિની છે, માટે) ધરતી **क्षितिः** (નિવાસસ્થાન હોવાથી) ધરતી **(६) सर्वंसहा** (સર્વને સહન કરનારી) ધરતી **वसुमती** (ધન-ઐશ્વર્ય ધરાવતી) ધરતી **वसुधा** (ધન-ઐશ્વર્ય ધારણ કરનારી) ધરતી **ऊर्वी** (વિસ્તાર ધરાવનારી) ધરતી **वसुन्धरा** (ધન-ઐશ્વર્યને ધારણ કરનારી) ધરતી **गोत्रा** (ગોત્ર અર્થાત્ શૈલ-પર્વતો છે, જેમાં એવી) ધરતી **कुः** (અવાજ કરતી હોવાથી) ધરતી **पृथिवी** (ફેલાયેલી હોવાથી) ધરતી **पृथ्वी** (ફેલાયેલી છે, માટે) ધરતી (અથવા પૃથુની સંતાનરૂપ હોવાથી) ધરતી **क्ष्मा** (સહન કરતી હોવાથી) ધરતી **अवनिः** (રક્ષા કરનાર હોવાથી) ધરતી **मेदनी** (મેદ-ચરબી ધરાવતી હોવાથી) ધરતી **मही** (જેમાં પ્રાણીઓ પૂજાય છે, તે) ધરતી (આમ, જુદાં જુદાં કારણોથી એક જ ધરતીનાં અનેક નામ પ્રસિદ્ધ થયાં છે.) **(7) सत्तायाम्** સત્તા અર્થાત્ હોવાપણાના અર્થમાં **अस्ति** આ અસ્તિ ક્રિયાપદ છે. **भवति** ભવતિ એવું ક્રિયાપદ છે **विद्यते** વિદ્યતે એવું ક્રિયાપદ છે **जन्मनि** જન્મના અર્થમાં **उत्पद्यते** આ ઉત્પદ્યતે એવું ક્રિયાપદ છે **जायते** આ જાયતે એવું ક્રિયાપદ છે **प्ररोहति** આ પ્રરોહતિ એવું ક્રિયાપદ છે **उद्भवति** આ ઉદ્ભવતિ એવું ક્રિયાપદ છે.

## સન્ધિ

को ब्रह्मण्यात्मनि ( कः ब्रह्मणि आत्मनि)। मयूरेऽग्नौ (मयूरे अग्नौ)। यमेऽनिले (यमे अनिले)। शीर्षेऽप्सु (शीर्षे अप्सु)। अजश्छागे (अजः छागे)। अब्जो धन्वन्तरौ (अब्जः धनवन्तरौ)। शङखेऽब्जम् (शङ्खे अब्जम्)। विचारावलोकनयोर्निदर्शने (विचारावलोकनयोः निदर्शने)। पुनर्गले (पुनः गले)। प्रकर्षेऽत्यर्थे (प्रकर्षे अत्यर्थे)। त्वर्धे (तु अर्धे)। प्रश्नेऽनुनये (प्रश्ने अनुनये)। स्यादये (स्यात् अये)। भूर्भूमिरचलाऽनन्ता (भूः भूमिः अचला अनन्ता)। क्षोणिर्ज्या (क्षोणिः ज्या)। वसुधोर्वी (वसुधा ऊर्वी)। क्ष्माऽवनिर्मेदनी (क्ष्मा अवनिः मेदनी)। चाथ (च अथ)। प्ररोहत्युद्भवत्यपि (प्ररोहति उद्भवति अपि)।

## વિશેષ

**1. कः** – સંસ્કૃતભાષામાં જેટલા પણ વર્ણો છે, તે બધા જ વર્ણો સ્વતંત્ર રીતે કોઈક ને કોઈક અર્થ ધરાવે છે. આ અર્થમાં તે વપરાતા પણ રહે છે. જે જે અર્થોમાં તેમનો પ્રયોગ થાય છે, તે અર્થોનો નિર્દેશ કરનારા શબ્દકોષો પણ સંસ્કૃત ભાષામાં છે.

વળી, સંસ્કૃતભાષાની કેટલીક એવી કાવ્ય-રચનાઓ પણ ઉપલબ્ધ છે, કે જેમાં માત્ર અમુક એક જ વર્ણનો પ્રયોગ કરીને આખાય પદ્યની રચના કરવામાં આવી હોય. સંસ્કૃતભાષાની અનેક વિશેષતાઓમાં આ પણ એક વિશેષતા છે. (कः (પું.) શબ્દ બ્રહ્મા વગેરે અર્થોમાં. कम् (नपुं.) શબ્દ સુખ વગેરે અર્થમાં)

**2. कः रवौ।** કોષશાસ્ત્રની માન્યતા પ્રમાણે અર્થતત્ત્વ આધાર છે અને તે કારણે અર્થને અધિકરણ કારક માનીને સપ્તમી વિભક્તિ વાપરવામાં આવે છે. જેમકે - कः रवौ। અહીં રવિ એટલે કે સૂર્ય એ અર્થમાં क શબ્દ છે, એ પ્રકારનો આશય વ્યક્ત કરવા માટે कःમાં પ્રથમા વિભક્તિ વાપરવામાં આવી છે, જ્યારે रवौમાં સપ્તમી વિભક્તિ વાપરવામાં આવી છે. આવી જ રીતે બધાં પદ્યોમાં સપ્તમી વિભક્તિનો પ્રયોગ થયો છે.

**3. अजः ( न जायते सः - अजः )।** ભાષામાં વપરાતાં નામપદોને યૌગિક, રૂઢ, યોગરૂઢ અને યાદૃચ્છિક - એમ ચાર પ્રકારનાં મનાય છે. આ પ્રકારો તેમના અર્થનું નિર્ધારણ કરાવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેમકે - अजः એ પદને જ્યારે યૌગિક પદ માનવામાં આવે છે, ત્યારે न जायते सः – अजः (જે ઉત્પન્ન થતો નથી, તે.) એ રીતે વિષ્ણુ અર્થ આપે છે. (વિષ્ણુ કદી ઉત્પન્ન થયા નથી, એ તો નિત્ય છે. આ રીતે વિષ્ણુને માટે આ અજ પદ વપરાય છે.) अजः પદને જ્યારે રૂઢ માનવામાં આવે છે, ત્યારે તે 'બકરો' - અર્થ આપે છે. એવી જ રીતે જ્યારે अजः પદને યાદૃચ્છિક માનવામાં આવે છે, ત્યારે તે રઘુના પુત્રનો અર્થ આપે છે. (અજ એવું નામકરણ એમના માતા-પિતાની ઈચ્છાથી થયું હોઈ તે વ્યક્તિના નામનો વાચક અજ શબ્દ યાદૃચ્છિક મનાય છે.) આ રીતે સંસ્કૃતભાષાનો એક જ શબ્દ વિવિધ અર્થો ધરાવતો હોય છે. (આવી જ રીતે अब्जः (अप्सु जायते सः – अब्जः। એવી વ્યુત્પત્તિના આધારે) યૌગિકરૂપમાં ધન્વંતરિ (પું.)નો અર્થ આપે છે, જ્યારે अब्जम् (अप्सु जायते तत् – अब्जम् એવી વ્યુત્પત્તિના આધારે) કમળ (નપું.)નો અર્થ આપે છે.)

**4. निगरणः निगरणम्** – સંસ્કૃતમાં ક્યારેક લિંગનું પરિવર્તન થતાં અર્થમાં પણ પરિવર્તન થઈ જાય છે. આનો આશય એ છે કે એક જ શબ્દને લિંગપરિવર્તિત કરીને બે જુદા જુદા પદાર્થોની સંજ્ઞા માટે ઉપયોગમાં લેવાય છે. જેમકે - નિગરણ એવો શબ્દ निगरणः એમ પુલ્લિંગમાં વાપરવામાં આવે ત્યારે ગળાનો અર્થ આપે છે જ્યારે निगरणम् એમ નપુંસકલિંગમાં વાપરવામાં આવે ત્યારે ભોજનનો અર્થ આપે છે.

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चित्वा लिखत ।**

(1) पुल्लिङ्गस्य 'क' शब्दस्य कति अर्थाः सन्ति ?

(क) सप्त (ख) पञ्च (ग) चत्वारः (घ) दश

(2) पुल्लिङ्गस्य अजशब्दस्य कः अर्थः अस्ति ?

(क) अश्वः (ख) कामदेवः (ग) शङ्कुः (घ) छागः

(3) अर्धे अर्थे अयमव्ययः वर्तते ।

(क) भृशम् (ख) अपि (ग) अयि (घ) सामि

(4) भूः शब्दस्य पर्यायः नास्ति ।

(क) धरा (ख) रसा (ग) पृथ्वी (घ) क्षितीशः

(5) प्ररोहति – इत्यस्य कः अर्थः ?

(क) भवति (ख) विद्यते (ग) उद्भवति (घ) अनुभवति

**2. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) क શબ્દ જ્યારે પુલ્લિંગમાં વપરાય છે, ત્યારે કયા કયા અર્થ આપે છે ?

(2) ધન્વંતરિ અને ચન્દ્ર માટે अब्ज શબ્દ શા કારણે વપરાય છે ?

(3) निगरण શબ્દ ક્યારે ભોજનનો અને ક્યારે ગળાનો અર્થ આપે છે ?

(4) अयि અને अये અવ્યયોના અર્થભેદનો ખ્યાલ આપો.

(5) जन्म-क्रियाने કહેવા માટે કયા કયા ધાતુઓ વપરાય છે ?

**3. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) લિંગભેદથી થતો અર્થભેદ

(2) अज શબ્દના અર્થો

(3) कः શબ્દની અનેકાર્થતા

(4) પૃથ્વીવાચક શબ્દો

**4. નીચેના વિશે વિવરણાત્મક નોંધ લખો :**

(1) યૌગિકશબ્દ

(2) अयि અવ્યયની અર્થચ્છટા

(3) वसु આધારિત પૃથ્વીનાં નામ

•

# 11. पृथुचरितम्

[**પ્રસ્તાવના :** વ્યાસની રચના મનાતાં અઢાર પુરાણોનું સંસ્કૃત સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન છે. પુરાણનું વિષયગત લક્ષણ આપતાં જણાવાયું છે કે पुराणं पञ्च लक्षणम्। અર્થાત્ પુરાણનાં પાંચ લક્ષણ છે. જેમકે - સર્ગ (સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન), પ્રતિસર્ગ (સૃષ્ટિના પ્રલયનું વર્ણન), વંશ (સૂર્યવંશ અને ચંદ્રવંશમાં થયેલા રાજાઓની યાદી), મન્વન્તર (મન્વન્તર એટલે કે બે મનુઓના અસ્તિત્વના સમયગાળામાં ઘટેલી ઘટનાઓનું વર્ણન) અને વંશાનુચરિત (જે તે વંશમાં થયેલા કેટલાક પરાક્રમી રાજાઓના ચરિતનું વર્ણન).

ભારતીય પ્રાચીન પરંપરાઓ અને ઇતિહાસની જાણકારી માટે પુરાણસાહિત્યનો અભ્યાસ આવશ્યક છે. વળી, સામાન્ય જનમાનસ પુરાણનો સ્વાધ્યાય કરીને તેમાં વર્ણિત મહાનુભાવોનાં જીવનને જાણી શકે છે અને તે પ્રમાણે પોતાનું જીવન બનાવવાની અને તે પ્રમાણે જીવવાની પ્રેરણા પ્રાપ્ત કરે છે.

મત્સ્યપુરાણમાં આવતા પૃથુચરિતના આધારે આ પાઠ સંપાદિત કર્યો છે. પુરાણોમાં ભૂમિનું દોહન કરીને અન્નની પ્રાપ્તિનો સર્વપ્રથમ ઉપક્રમ કરનાર રાજા તરીકે પૃથુનો નિર્દેશ છે. ભૂમિનું દોહન એટલે કૃષિકર્મ. આમ, કૃષિકર્મના પુરસ્કર્તા તરીકે પુરાણોએ જે રીતે પૃથુચરિતનું વર્ણન કર્યું છે, તેનો મર્મ સમજવા જેવો છે. અહીં ભૂમિને ગાયના રૂપે અને પૃથુને દોહનાર રૂપે વર્ણવવામાં આવ્યા છે. આ દોહન ક્રિયાની પાછળ રહેલો આશય પ્રસ્તુત પાઠના કેન્દ્રમાં છે.]

स्वायम्भुवस्य मनोः वंशे अङ्गनामकः राजा अभवत्। सः दयालुः धर्मनिरतः च आसीत्। तस्य वेननामकः पुत्रः समभवत्। सः क्रूरः अधर्मनिरतः च आसीत्। तेन यज्ञ–दानादीनि सत्कर्माणि निषिद्धानि। दुर्जनाः सत्कारिताः सज्जनाः च दुष्कारिताः। फलतः चौरादीनां प्रवृत्तिः सर्वत्र प्रवर्तिता। सज्जनानां धनं धान्यं च दुर्जनैः परिहृतम्। यज्ञ–कर्माभावे दुर्भिक्षः प्रावर्तत। भूतलं यज्ञदानरहितं निर्धर्मं च सञ्जातम्।

अस्यां दुरवस्थायां प्रजारक्षणार्थम् ऋषयः प्रवृत्ताः। तैः वेनो दण्डितः, मारितश्च। तदनन्तरम् ऋषयः तस्य पृथुनामकं पुत्रं राज्यासने प्रस्थापितवन्तः। पृथुः दयालुः धार्मिकः च आसीत्। वेनस्य शासने पीडिताः प्रजाः अभिषिक्तं तं धार्मिकं पृथुम् उपतस्थुः। क्षुधार्तायाः प्रजायाः परिपालनाय धान्यमपेक्षितमासीत्। भूतलं यज्ञदानरहितं निर्धर्मं च आसीत्। तादृशं भूतलं दृष्ट्वा पृथुः तं दग्धुम् उद्यतः अभवत्। ततः इयं भूः गोरूपमास्थाय पलायितुमुद्यता। पृथुः तस्याः पृष्ठतः अनुगतः। अन्ते एकदेशे स्थित्वा किं करोमीति भूमिः अब्रवीत्। पृथुः अपि स्थावरस्य चरस्य च ईप्सितं देहि इति तामब्रवीत्। भूः तथास्तु इत्युक्त्वा तत्रैव स्थिता। तां गोरूपां स्थिता भूमिं पृथुः दुदोह। अस्मिन् दोहनकर्मणि अन्नरूपं प्रभूतं दुग्धं प्राप्तम्। तेन अन्नेन पृथुना प्रजाः संरक्षिताः अनुरञ्जिताः च।

एवंप्रकारकं पृथुचरितं पुराणेषु वर्णितमस्ति। वस्तुतः इदमेकं रूपकमस्ति। तदनुसारं राजा गोपालः, भूतलं गौः, दोहनं कृषिकर्म, दुग्धम् च अन्नम् अस्ति। अर्थात् पृथुरूपः गोपालः भूतलरूपां गां कृषिकर्मणा दुदोह। अस्मिन् दोहनकर्मणि अन्नरूपं दुग्धं च प्राप्तवान्।

अस्य रूपकस्यायं सन्देशः – यथा गोपालः स्वकीयां गां प्रेम्णा परिपालयति, परिपालितां च गाम् असौ प्रातः सायं चेति नियतकालं नियतपरिमाणं च दोग्धि, तथा राजा अपि स्वकीयं भूतलं प्रेम्णा परिपालयेत्। परिपालितं च भूतलम् असौ शरदि वर्षायाम् चेति नियतकालं नियतपरिमाणमेव दुह्यात्। एवमेव कृषिकर्मणि प्रवृत्ताः प्रजाः अपि भूतलं तथैव परिपालयेयुः। परिपालितं च भूतलं नियतकालं नियतपरिमाणं च दुह्युः इति। यतो हि –

बहुधान्यप्रवृत्तोऽयं जनो लोलुपमानसः। न चेत्स भूतलं रक्षेत् हानिरेव भविष्यति॥

सस्यं कृषिश्च गोरक्ष्यं सर्व एव वणिक्पथः। भूतलेऽरक्षिते नित्यं नश्यत्येव न संशयः॥

## ટિપ્પણી

**स्वायम्भुवस्य मनोः** સ્વાયંભુવ નામના મનુના **धर्मनिरतः ( धर्मे निरतः - स.त. )** ધર્મમાં લાગેલા રહેનારા **समभवत् ( सम् + भू ह्य.भू. अ. ए.व. )** થયો **क्रूरः** નિર્દય **अधर्मनिरतः ( अधर्मे निरतः - स.त. )** અધર્મમાં લાગેલા **निषिद्धानि** મનાઈ કરવામાં આવેલાં (કાર્યો) **सत्कारिताः** સત્કાર કર્યો **दुष्कारिताः** અપમાન કર્યું, દુષ્કાર કર્યો **फलतः** પરિણામે **प्रवर्तिता**

પ્રવર્તિત થઈ, પ્રવર્તી **परिहृतम् ( परि + हृ + क्त > त कर्म.भू.कृ. )** ચોરી લીધું **दुर्भिक्षः** દુષ્કાળ (વરસાદ ન થાય, તો અન્ન પાકે નહિ. અન્ન પાકે નહિ તો ભિક્ષા મળે નહિ. માટે દુષ્કાળને માટે સંસ્કૃતમાં આ દુર્ભિક્ષ શબ્દ વપરાય છે. તેનો શાબ્દિક અર્થ છે - મુશ્કેલીથી ભિક્ષા પ્રાપ્ત થાય તેવો કાળ.) **प्रावर्तत ( प्र + वृत् ह्य.भू. अ. ए.व. )** પ્રવર્ત્યો, થયો **निर्धर्मम्** ધર્મ રહિત **दण्डितः ( दण्ड् + क्त > त क.भू.कृ. )** દંડ્યો **मारितः ( मृ ( प्रे. ) + क्त > त क.भू.कृ. )** માર્યો **प्रस्थापितवन्तः ( प्र + स्था + ( प्रे. ) क्तवत् > तवत् क.भू.कृ. )** સ્થાપ્યો, પ્રસ્થાપિત કર્યો **अभिषिक्तम् ( अभि + सिच् + क्त > त कर्म.भू.कृ. )** અભિષેક પામેલા (રાજા)ને (પ્રાચીન પરંપરામાં રાજા તરીકેની જાહેરાત થતાં પહેલાં એક વિધિ થતી. આ વિધિમાં રાજા થનાર વ્યક્તિને રાજસિંહાસન ઉપર બેસાડીને જલાભિષેક કરવામાં આવતો. જ્યાં સુધી જળાભિષેક ન થાય, ત્યાં સુધી જે તે વ્યક્તિને રાજાનું પદ મળેલું ગણાતું ન હતું.) **उपतस्थुः ( उप + स्था प. भू. अ. ब.व. )** ઉપસ્થિત થયો, હાજર થયો **क्षुधार्ताः ( क्षुधया आर्ताः - तृ. त. )** ભૂખથી પીડિત **दग्धुम् ( दह् + तुम् हे.कृ. )** બાળી નાખવા માટે **उद्यतः** તૈયાર **भूः** પૃથ્વી **गोरूपम् ( गावः रूपम् - ष.त. )** ગાયના રૂપને **आस्थाय ( आ + स्था + क्त्वा > य सं.भू.कृ. )** સ્થિત રહીને **पलायितुम् ( पलाय् + तुमुन् > तुम्  हे.कृ. )** નાસી જવા માટે **उद्यता** તત્પર બની **अब्रवीत् ( ब्रू ह्य.भू. अ. ए.व. )** બોલી **स्थावरस्य** સ્થાવરના (જે એક જગાએ સ્થિર રહીને ઊભું હોય, (જેમકે - વૃક્ષ) તેને સ્થાવર કહે છે.) **चरस्य** ફરતા, વિચારણા કરતા **ईप्सितम्** ઇચ્છેલું, ચાહેલું **देहि ( दा आज्ञा. म. ए.व. )** આપ **गोरूपाम् ( गोः रूपम् यस्याः सा - बहु. )** ગાયનું રૂપ લીધું છે જેણે, એવીને **दुदोह ( दुह् प.भू. अ. ए.व. )** દોહી **रूपकम्** રૂપક, જેમાં અમુક બીજી કોઈ વસ્તુનો આરોપ કરવામાં આવ્યો હોય, તે (અહીં રાજા પૃથુમાં ગોપાલનો, ભૂમિમાં ગાયનો, દોહવાની ક્રિયામાં કૃષિકર્મનો અને દૂધમાં અન્નનો આરોપ કરવામાં આવ્યો છે.) **दोहनकर्मणि ( दोहनस्य कर्म, तस्मिन् - ष.त. )** દોહવાના કર્મમાં **नियतकालम् ( नियतः चासौ कालः, तम् - कर्म. )** ચોક્કસ કાળે **नियतपरिमाणम् ( नियतः चासौ परिमाणः, तम् - कर्म. )** ચોક્કસ માપમાં **दोग्धि ( दुह् वर्त. अ. ए.व. )** દોહે છે **परिपालयेत् ( परि + पाल् विधि. अ. ए.व. )** પાળવું જોઈએ **दुह्यात् ( दुह् विध्यर्थ अ. ए.व. )** દોહવી જોઈએ **दुह्युः ( दुह् विध्यर्थ अ. ब.व. )** દોહવી જોઈએ **यतो हि** કેમકે **बहुधान्यप्रवृत्तः ( बहु च तद्ः धान्यम् ( कर्म. ), बहुधान्याय प्रवृत्तः - च.त. )** ઘણું બધું અનાજ મેળવવા માટે **लोलुपमानसः ( लोलुपं मानसं यस्य सः - बहु. )** લોભી મનવાળો, લોભી **न रक्षेत् ( रक्ष् विधि. अ. ए.व. )** રક્ષા કરે નહિ **सस्यम्** અનાજ **कृषिः** ખેતી **गोरक्ष्यम्** ગોપાલન **वणिक्पथः** વ્યાપાર-વણજ **नश्यति ( नश् व. अ. ए.व. )** નાશ પામે છે, ખતમ થઈ જાય છે.

### સન્ધિ

वेनो दण्डितः (वेनः दण्डितः)। मारितश्च (मारितः च)। करोमीति (करोमि इति)। तथास्तु (तथा अस्तु)। इत्युक्त्वा (इति उक्त्वा)। बहुधान्यप्रवृत्तोऽयम् (बहुधान्यप्रवृत्तः अयम्)। जनो लोलुपमानसः (जनः लोलुपमानसः)। ततो हानिर्भविष्यति (ततः हानिः भविष्यति)। कृषिश्च (कृषिः च)। सर्व एव (सर्वः एव)। भूतलेऽरक्षिते (भूतले अरक्षिते)। नश्यत्येव (नश्यति एव)।

### સ્વાધ્યાય

**1. योग्यं विकल्पं चित्वा रिक्तस्थानानां पूर्तिः करणीया ।**

(1) पृथोः पितुः नाम ............... आसीत्।

(क) मनुः (ख) वेनः (ग) धर्मः (घ) वैनः

(2) वेनः ............... आसीत्।

(क) क्रूरः (ख) अक्रूरः (ग) दयालुः (घ) धर्मनिरतः

(3) ............... गोरूपम् अस्ति।

(क) आकाशम् (ख) वायुः (ग) भूतलम् (घ) जलम्

(4) गौः ............... दुह्यते।

(क) प्रातः (ख) सायम् (ग) एकदा (घ) प्रातःसायम्

**2. एकेन वाक्येन संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) अङ्गनामकः राजा कस्य वंशे अभवत् ?

(2) वेनेन के सत्कारिताः के च दुष्कारिताः ?

(3) क्षुधार्तायाः प्रजायाः परिपालनाय किम् अपेक्षितमासीत् ?

(4) दुर्जनैः केषां किं परिहृतम् ?

(5) पृथुः किंरूपां भूमिं दुदोह ?

**3. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) વેન રાજા કેવો હતો ?

(2) પ્રજાની રક્ષા માટે ઋષિઓએ શું કર્યું ?

(3) પૃથુના રાજ્યાભિષેક સમયે પ્રજાની સ્થિતિ કેવી હતી ?

(4) રાજા પૃથુ ભૂમિને શા કારણે બાળવા માટે ઉદ્યત થયો ?

(5) દોહનક્રિયાની વિશેષતા સમજાવો.

**4. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) રાજા તરીકે પૃથુ

(2) ગાય તરીકે ભૂતલ

(3) પૃથ્વીની દોહનક્રિયા એટલે કૃષિ

•

# 12. किन्तोः कुटिलता

[**પ્રસ્તાવના :** નિબંધની સાહિત્યિક વિદ્યા આધુનિક કાળની દેન છે. (સંસ્કૃતમાં નિબંધ એવું નામ એક પ્રકારના ગ્રંથો માટે જાણીતું છે. કોઈ એક ધર્મશાસ્ત્રીય વિષય ઉપર સમસામાયિક ચર્ચા કરતા લઘુગ્રંથને નિબંધગ્રંથ તરીકે ઓળખવામાં આવે છે. જેમકે - શ્રાદ્ધને લગતી વિચારણા કરનારા श्राद्धप्रदीपः જેવા ગ્રંથો નિબંધ ગ્રંથો તરીકે જાણીતા છે.) આધુનિક કાળની આ વિધાને સ્વીકારી લઈને વર્તમાનકાળના સંસ્કૃતસાહિત્યના વિશારદોએ અનેક સુલલિત નિબંધોની રચના કરી છે. આ પ્રકારના નિબંધો સામાન્ય રીતે સંસ્કૃતભાષાની પત્રિકાઓમાં છપાતા રહે છે. કેટલાક વિદ્વાનોએ પોતે લખેલા નિબંધોને એકત્ર સંગૃહીત કરીને પુસ્તકાકારે પણ પ્રકાશિત કરાવ્યા છે.

રાજસ્થાનના જયપુરના નિવાસી પં. મથુરાનાથે સમસામાયિક વિષયો ઉપર અનેક સુંદર સુંદર નિબંધો લખ્યા છે. તે જુદા જુદા સમયે સંસ્કૃતની વિવિધ પત્ર-પત્રિકાઓમાં પ્રકાશિત થતા રહ્યા છે. તેમાંથી કેટલાક નિબંધોને એકત્ર સંગ્રહ કરીને प्रबन्धपारिजातः નામે એક નિબંધગ્રંથ પ્રકાશિત થયો છે. તેમાં किन्तोः कुटिलता શીર્ષકથી એક નિબંધ છે. આ નિબંધના એક નાનકડા અંશને અહીં સંપાદિત કરીને અને પાઠ્યપુસ્તકના નિયત ભાષાસ્તરને અનુરૂપ પરિવર્તન કરીને પ્રસ્તુત પાઠ તૈયાર કરવામાં આવ્યો છે.

ભાષામાં વપરાતો એક નાનકડો किन्तु શબ્દ કેવી કેવી વિચિત્ર પરિસ્થિતિ સર્જે છે, તેનું સુંદર આલેખન અહીં થયું છે. ક્યારેક અનુકૂળ પરિસ્થિતિ માણસના મનને પુલકિત કરી મૂકતી હોય છે. આવા સમયે અચાનક किन्तु શબ્દનો પ્રવેશ થાય છે અને મન વિષાદમાં સરી પડે છે. આ જ किन्तु શબ્દની કુટિલતા છે. આ પ્રકારની ત્રણ ઘટનાઓ પાઠમાં વર્ણિત છે.]

---

जीवनस्य विविधक्षेत्रे अहं किन्तोः कुटिलताम् अन्वभवम्। मम जीवने घटितासु घटनासु द्वित्राः घटनाः अत्र वर्णयामि।

एकदा राज्यतः लब्धाया मम भूमेरभियोगो बहोः कालात् न्यायालये चलति स्म। मम पक्षात् सर्वाण्यपि आवश्यकानि प्रमाणानि यथाकालं दत्तानि। साक्षिजनानां साक्ष्यमपि मत्पक्षे समभवत् यत् सा भूमिः अस्मदीयानां वंशजानाम् अधिकारे वर्तते। वाक्कीलेनापि मह्यम् अभयं दत्तं यत् प्रमाणानां बलेन भूमिरियम् अवश्यं भवदधिकारभुक्ता भविष्यति।

अस्य अभियोगस्य भाग्यनिर्णयः अद्य आसीत्। न्यायाधीशः निर्णयम् अकथयत् – ''वयं पश्यामः यत् अभियोक्तुः पक्षादावश्यकानि सर्वाण्येव प्रमाणान्यत्र प्रस्तुतानि सन्ति। राज्यतः लब्धायाः भूमेः दानपत्रमपि उपस्थापितम् अस्ति। न्यायालयेन परिज्ञातं यत् भूमिरियम् अभियोक्तुः अधिकारभुक्ता अस्ति।''

अहम् निश्चिन्तः अभवम्। परं न्यायधीशः अग्रे अवदत्, ''..... किन्तु राजस्वविभागस्य अधिकारी एतद्विरोधे एकम् पत्रम् प्रेषितवानस्ति। तदुपरि लक्ष्यदानमावश्यकं मन्यामहे। अतः सम्प्रति न्यायः स्थगितः।''

मदीया चिन्ता गतापि पुनरागता। न्यायाधीशस्य स किन्तुकुन्तः मम अन्तःकरणम् अद्यापि समन्तात् कृन्तति। अपरं च अनेन किन्तुशब्देन आनन्दस्य अनुभवप्रसङ्गे अहं नितान्तम् अनुतापमपि अन्वभवम्।

एकदा अनेकवर्षाणां परिश्रमेण रचितं सद्यः प्रकाशितं मदीयं पुस्तकमेकम् आदाय अहम् एकस्य साहित्यमर्मज्ञस्य नेतुः समीपमगच्छम्। अस्य पुस्तकस्य विषयः, तस्य प्रस्तुतिः, मुद्रणसौष्ठवं चित्रयोजनं चेति सर्वमपि सुन्दरमासीत्। नेतृमहोदयाय पुस्तकमिदम् अवश्यं रुचिकरं भविष्यतीति मे दृढा श्रद्धा। तेनाहं निश्चिन्तः आसम्।

अहं सोत्साहं नेतृमहोदयस्य गृहं प्रत्यगच्छम्। क्षणद्वयानन्तरम् एव नेतृमहोदयस्य साक्षात्कारः सञ्जातः। मया नेतृमहोदयस्य करकमलयोः पुस्तकं समर्पितम्। पुस्तकं दृष्ट्वा नेतृमहोदयः प्रसन्नः जातः। अवोचत् च ''पुस्तकं ते वस्तुतः एव अद्भुतं निर्मितम् अस्ति। बहुकालानन्तरम् एतादृशं पुस्तकं पश्यामि।'' तदनन्तरं सद्य एव ''किन्तु ... मत्सम्मतौ पुस्तकमिदं संस्कृते न विलिख्य यदि हिन्दीभाषायां लिखितं स्यात् तर्हि सम्यक् भवेत्।'' इत्यवोचत्।

गृहं प्रतिनिवर्तमानः अहं समस्तेऽपि राजमार्गे किन्तुकृतायाः मर्मवेधकशिक्षायाः उपरि चिन्तामग्नः कर्णम् अमर्दयम्। अनेन किन्तुना मह्यं या शिक्षा दत्ता तां यदि अहम् अनुसरामि तर्हि कदाचिदपि संस्कृतभाषायां पुस्तकलेखनं कर्तुं न पारयामि।

कदाचित् अयं क्रूरः किन्तुशब्दः मुखस्य कवलमपि अवरोधयति। एकदा अहं रुग्णः अभवम्। वैद्यमहोदयस्य कृपया बहोः कालानन्तरं स्वस्थः सञ्जातः। अस्मिन्नेव समये मित्रगोष्ठ्याः निमन्त्रणं प्राप्तम्। भोजगोष्ठ्यां गमनार्थं ममापि इच्छा सञ्जाता। अहं आतुरालयम् अगच्छम्। तत्र गत्वा वैद्यम् अवोचम् – ''किमहं भोजगोष्ठ्यां गन्तुं समर्थः अस्मि ?'' उत्तरम् अलभ्यत – ''गन्तुमर्हति भवान्। .. किन्तु गरिष्ठपदार्थानां भोजनं निषिद्धमस्तीति।''

वैद्यस्य वचनानि श्रुत्वा भोजगोष्ठ्यां गमनस्य इच्छा अर्धमात्रायां तु अत्रैव समाप्ता। तथापि अहं भोजगोष्ठ्याम् अगच्छम्। अत्र वैद्यमहोदयस्य किन्तुशब्दः मम कण्ठनलिकायां संलग्नः आसीत्। भोजगोष्ठ्यां यं यं पदार्थम् अहं पश्यामि, सः सः पदार्थः गरिष्ठ एवास्तीति प्रतीतिर्भवति स्म। अतः भोजनं विनैव मम भोजः समाप्तः अभवत्। आघ्राणे अर्धभोजनम् इति न्यायेन सन्तोषम् अकरवमहं भोजगोष्ठ्याम्।

एवम् जीवने अनेकवारम् अस्य किन्तुशब्दस्य शत्रुता सम्मुखमुपस्थिता भवति। बहुवारं दृष्टवानस्मि यत्कार्यं सर्वथा सज्जं सम्पद्यते, सर्वप्रकारैः सिद्धिः हस्तगता भवति, यथैव सफलतायाः मूर्तिः सम्मुखमागच्छति, तथैव क्रूरः अयं किन्तुः मध्ये प्रविश्य सर्वं कार्यं विनाशयति। मानवस्य जीवने किन्तोः इयं कुटिलता प्रायः सर्वत्र विराजते॥

## ટિપ્પણી

**अन्वभवम् ( अनु + भू ह्य.भू. उ.ए.व. )** અનુભવી છે **द्वित्राः ( द्वे वा तिस्रः वा, बहु. )** બે-ત્રણ **अभियोगः** દાવો, ખટલો **चलति स्म** ચાલતો હતો **यथाकालम् ( कालम् अनतिक्रम्य, आ.मा. )** સમય પ્રમાણે **साक्षिजनानाम् ( साक्षी चासौ जनः, तेषाम् – कर्म. )** સાક્ષીઓની **साक्ष्यम्** સાક્ષી, જુબાની **अस्मदीयानां वंशजानाम्** અમારા વંશજોના **वाक्कीलः** વકીલ **भवदधिकारभुक्ता ( भवतः अधिकारः ष. त., भवदधिकारेण भुक्ता, तृ. त. )** તમારા અધિકાર વડે ભોગવાયેલી **भाग्यनिर्णयः ( भाग्यस्य निर्णयः, ष. त. )** ભાગ્યનો નિર્ણય, નસીબનો ફેંસલો **अभियोक्तुः** દાવો કરનારનું, વાદીનું **उपस्थापितम्** રજૂ કરાયેલું **परिज्ञातम्** જાણ્યું છે **राजस्वविभागस्य** મહેસૂલ વિભાગના **प्रेषितवान्** મોકલ્યું **लक्ष्यदानम् ( लक्ष्यस्य दानम्, ष. त. )** ધ્યાન આપવું તે **मन्यामहे ( मन् व. उ.पु.ब.व. )** માનીએ છીએ. **मदीया** મારી **किन्तुकुन्तः ( किन्तु एव कुन्तः, कर्म. )** 'કિન્તુ' રૂપી શૂળ-ભાલો **समन्तात्** ચારે બાજુથી **कृन्तति** વીંધે છે, કોતરી ખાય છે **नितान्तम्** સતત **अनुतापम्** સંતાપ **साहित्यमर्मज्ञस्य ( साहित्यस्य मर्मज्ञः, ष. त., तस्य )** સાહિત્યના જાણકારના **नेतुः** નેતાનું **मुद्रणसौष्ठवम् ( मुद्रणस्य सौष्ठवम्, ष. त. )** છાપકામની સુંદરતા **चित्रयोजनम् ( चित्रस्य योजनम्, ष. त. )** ચિત્રોની ગોઠવણી **रुचिकरम्** મનને ગમે તેવું **क्षणद्वयानन्तरम्** બે મિનિટ પછી **साक्षात्कारः** પ્રત્યક્ષ મિલન **करकमलयोः** હાથરૂપી કમળમાં **अवोचत्** બોલ્યો (આદરાર્થે - બોલ્યા) **बहुकालानन्तरम्** ઘણા સમય બાદ **मत्सम्मतौ** મારા માનવા પ્રમાણે **विलिख्य** લખીને **प्रतिनिवर्तमानः** પાછા વળતા **किन्तुकृतायाः ( 'किन्तु' इति शब्देन कृता या सा, बहु., तस्याः )** 'કિન્તુ' શબ્દ વડે કરાયેલી-મળેલી **मर्मवेधकशिक्षा ( मर्मस्य वेधिका – ( ष.त. ), मर्मवेधिका चासौ शिक्षा – मर्मवेधकशिक्षा, कर्म. )** મર્મને વીંધનારું શિક્ષણ, મર્મવેધી બોધ **अमर्दयम्** આમળ્યો **पारयामि** પાર પામું, પૂર્ણ કરું **कवलम्** કોળિયો **अवरोधयति** રોકી લે છે **भोजगोष्ठ्याम्** ભોજન સમારંભમાં **गरिष्ठपदार्थाः** ભારે પદાર્થો, પચવામાં વાર કરે તેવી વાનગીઓ **निषिद्धम्** મનાઈ **अर्धमात्रायाम्** અડધી માત્રામાં **समाप्ता** પૂરી થઈ ગઈ **कण्ठनलिका** કંઠની નળી **आघ्राणे अर्धभोजनम् ( अर्धम् भोजनम्, तत्पु. ) इति न्यायेन** સૂંઘવા માત્રથી અડધું ભોજન થઈ ગયું, એ ન્યાયે **सम्मुखमुपस्थिता** સામે રહેલી **सम्पद्यते** જણાય છે **हस्तगता ( हस्तं गता, द्वि.त. )** હાથવગી **सफलतायाः मूर्तिः** સફળતાની મૂર્તિ, મૂર્તિમંત સફળતા **किन्तोः कुटिलता** 'કિન્તુ' શબ્દનું કુટિલપણું **विराजते** શોભે છે, વસે છે.

## સન્ધિ

लब्धाया मम (लब्धायाः मम)। भूमेरभियोगो (भूमेः अभियोगः)। भूमिरियम् (भूमिः इयम्)। पक्षादावश्यकानि (पक्षात् आवश्यकानि)। प्रमाणान्यत्र (प्रमाणानि अत्र)। पुनरागता (पुनः आगता)। इत्यवोचत् (इति अवोचत्) समस्तेऽपि (समस्ते अपि)। अस्मिन्नेव (अस्मिन् एव)। निषिद्धमस्तीति (निषिद्धम् अस्ति इति)। एवास्तीति (एव अस्ति इति)। प्रतीतिर्भवति (प्रतीतिः भवति)। विनैव (विना एव)।

## વિશેષ

**1. अभियोगः** – અભિયોગ એટલે દાવો, જેને સામાન્ય ભાષામાં આપણે કેસ કહીએ છીએ. સામાન્ય રીતે દાવા બે પ્રકારના હોય છે - દીવાની (સિવિલ - Civil) અને ફોજદારી (ક્રિમિનલ - Criminal). જમીન, ભાગબટાઈ, હક વગેરેના દાવાઓને દીવાની દાવા કહેવાય છે, જ્યારે હત્યા, મારપીટ વગેરે દાવાઓને ફોજદારી દાવા કહેવાય છે. જ્યારે વ્યક્તિને પરસ્પર સમજૂતીથી પ્રશ્નનો નિકાલ થતો દેખાતો નથી, ત્યારે તે ન્યાયાલયનો આશરો લે છે. ન્યાયાધીશ બંને પક્ષોને સાંભળીને સાક્ષી અને પુરાવાના આધારે કાયદાની જોગવાઈ અનુસાર પ્રશ્નનો નિકાલ કરે છે.

**2. अधिकारभुक्ता** – અધિકારથી ભોગવાયેલી ભૂમિને અધિકારભુક્તા કહેવાય છે. સ્મૃતિગ્રંથો અનુસાર અને કેટલેક અંશે વર્તમાન કાયદાઓ અનુસાર જે જમીન અમુક વર્ષો સુધી કોઈ વ્યક્તિ ખેડે છે અને તેનો માલિક તેના પ્રત્યે વાંધો લે નહિ તો તે જમીન  ભોગવટો ધરાવનારના અધિકારમાં આવી જાય છે. થોડાં વર્ષો પહેલાં 'ખેડે તેની જમીન' એ નિયમાનુસાર હજારો ખેડૂતોને આ પ્રકારે જમીન પ્રાપ્ત થઈ હતી.

**3. किन्तुकुन्तः** – 'કિન્તુ' શબ્દરૂપી શૂળ, ભાલો. (कुन्तः =  ભાલો) આ પાઠમાં લેખક પોતાના જીવનમાં 'કિન્તુ' શબ્દે સર્જેલાં વમળોનું વર્ણન કરે છે. અમુક પરિસ્થિતિમાં માણસની અનુકૂળતા મુજબ બધું ચાલ્યા કરતું હોય છે. આથી માણસને સુખ અનુભવાતું હોય છે. આવા સમયે ક્યારેક કિન્તુ શબ્દથી પ્રારંભ થતું વિધાન સાંભળવાનું બને છે અને પરિસ્થિતિ એકદમ બદલાઈ જાય છે. આ બાબત હવે માણસને ભાલો ભોંકાયો હોય, તેવો અહેસાસ કરાવે છે. આથી લેખક કિન્તુ શબ્દના પ્રયોગવાળા વિધાનને કુન્ત અર્થાત્ શૂળ તરીકે ઓળખાવે છે. અહીં किन्तुकुन्तः એવા પ્રયોગમાં બેવાર કકારનો પ્રયોગ થયો છે, જે વર્ણાનુપ્રાસનું ઉદાહરણ બની રહે છે.

(આની વિરુદ્ધ આ કિન્તુ શબ્દ ક્યારેક કૃપા પણ કરે છે. તે માણસને વિષાદમાંથી બહાર લઈ આવી આનંદિત પણ કરતો હોય છે. જો કે અહીં પાઠમાં વિસ્તારના ભયે આવી કોઈ ઘટનાનું આલેખન નથી, છતાં શિક્ષક આવી કોઈ ઘટનાને માતૃભાષામાં વિદ્યાર્થીઓની સામે રજૂ કરી કિન્તુની કૃપા પણ બતાવી શકે છે.)

**4. आघ्राणे अर्धभोजनम्।** – આ એક પ્રકારનો કલ્પિત ન્યાય છે. સંસ્કૃત સાહિત્યમાં વપરાતા ન્યાયો આ પાઠ્યપુસ્તકને અંતે ભણવાના છે. એ ન્યાયોમાંના કેટલાક વ્યવહારના અનુભવો ઉપરથી ઘડાયેલા છે. આ ન્યાય પણ આવા જ કોઈક વ્યવહારના આધારે ઘડાયો છે. લેખક એક ભોજનગોષ્ઠીમાં ઉપસ્થિત છે. અહીં વિવિધ વાનગીઓ પીરસાઈ રહી છે. લેખક તેમને ખાઈ શકતો નથી, કેમકે માંદગીને કારણે વૈદ્યે ગરિષ્ઠ (પચવામાં ભારે એવા) પદાર્થો ખાવાની ના પાડી છે. આમ, લેખકને પૂરેપૂરું ભોજન કરવાનો અવસર રહ્યો નથી. આ પરિસ્થિતિમાં તે ભોજનની સુગંધ લઈને પોતાના મનને મનાવી રહ્યો છે ! સ્વાભાવિક છે ભોજનની સુગંધ માત્રનો આસ્વાદ પૂર્ણભોજન બની શકે નહિ, એટલે લેખકે ભોજનની સુગંધને અર્ધભોજન - અડધું ભોજન માની લેવાની વાત કરી છે.

આમ, સામે ભોજન પડ્યું હોય, કોઈક કારણે સંપૂર્ણતાથી જમીને તેનો આસ્વાદ ન લઈ શકાતો હોય, તો ભોજનની માત્ર સુગંધ માણીને માણસ અડધું ભોજન થઈ ગયાનો અનુભવ કરી શકે છે અને સંતોષ પામી શકે છે. આ પ્રકારની મનઃસ્થિતિ વ્યક્ત કરવા માટે આ ન્યાય વાપરી શકાય છે.

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) लेखकः किम् आदाय एकस्य साहित्यमर्मज्ञस्य नेतुः समीपम् अगच्छत्।

(क) अभियोगम् (ख) पुस्तकम् (ग) भोजनम् (घ) चित्रम्

(2) मुखस्य कवलमपि कदाचित् किम् अवरोधयति ?

(क) किन्तुशब्दः (ख) चिन्ता (ग) गरिष्ठपदार्थः (घ) वैद्यः

(3) भूमि: कस्य वंशजानाम् अधिकारे वर्तते ?

(क) राज्ञ: (ख) लेखकस्य (ग) वैद्यस्य (घ) साक्षिजनानाम्

(4) लेखकेन नेतृमहोदयाय किं समर्पितम् ?

(क) संस्कृतपत्रम् (ख) संस्कृतपुस्तकम् (ग) पुस्तकम् (घ) पुष्पम्

(5) कस्य कुटिलता प्राय: सर्वत्र विराजते ?

(क) मानवस्य (ख) देवस्य (ग) किन्तो: (घ) राज्ञ:

**2. संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) भूमे: अभियोग: कुत्र चलति स्म ?

(2) मह्यं केन अभयं दत्तम् ?

(3) नेतृमहोदयस्य साक्षात्कार: कदा सञ्जात: ?

(4) लेखकाय कीदृशं भोजनं निषिद्धमस्ति ?

(5) केन न्यायेन अहं भोजगोष्ठ्यां सन्तोषम् अकुर्वम् ?

**3. માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) ન્યાયાધીશે ન્યાય શા માટે સ્થગિત કર્યો ?

(2) લેખક પુસ્તક સંદર્ભે શા માટે નિશ્ચિંત હતા ?

(3) ભોજન-સમારંભમાં લેખક શા માટે કશું ખાઈ શક્યા નહિ ?

(4) નેતાએ લેખકના પુસ્તક અંગે શો પ્રતિભાવ આપ્યો ?

(5) લેખક 'કિન્તુ' શબ્દને કુટિલ શા માટે કહે છે ?

**4. વિવરણાત્મક નોંધ લખો :**

(1) अभियोग:

(2) किन्तुकुन्त:

(3) अधिकारभुक्ता

**5. નીચેનાં વાક્યો કોણ બોલે છે તે કૌંસમાં આપેલાં પાત્રોમાંથી શોધીને લખો :**

(न्यायाधीश:, नेता, वैद्य:)

(1) अत: सम्प्रति न्याय: स्थगित:।

(2) पुस्तकं ते वस्तुत: एव अद्भुतं निर्मितम् अस्ति।

(3) किन्तु गरिष्ठपदार्थानां भोजनं निषिद्धमस्ति।

•

# 13. हनूमद्भीमसेनयोः संवादः

[**પ્રસ્તાવના :** દક્ષિણભારતના પ્રસિદ્ધ નગર વારંગળમાં ઈ.સ.ની તેરમી શતાબ્દીની આસપાસ થઈ ગયેલા મનાતા વિશ્વનાથ કવિએ રચેલું सौगन्धिकाहरणम् એકાંકી વ્યાયોગ છે. વ્યાયોગ પ્રકારનાં રૂપકમાં સ્ત્રીપાત્રો હોતાં નથી અથવા હોય, તો તે ખૂબ જ અલ્પ પ્રમાણમાં હોય છે. પુરુષપાત્રો અનેક હોય છે. નાયક પ્રખ્યાત હોય છે અને તે કોઈ રાજર્ષિ કે દિવ્યપુરુષ હોય છે. મુખ્ય રસ તરીકે વીર રસ હોય છે. આ રીતે નાટ્યશાસ્ત્રીય ગ્રંથોએ વ્યાયોગ નામના રૂપકનાં જે લક્ષણો આપ્યાં છે, તેને અનુરૂપ આ सौगन्धिकाहरणम् નામનું રૂપક વ્યાયોગ છે.

આનું કથાવસ્તુ ઘણું અલ્પ છે. દ્રૌપદીને ક્યાંકથી અચાનક સૌગન્ધિકા નામનું પુષ્પ મળી જાય છે. એનાં રૂપ અને સુગંધ જોઈને દ્રૌપદીને આવાં બીજાં પુષ્પો મેળવવાની ઈચ્છા જાગે છે. ભીમ દ્રૌપદીની આ ઈચ્છા પૂરી કરવા માટે નીકળે છે. માર્ગમાં એક ગાઢ વન આવે છે. આ વનમાં હનુમાન (સંસ્કૃતમાં हनु (पुं.) અને हनू (स्त्री.) એમ બે શબ્દો છે અને બંને વપરાય છે. ગુજરાતી ભાષામાં હનુ (હ્રસ્વ ઉકારાન્ત) શબ્દ વપરાય છે.) વસે છે. અહીં બંનેની મુલાકાત થાય છે. હનુમાન તો, ભીમને ઓળખી લે છે, પણ ભીમ હનુમાનને ઓળખી શકતા નથી. બંને વચ્ચે મધુર વાગ્યુદ્ધ થાય છે.

પ્રસ્તુત પાઠમાં હનુમાન અને ભીમસેન વચ્ચે થયેલા હાસ્યપ્રેરક સંવાદોવાળું આ દૃશ્ય મૂળ ગ્રંથમાંથી સંપાદિત કરીને અહીં પ્રસ્તુત કરવામાં આવ્યું છે.]

---

**भीमसेनः** – (अग्रे निरूप्य) अये ! शाखामृगः कोऽपि पन्थानमधितिष्ठति। आश्चर्यम् आश्चर्यम्। (सविस्मयम्) बाढम् अदृष्टपूर्वोऽयं प्रकारः प्लवङ्गमेषु, यद् अवलोकनेऽपि असम्भ्रान्तनिश्चला सैवेयमस्यासिका। कः पुनः अस्य धैर्यस्य हेतुरिति न जानामि। तत्किमेतत् ?

**हनूमान्** – (आत्मानं निर्वर्ण्य)

किञ्चास्य दर्शनमदोत्थितमक्षिबाष्पं
शक्नोमि न स्थगयितुं पुलकं च गात्रे॥

अथवा कञ्चित्कालम् अवतिष्ठे।

युक्तमेव मया स्थातुं न तावदुपगूहितुम्।
अज्ञातपूर्वसम्बन्धः किं वक्ष्यत्ययमेव माम्॥

**भीमसेनः** – तिर्यञ्चोऽप्यस्य पुरश्चोरयति मम हृदयमवष्टम्भः।

**हनूमान्** – (भीमं प्रति ससंरम्भम्) भोः! किं त्वदीयेन चेष्टितेन एष संक्षोभः काननभुवाम्।

**भीमसेनः** – अथ किम्। (साश्चर्यम्, आत्मगतम्) अहो धार्ष्ट्यं वानरस्य। (प्रकाशम्) किमत्र भवतः संरम्भः।

**हनूमान्** – वनान्यमूनि वृत्तिं नः कल्पयन्ति फलैर्द्रुमैः।
तदेषां परतः पीडा युज्येत किमुपेक्षितुम्॥

**भीमसेनः** – ततः किम्।

**हनूमान्** – तत एव खलु मया त्वम् इत्थं नियम्यसे।

**भीमसेनः** – अहो वानरः कथम् अस्य नियन्ता वीरस्य।

**हनूमान्** – (विहस्य) वारयामि नयमेव विवृण्वन् सापराधमपि दुर्नयतस्त्वाम्।
प्रत्युत त्वमिदमप्यवजानन्भाषसे परुषमेव किमेतत्॥

**भीमसेनः** – आः कथं शूर इव भवानपि उक्ति-प्रत्युक्तिभिः अस्मान् अतिसन्धत्ते।

**हनूमान्** – अये, वयमरण्यचारिणः। कुतो नाम शौर्यमस्मासु। (विहस्य)

त्वमसि यदि भोः शूरः शूराः न सन्ति कति क्षितौ।

इयम् अनिभृतिः तेभ्यः सन्दर्शिता यदि शोभते।

भवतु। अस्मदीयं देशमुपागतवतः तवातिथेः एकवारम् अतिक्रमोऽपि सोढव्य एव।

**भीमसेनः** – (हसित्वा) भोः साधु निपुणोऽसि, यदुक्तिः क्षमारूपेण परिणमिता।

**हनूमान्** – (स्वगतम्) साधु। सत्यमसौ भरतकुलप्रसूतो वत्सः, यदेवं मृदुभिः वचोभिः अवस्कन्दितस्यापि अस्य प्रकृतिसुलभात् धैर्यात् न विभ्रष्टं चेतः। (प्रकाशम्) भद्र, कस्त्वम् ईदृक्प्रभावः।

**भीमसेनः** – ननु भोः क्षत्रियोऽहम्।

**हनूमान्** – अये किं त्वया इदमभिधेयम्। महाभुजेन आयतवक्षसा त्वद्वपुषा एव किम् एतत् न निवेद्यते ?

**भीमसेनः** – (स्वगतम्) अहो प्रवीणोऽयं कपिः एतावता न प्रतिपद्यते।

**हनूमान्** – भद्र, व्यपदेशतोऽवगन्तुं भवन्तमुत्कण्ठते मे चेतः।

**भीमसेनः** – अपि जानासि पौरवपारिजातम् अजातशत्रुः इति त्रिभुवनविदितं युधिष्ठिरम्।

**हनूमान्** – विदितम्। न किमसौ यः शत्रुभिः अतिबलैः निर्जित्य हृतराज्यः काननम् अधिवसति।

**भीमसेनः** – अहह, शान्तं पापम्, शान्तं पापम्।

ख्यातस्तैस्तैर्भुवि गुणैः प्रभावः क्वापि मीलितः।

कान्तारवास एवास्य किमु ज्ञापकतां गतः॥

भवतु। किमनेन ज्ञातार एवैतदपि जानन्ति।

**हनूमान्** – अत्र भवतः किं नाम पाण्डवेषु पक्षपातः।

**भीमसेनः** – नैवाहम् एको महताम् अमीषाम् के नाम पक्षे न पतन्ति सन्तः।

**हनूमान्** – (स्वगतम्) सत्यमित्थमेव। (प्रकाशम्) तर्हि तेषामन्यतमेन भवितव्यं भवता।

**भीमसेनः** – किमत्र बहुना। (गमनोद्योगम् अभिनीय) मया अतिकालः किमिव अतिपात्यते।

विकृष्यतां पुच्छः। अन्यथा पुरा समुद्रं हनूमान् इव त्वां विलङ्घ्य गच्छामि।

**हनूमान्** – (आत्मगतम्) अवसरः अयम् आत्मानं प्रकाशयितुम्। (सहर्षम्) वत्स, एष अहं हनूमान् तवाग्रजन्मा। आगच्छ गाढमालिङ्ग्य चिरनिबद्धं मे मनोरथं पूरय।

(उभौ परस्परं गाढम् आलिङ्गतः)।

## ટિપ્પણી

**निरूप्य ( नि + रूप् + क्त्वा > य सं.भू.कृ. )** જોઈને, નિરૂપીને **शाखामृगः** વાનર **( પર્યાય - वानरः, कपिः ) पन्थानम् ( पथिन् द्वि.ए.व. )** માર્ગને **अधितिष्ठिति ( अधि + स्था व. अ. ए.व. )** ઊભા રહે છે. **अदृष्टपूर्वः ( दृष्टः पूर्वः यः सः - दृष्टपूर्वः ( बहु. ) न दृष्टपूर्वः - नञ् त. )** પહેલાં ન જોયો હોય તેવો, પહેલી વાર જોયેલો **प्लवङ्गमेषु** વાંદરાંઓમાં

**असम्भ्रान्तनिश्चला ( असम्भ्रान्ता च सा निश्चला - कर्म. )** ગભરાટ વગર અને સ્થિર **आसिका** બેઠક **हेतुः** કારણ **निर्वर्ण्य** ધ્યાનપૂર્વક જોઈને **दर्शनमदोत्थितम्** જોવાની ખુશીથી ઉત્પન્ન થયેલું **अक्षिबाष्पम्** આંખનાં આંસુ **स्थगयितुम्** અટકાવવા માટે **पुलकम्** રોમાંચ **अवतिष्ठे** ઊભો રહીશ. **उपगूहितुम्** છુપાવવા માટે **अज्ञातपूर्वसम्बन्धः ( अज्ञातपूर्वः चासौ सम्बन्धः - कर्म. )** અગાઉ જાણ્યો ન હોય તેવો સંબંધ **वक्ष्यति** કહેશે. **तिर्यञ्चः** પ્રાણીનું **अवष्टम्भः** ધૃષ્ટતા, ઘમંડ **ससंरम्भम्** ઉગ્રતા સાથે, ગભરાટ સાથે **संक्षोभः** ખળભળાટ **काननभुवाम्** વનપ્રદેશના **धार्ष्ट्यम्** ધૃષ્ટતા, નફટાઈ **संरम्भः** ગભરાટ **अमूनि ( अदस् ( नपुं. ) प्र.ब.व. )** આ બધાં **कल्पयन्ति ( कल्प् व. अ. ब.व. )** બનાવે છે. રચે છે. **द्रुमैः ( वृक्षः, पादपः )** વૃક્ષો વડે **युज्येत ( युज् विधि. अ. ए.व. )** યોગ્ય રહે. વ્યાજબી ઠરે. **उपेक्षितुम् ( उप + ईक्ष् + तुम्, हे.कृ. )** અવગણના કરવા માટે, ઉપેક્ષા કરવા માટે **नियम्यसे ( नि + यम् कर्म. व. म.ए.व. )** રોકવામાં આવી રહ્યા છે, રોકી રહ્યો છે **वारयामि ( वार् व. उ. ए.व. )** રોકું છું. અટકાવું છું. **नियन्ता ( नियन्तृ प्र. ए.व. )** રોકનાર, નિયંત્રક **नयम्** નીતિને **विवृण्वन्** પ્રગટ કરતો **दुर्नयतः** અનીતિથી **प्रत्युत** છતાંય **अवजानन्** જાણતો **परुषम्** કઠોર **उक्ति-प्रत्युक्तिः ( उक्तिः च प्रत्युक्तिः च, ताभिः - इ.द्व. )** ઉક્તિઓ અને પ્રત્યુક્તિઓ વડે **अतिसन्धत्ते ( अति + सम् + धा व.का. अ.ए.व. )** છેતરે છે. ચાલાકી કરે છે. **अरण्यचारिणः** વનમાં ફરનાર **क्षितौ** પૃથ્વીમાં **अनिभृतिः** સાહસ, ધૃષ્ટતા **उपागतवतः** પાસે આવેલાને **अतिक्रमः** અતિક્રમણ, મર્યાદાભંગ **सोढव्यः** સહેવા યોગ્ય **निपुणः** હોશિયાર ( પર્યાય - **कुशलः, दक्षः, चतुरः** ) **परिणमिता** બદલાઈ છે **भरतकुलप्रसूतः** રાજા ભરતના કુળમાં જન્મેલો **वचोभिः** વાણીથી **अवस्कन्दितस्य** આક્રમણ કરનારનું **प्रकृतिसुलभात्** કુદરતી રીતે સુલભ એવા (ધૈર્ય)થી **विभ्रष्टम्** ચલિત થયેલું **चेतः** મન **ईदृक्प्रभावः ( ईदृक् चासौ प्रभावः - कर्म. )** આવા પ્રભાવવાળો, પ્રભાવશાળી **अभिधेयम्** કહેવા યોગ્ય **महाभुजेन** મહાન ભુજાવાળા **आयतवक्षसा** વિશાળ છાતીવાળા **वपुषा** શરીર વડે ( પર્યાય - **शरीरम्, देहः, कायः** ) **निवेद्यते** જણાઈ આવે છે **एतावता** આટલાથી **प्रतिपद्यते** જણાઈ આવે છે. **व्यपदेशतः** નામથી **अवगन्तुम् ( अव + गम् + तुम् हे.कृ. )** જાણવા માટે **उत्कण्ठते ( उत् + कण्ठ् व. अ. ए.व. )** ઉત્કંઠા પામે છે **पौरवपारिजातम् ( पौरवाणां पारिजातः, तम् - ष.त. )** પૌરવવંશમાં પારિજાત જેવાને **अजातशत्रुः ( न जातः शत्रुः यस्य सः - बहु. )** જેનો કોઈ શત્રુ જન્મ્યો નથી તેને, યુધિષ્ઠિરને **त्रिभुवनविदितम् ( त्रिभुवनेषु विदितम् - स.त. )** ત્રણેય લોકમાં જાણીતા **विदितम् ( विद् + क्त > त क.भू.कृ. )** જાણેલું **निर्जित्य ( निर् + जि + क्त्वा > त्य सं.भू.कृ. )** પરાજિત થઈને **हृतराज्यः ( हृतं राज्यं यस्य सः - बहु. )** જેનું રાજ્ય પડાવી લેવાયું છે તે **काननम्** વન **भुवि ( भू ( स्त्री. ) स.ए.व. )** પૃથ્વી પર **मीलितः ( मील् + क्त > त क. भू.कृ. )** મળી ગયો **कान्तारवासः ( कान्तारे वासः - स.त. )** વનમાં નિવાસ **ज्ञापकतां गतः** જાણકારીમાં આવી ગયો. **ज्ञातारः** જાણકારો **महताम्** મહાન લોકોના **अमीषाम् ( अदस् सर्व.( पुं. ) ष.ब.व. )** આમના **पतन्ति** આવી જાય. **सन्तः ( सत् ( पुं. ) प्र.ब.व. )** સજ્જનો **तेषाम् अन्यतमेन** તેઓમાંના કોઈ એક **भवितव्यम्** હોવું જોઈએ. **गमनोद्योगम् ( गमनस्य उद्योगम् - ष.त. )** જવાનો ઉપક્રમ **अभिनीय ( अभि + नी + क्त्वा > य सं.भू.कृ. )** અભિનય કરીને **अतिकालः** વધારાનો સમય **अतिपात्यते ( अति + पत् ( प्रे. ) क.प्र. व. अ.ए.व. )** વીતાવવામાં આવી રહ્યો છે **विकृष्यताम् ( वि + कृष् क.प्र. आज्ञार्थ. अ. ए.व. )** હટાવી લે. દૂર ખસેડી લે. **विलङ्घ्य ( वि + लङ्घ् + क्त्वा > य सं.भू.कृ. )** ઓળંગીને **प्रकाशयितुम् ( प्र + काश् ( प्रे. ) + तुम् हे.कृ. )** પ્રગટ કરવા માટે **अग्रजन्मा ( अग्रे जन्म यस्य सः - बहु. )** મોટો ભાઈ **परिरभ्य ( परि + रभ् + क्त्वा > य सं.भू.कृ. )** ભેટીને **चिरनिबद्धम् ( चिरेण निबद्धम् - तृ.त. )** લાંબા સમયથી બંધાયેલા.

## સન્ધિ

कोऽपि (कः अपि)। अदृष्टपूर्वोऽयम् (अदृष्टपूर्वः अयम्)। अवलोकनेऽपि (अवलोकने अपि)। सैवेयमस्यासिका (सा एव इयम् अस्य आसिका)। हेतुरिति (हेतुः इति)। वक्ष्यत्ययमेव (वक्ष्यति अयम् एव)। तिर्यञ्चोऽप्यस्य (तिर्यञ्चः अपि अस्य)। पुरश्चोरयति (पुरः चोरयति)। वनान्यमूनि (वनानि अमूनि)। फलैर्द्रुमैः (फलैः द्रुमैः)। तत एव (ततः एव)। त्वमिदमप्यवजानन् (त्वम् इदम् अपि अवजानन्)। शूर इव (शूरः इव)। कुतो नाम (कुतः नाम)। सोढव्य एव (सोढव्यः एव)। निपुणोऽसि (निपुणः असि)। कस्त्वम् (कः त्वम्)। ख्यातस्तैस्तैर्भुवि (ख्यातः तैः तैः भुवि)। ज्ञातार एवैतदपि (ज्ञातारः एव एतत् अपि)॥

## વિશેષ

**1. अजातशत्रुः** પાંડુપુત્ર યુધિષ્ઠિર ધર્મરાજ તરીકે પ્રસિદ્ધ છે. તેમનું અન્ય એક નામ અજાતશત્રુ પણ છે. યુધિષ્ઠિર સૌ પ્રત્યે મિત્રતાનો ભાવ ધરાવતા હતા. તેમને કોઈના પ્રત્યે શત્રુભાવ ન હતો કે ન તેમના હૃદયમાં કોઈના પ્રત્યે દ્વેષ હતો. કૌરવપક્ષના દુર્યોધનનું વર્તન યુધિષ્ઠિર પ્રત્યે અત્યંત ખરાબ રહ્યું હતું, છતાં યુધિષ્ઠિર તો તેને પોતાનો ભાઈ જ માનતા હતા અને તે પ્રમાણેનો વ્યવહાર કરવા સદૈવ તત્પર રહેતા હતા. આ બધાં કારણોથી તેમનો કોઈ શત્રુ જ નથી, એવી માન્યતા લોકોમાં દૃઢ થતી રહી અને તેને આધારે તેમનું આ અજાતશત્રુ નામ પ્રસિદ્ધિ પામ્યું.

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) भीमसेनस्य पन्थानं कः अधितिष्ठिति ?

(क) वनराजः (ख) शाखामृगः (ग) गजराजः (घ) सिंहशिशुः

(2) कस्य चेष्टितेन काननभुवां संक्षोभः जायते ?

(क) वानरस्य (ख) युधिष्ठिरस्य (ग) भीमस्य (घ) समुद्रस्य

(3) कीदृशो युधिष्ठिरः काननम् अधिवसति ?

(क) जितशत्रुः (ख) जितराज्यः (ग) हृतशत्रुः (घ) हृतराज्यः

(4) पुरा काले हनूमता किं लङ्घितम् ?

(क) पृथिवी (ख) अरण्यम् (ग) हिमालयः (घ) समुद्रः

**2. एकेन वाक्येन संस्कृतभाषया उत्तरत ।**

(1) वनचराणां संक्षोभहेतुः किम् अस्ति ?

(2) वनचराः कथं वृत्तिं कल्पयन्ति ?

(3) कः पौरवपारिजातः अस्ति ?

(4) हनूमान् कस्य अग्रजन्मा ?

**3. સસંદર્ભ સમજાવો :**

(1) अहो, धार्ष्ट्यं वानरस्य।

(2) तदेषां परतः पीडा युज्यते किमुपेक्षितम्।

(3) अये, वयमरण्यचारिणः। कुतो नाम शौर्यमस्मासु।

**4. पर्यायपदानि लिखत ।**

(1) शाखामृगः

(2) काननम्

(3) निपुणः

(4) द्रुमः

(5) चेतः